कर भला होगा भला
- છગનભા



વર્ષ : 12 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2022
સળંગ અંક : 67

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

'શિક્ષક-ઋષિ દાઉદભાઈ ઘાંચીએ શિક્ષણની અનંત શક્યતાઓ તાગી છે અને એમના વિદ્યાર્થી હોય કે તાલીમાર્થી હોય, એ સહુ કોઈમાં મૌલિક દૃષ્ટિથી કિંતુ શિસ્તબદ્ધ રીતે અભ્યાસ કરવાની અનંત શક્યતાઓની ક્ષિતિજ ઉઘાડી આપી છે. ગુજરાત જે કેટલાક મૂઠી ઊંચેરા શિક્ષકોથી ઊજળું છે, એમાંના એક તે શિક્ષકત્વથી શોભતા ડૉ. દાઉદભાઈ ઘાંચી છે. શિક્ષણ પામવા માટે કેટલી જહેમત ઉઠાવવી પડે અને શિક્ષણ આપવા માટે કેટલી મહેનત કરવી પડે એનો આદર્શ દાઉદભાઈએ આપણને આપ્યો છે. આ એક એવા શિક્ષક છે કે જેમણે ગુજરાતને સાચા શિક્ષકત્વની ઓળખ આપી.'

**- કુમારપાળ દેસાઈ**

*

'અંગ્રેજી ભાષાના ઉત્તમ શિક્ષક, પ્રયોગશીલ શિક્ષક-પ્રશિક્ષક, બી.એડ્. કૉલેજના સમર્થ પ્રાચાર્યશ્રી અને પ્રયોગશીલ કેળવણીકાર દાઉદભાઈસાહેબ તેમના હજારો વિદ્યાર્થીઓના હૃદયમંદિરમાં આજે પણ જીવંત જ નહિ પ્રેરક પણ બની રહેલ છે. ...ભણતાં ભણતાં ભાવ જાગે કે અધ્યાપક તો દાઉદભાઈસાહેબ જેવા જ થવાય. શૈક્ષણિક પ્રયોગો અને નવરચના સાથે તેનો વ્યાપ વધારવામાં તેમજ સત્ત્વશીલ શિક્ષણ દ્વારા સમાજસેવાનો પણ વ્યાપ વધારવામાં ડૉ. દાઉદભાઈસાહેબ જનહૃદયમાં હંમેશાં સ્મરણીય બની રહેશે.'

**- મનુભાઈ જે. પટેલ**

*

'શાળાઓ શામાટે બનાવવામાં આવી હતી, તે શાળાઓને યાદ જ નથી રહ્યું ! એટલે વિદ્યાર્થીઓને બોરિંગ વિષયો, બોરિંગ પદ્ધતિથી ભણાવી, અને પછી બોરિંગ એક્ઝામ લઈ માર્કશીટનાં કાગળિયાં હાથમાં પકડાવી દે છે ! ...જરા સત્યની શોધ કરો. તમારી આજુબાજુ જે લોકો ખૂબ સફળ લાગે છે, સરસ જિંદગી જીવે છે તેમને પૂછો – તેમનું શાળા-કૉલેજનું શું પરિણામ આવ્યું હતું ? શું તેઓની સફળતા એક્ઝામ, રિઝલ્ટને કારણે છે ? કે તેમનું મનગમતું કામ કરવાને, સખત મહેનત કરવાને, સતત શીખતાં રહેવાને આભારી છે ? પરીક્ષાના માર્ક્સ સાથે જીવનનો કોઈ સંબંધ નથી. તમે ધારો તેવું તમારું જીવન ઘડી શકો છો.'

**- ડૉ. મફતલાલ પટેલ**

*

'આપણા જેવા દેશમાં જ્યાં સુધી શિક્ષણનો વ્યાપ વધશે નહીં અને જ્યાં સુધી પ્રજા પોતાના હક્કો વિશે સભાન નહીં બને ત્યાં સુધી ધર્મ, જાતિ અને કોમના નામે ભાગલા પાડીને રાજકારણીઓ પ્રજાને છેતરતા જ રહેવાના છે. ગમે તે પક્ષની સરકાર બને, પણ પ્રજાની પીડા સમજવાની કોઈને પડી નથી'

**- ભૂપેન્દ્ર શાહ**





સર્વ વિદ્યાલય, કડીમાં રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે મંડળના મંત્રીશ્રી જગદીશભાઈ પટેલ રાષ્ટ્રધ્વજ ફરકાવી રહ્યા છે તે પ્રસંગનું દશ્ય.



સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગરમાં રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક-પર્વની ઉજવણી નિમિત્તે મંડળના દાતા શ્રી ભગુભાઈ પટેલ રાષ્ટ્રધ્વજ ફરકાવી રહ્યા છે તે પ્રસંગનું દશ્ય



કડી કેમ્પસમાં મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે...



ગાંધીનગર કેમ્પસમાં મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે...



દાતાશ્રી ભગુભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે...






સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સદ્‌ગત ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલની સ્મૃતિમાં ૧૧મી રક્તદાન શિબિર પ્રસંગે મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને અન્ય મહાનુભાવો દ્વારા દીપપ્રાકટ્ય કરવા ઉપરાંત રક્તદાનના પ્રતીક એવા ફુગ્ગાઓ આકાશમાં ઉડાડવામાં આવ્યા હતા તે પ્રસંગનાં બે દશ્યો.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૨, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૨; સળંગ અંક : ૬૭

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ઇતિહાસવિદ ડૉ. ઈશ્વરલાલ ઓઝા — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર ઇતિહાસની અટારીએથી : સાડા પાંચ દાયકા બાદ — ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી' ૧૦

૨. અદ્દ્ભુત પરિવારના સર સી. વી. રામન — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૧૨

૩. ગઈ સદીના મહાન ન્યાયાધીશ ક્રિષ્ણા આયર — શરદભાઈ પી. શાહ ૨૪

૪. ગ્રામશાળા ક્ષમતા અને વ્યાપના પ્રોત્સાહક ડૉ. દાઉદભાઈ — મનુભાઈ જે. પટેલ ૩૧

૫. ભરૂચની ભવ્યતા — ડૉ. નરોત્તમ વાળંદ ૩૪

૬. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ ૩૭

- શિક્ષણવિકાસના ધ્રુવતારક ડૉ. દાઉદભાઈ ઘાંચી / પરામર્શન : કુમારપાળ દેસાઈ; સંપાદકો : ડૉ. ફારૂક ઘાંચી, પ્રીતિ શાહ અને હિના શુકલ
- હારું તો હું નહીં / કુમારપાળ દેસાઈ
- ગાંધીજીની શિક્ષણયાત્રા : પ્રાથમિકથી મેટ્રિક સુધી / ડૉ. મફતલાલ પટેલ
- પાછું વળીને જોઉં તો..... / ભૂપેન્દ્ર શાહ

૭. સંસ્થા સમાચાર ૪૬

- યુનિવર્સિટી / કૉલેજ વિભાગ
- શાળા વિભાગ


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ઇતિહાસવિદ ડૉ. ઈશ્વરલાલ ઓઝા

વ્યવસાયે ગ્રંથાલયી અને ઇતિહાસ વિષયમાં રસ-રુચિ ધરાવતો હોવાથી પ્રો. ડૉ. ઈશ્વરલાલ ઓઝાના નામ અને તેમની વિદ્યાકીય પ્રવૃત્તિઓ - સવિશેષતઃ 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક', 'પથિક', 'અખંડઆનંદ', 'સામીપ્ય', 'પુસ્તકાલય', 'સમર્પણ', 'નવનીત' વગેરે સામયિકોમાં પ્રગટ થતા તેમના લેખો અને પુસ્તકોથી પ્રાયઃ પાંચ દશકથી સુપરિચિત છું. જોકે તેમની સાથે પ્રત્યક્ષ મુલાકાત પાટણ યુનિવર્સિટીમાં 'યુનિવર્સિટી લાઇબ્રેરિયન' તરીકે વર્ષ ૧૯૯૧માં જોડાયા બાદ થતાં. તેમના સાહિત્ય તથા વ્યક્તિત્વથી અંતરંગ પરિચય કેળવાતો ગયો, જે આજે પરિપક્વ બની મહોરી રહ્યો છે. આ ઉપરાંત તેમના પીએચ.ડી.ના વિદ્યાર્થી એવા મારા સ્નેહીમિત્ર અને એક સંવેદનશીલ અને વિદ્યાર્થી-વત્સલ પ્રા. લલિતભાઈ પટેલ (હાલમાં, પી. કે. કોટાવાળા આર્ટ્સ કૉલેજના પ્રિન્સિપાલ) સંશોધનકાર્ય હેતુ પાટણ યુનિવર્સિટી ગ્રંથાલયના - સાંડેસરા સંગ્રહમાં કલાકો પસાર કરતા તે સમયે તેમના વિષય અને માર્ગદર્શક પ્રાધ્યાપક ડૉ. ઓઝાસાહેબ વિશે અહોભાવપૂર્વક જે વાતો કરતા તેનાથી પણ પ્રભાવિત થયો હતો. વળી, એક ગ્રંથાલયી અને અધ્યાપક એ એક સિક્કાની બે બાજુ સમાન છે - એકના સહકાર વિના બીજો અધૂરો બની રહે છે. આ ન્યાયે ગ્રંથપાલ - અધ્યાપકની વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો સાહજિક છે. અમારી વચ્ચે ભારત અને સવિશેષતઃ ગુજરાતના ઇતિહાસ વિષયક પુસ્તકો અને ઇતિહાસકારોની ચર્ચામાં/મારી પૃચ્છામાં તેઓશ્રી આકંઠ અભ્યાસી અને તરોતાજા જોવા મળ્યા છે. અને

તેથી જ જે તે ઇતિહાસકાર કે ઇતિહાસ વિષયનાં પુસ્તકોની વિશેષતાઓ અને મર્યાદાઓ તરફ પણ સાધિકાર અગુલિનિર્દેશ કરતા જોવા મળ્યા છે. આ પાછળ તેમની સ્વાધ્યાયનિષ્ઠા અને નવરાશની પળો ગ્રંથાલયમાં વીતાવવાનું વલણ જ ઉત્તરદાયી છે, જે ઉદાહરણસ્વરૂપ બની રહે છે. પ્રવર્તમાન સમયમાં મોટા ભાગના અધ્યાપકો નિયત નિવૃત્તિકાળપૂર્વેથી જ નિવૃત્ત બની રહે છે ત્યારે ડૉ. ઈશ્વરલાલ ઓઝા આજે નિવૃત્તિનાં પ્રાયઃ બે દશક પૂર્ણ કરવા છતાં પણ વાંચન અને લેખન ક્ષેત્રે સતત પ્રવૃત્ત બની રહી કેટલાક અધૂરા પ્રકલ્પો પૂર્ણ કરવા પ્રતિબદ્ધત્તા સાથે પ્રવૃત્તિશીલ બની રહયા છે. આજે પણ ઇતિહાસના સંશોધકો અને અધ્યાપકો તેમના નિવાસસ્થાને માર્ગદર્શન માટે આવન-જાવન કરતા જોવા મળે છે. આ સાથે નોંધવું રહ્યું કે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર ક્ષેત્રની કૉલેજોના ઇતિહાસના અધ્યાપકો સાથે ક્વચિત્ થયેલી મુલાકાતો અને તેમના લેખો/પુસ્તકોમાંથી પસાર થવાનું થતાં જણાયું છે કે ઉત્તર ગુજરાતના ઇતિહાસના અધ્યાપકોમાં ડૉ. ઈશ્વરલાલ ઓઝા આજે એક મૂઠી ઊંચેરા તપઃપૂત સ્વાધ્યાયશીલ અધ્યાપક અને સંશોધક તરીકે બેમિસાલ છે - એક માઈલસ્ટોન છે, જેની પ્રતીતિ તેમનાં સંશોધનશીલ લેખો અને પુસ્તકોથી સહજમાં થાય છે.

ડૉ. ઈશ્વરભાઈ એક કર્મઠ અધ્યાપક હોવાની સાથે સાથે આપણા આર્ષગ્રંથ **'શ્રીમદભગવદ્ગીતા'**ને ખરા અર્થમાં અભિપ્રેત :

**સમદુઃખસુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાંચનઃ ।**
**તુલ્યપ્રિયાપ્રિયો ધીરસ્તુલ્યનિંદાત્મસંસ્તુતિઃ ॥**

**માનાપમાનયોસ્તુલ્યસ્તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।**
**સર્વારંભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥**

**(અધ્યાય ૧૪ : ૨૨ - ૨૫)**

એવું ગુણાતીત વ્યકિતત્વ પણ ધરાવે છે. અને તેથી જ મામકા ચ પાંડવાશ્વના ભાવથી દૂર રહી અજાણ્યાને પણ મદદ કરવા સદાય તત્પર અને અજાતશત્રુ હોવાથી અધ્યાપક-સમાજની સાથે જ જાહેર સમાજજીવનમાં પણ સૌના નિર્વ્યાજ સ્નેહાદરના અધિકારી બની રહ્યા છે. જેની પ્રતીતિ તેમના વિદ્યાર્થીઓએ રજૂ કરેલાં તેમની સાથેનાં સંસ્મરણો થકી થાય છે. આ સંદર્ભે તેમના પીએચ.ડી.ના વિદ્યાર્થી રહી ચુકેલા અને હાલમાં ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. અરુણ વાઘેલાએ નોંધ્યું છે કે 'હું પીએચ.ડી.નું રજિસ્ટ્રેશન કરાવવા માટે ચારેકોર યુનિવર્સિટીઓમાં હડિયાપટી કરતો હતો પણ વિવિધ કારણો અને ખાસ તો રૂપાળા બહાના હેઠળ મને નકાર જ મળતો હતો. મેં મારી વેદના ડૉ. આઈ.જી.ઓઝાસાહેબ સમક્ષ મૂકી... તેઓએ તરત જ પાટણ યુનિવર્સિટીમાંથી ફોર્મ લઈ ભરી, તેમની સહી અને શીર્ષક માટે એમ. એન. કૉલેજ, વિસનગર આવવા સૂચવ્યું. હું તેમને અનુસર્યો અને તેમનો વિદ્યાર્થી બન્યો.... ડૉ. આઈ. જી. ઓઝાસાહેબે ગુજરાતના કોઈ પણ ધર્મ, જ્ઞાતિના વિદ્યાર્થીઓ હોય તે બધાંને સમદષ્ટિએ જોયાં છે અને માર્ગદર્શન આપ્યું છે. જે સર્વત્ર મળવું મુશ્કેલ છે.' આ ઉપરાંત તેમણે 'સૌરાષ્ટ - કચ્છ ઇતિહાસ પરિષદ'ના સ્થાપક મંત્રી, વિસનગરના સુવિખ્યાત 'હેમચંદ સાર્વજનિક પુસ્તકાલય'ના વર્ષો સુધી પ્રમુખ, 'વિસનગર સિનિઅર સિટિઝન્સ કાઉન્સિલ'ના મંત્રી તથા પ્રમુખ તથા વિવિધ સામાજિક સંગઠનોમાં એક યા બીજા હોદ્દા ઉપર આમંત્રિત થતાં આપેલ સેવાઓના માધ્યમથી થાય છે. ચૂંટણી યા સ્પર્ધાથી સાવ અલિપ્ત રહેતા ડૉ. ઈશ્વરભાઈના જીવનની - વ્યકિતત્વની આ એક અસાધારણ ઉપલબ્ધિ છે, જે ઉદાહરણસ્વરૂપ હોવાની સાથે અનુકરણીય પણ બની રહે છે.

એક પ્રતિબદ્ધ અને ક્રિયાશીલ (vibrant) અધ્યાપક, સંશોધક અને લેખક તરીકે તેમનું વાંચન - લેખન કોઈ એક વિષયક્ષેત્રની મર્યાદામાં નિબદ્ધ ન રહેતાં ખરાઅર્થમાં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રહ્યું છે, જેની પ્રતીતિ ખુદ ડૉ. ઈશ્વરભાઈ દ્વારા સંપાદિત પોતાની સાહિત્ય-સૂચિના આધારે થાય છે. આ સૂચિ ઉપર દષ્ટિપાત કરતાં આપણે જોઈ શકીએ છીએ કે તેમના દ્વારા આજદિન સુધી ૩૦૦ લેખો, 'ગુજરાતી વિશ્વકોશ'માં ૮૦થી અધિક અધિકરણો, ૨૭ પુસ્તકો, સવિશેષતઃ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી ૧૩ પુસ્તકો, અન્યોના સહયોગમાં સંપાદિત ૬ પુસ્તકો વગેરેના સર્જનનું શ્રેય તેમના શિરે રહે છે. આ બધાં સર્જનોમાં વિષયવૈવિધ્ય પણ બહુવિધ રહ્યું છે. જેમ કે, પ્રદેશ વિશેષની દષ્ટિએ - કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, ગુજરાત, ભારત, અમેરિકા, યુરોપ, એશિયા, રશિયા, ગ્રીસ વગેરે, જ્યારે વિષયની દષ્ટિએ - રાજકીય, બંધારણ, સૈન્ય સામર્થ્ય, સમાજ, ધર્મ, ભાષા-સાહિત્ય, લોકસાહિત્ય, સંસ્કૃતિ-ચિત્રકળા,

શિલ્પસ્થાપત્ય, ભૂગોળ, ઐતિહાસિક પદ્ધત્તિ, પુરાતત્ત્વ, અભિલેખવિદ્યા, સિક્કશાસ્ત્ર, મૂર્તિવિધાન, ખગોળશાત્ર, વ્યાપાર-ઉદ્યોગ, વ્યાપારી માર્ગો, વહાણવટુ અને બંદરો, શિક્ષણ, ગ્રંથાલય, સ્થળનામ, સ્વાતંત્ર્ય સંગ્રામ-૧૮૫૭થી ૧૯૪૭ અને ભારત વિભાજન, ચરિત્રચિત્રણ વગેરે. ઇતિહાસના અધ્યાપક તરીકે ક્રમશઃ ભૂજ (કચ્છ), જૂનાગઢ (સૌરાષ્ટ્ર) અને વિસનગર (ઉત્તર ગુજરાત)ની કૉલેજોમાં નિવૃત્તિપર્યંત સેવાઓ આપતાં આ ત્રણેય પ્રદેશો તથા પોતાના વતન સમી - વઢિયાર પ્રદેશના પ્રાદેશિક અને સ્થળવિશેષ અભ્યાસોમાં પોતાની ફરજ તરીકે આત્મસાત્ કરીને અસાધારણ અને એકલવીર કહી શકાય તેવો રસ દાખવ્યો. અને તે પણ આ બધા પ્રદેશો આંખ અને કાન ખુલ્લાં રાખીને ઇતિહાસ અને પુરાતત્ત્વ વિશેના પોતાના જ્ઞાનને કેન્દ્રમાં રાખીને ધ્યેયનિષ્ઠા સાથે ખૂંદી વળ્યા. ભારે રઝળપાટ કર્યો. આમ કરતાં તેમને કચ્છના રણપ્રદેશના દૂર-સુદૂરના પ્રદેશોમાં જવા માટે વાહનવ્યવહારના અવરોધો કે જૂનાગઢના ગિરનારના વારંવારના આરોહણ-અવરોહણ માટેનો શારીરિક શ્રમ કે પોતાના વતન સમી પ્રદેશની લૂ તેમને ક્યાંય આડે આવ્યાં નથી. ઊલટાનું જે તે પ્રદેશવિશેષ વિશેની અકથિત ઐતિહાસિક-સાંસ્કૃતિક માહિતી મેળવતાં દ્વિગુણિત ઉત્સાહથી શારીરિક અને માનસિક રીતે સતત તરોતાજા અને પ્રવૃત્તિશીલ બની રહ્યા. જેના પરિણામે આ ત્રણેય પ્રદેશો અને સ્થળ-નગર વિશેષ વિશે ઇતિહાસકારની નિષ્ઠા અને ઉત્તરદાયિત્ત્વની સભાનતા સાથે સંખ્યાબંધ લેખો લખી આ પ્રદેશોના ઇતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરવામાં પ્રશંસાપાત્ર કામગીરી કરી છે.

ડૉ. ઈશ્વરભાઈના આ બહુઆયામી અને બહુશ્રુત ખેડાણ પૈકી કેટલાંક લેખો/પુસ્તકોનું વાંચન તથા કેટલાંકનું વિહંગાવલોકન કરતાં એક બાબત ઊડીને સ્પર્શી જાય છે કે, તેમની ઇતિહાસનિષ્ઠા - 'No Document No History' કે ઇતિહાસવિદ કોલિંગવુડે ઇતિહાસકાર પાસે રાખેલી અપેક્ષાઃ "ઇતિહાસકારનું કર્તવ્ય ભૂતકાળને ચાહવાનું નથી, કે તેનાથી મુક્તિ મેળવવાનું નથી. પરંતુ વર્તમાનની સાચી સમજણ માટેની ચાવી મેળવવા વાસ્તે તેણે ભૂતકાળને લગતી યોગ્ય માહિતી તથા સમજ આપવાની છે." કે રમેશકુમાર મજુમદારની શીખ "ઇતિહાસકારે સત્ય, સંપૂર્ણ સત્ય અને સત્ય સિવાય બીજું કશું ન કહેવું જોઈએ." - તેમણે વાસ્તવમાં ખરાઅર્થમાં આત્મસાત્ કરી છે. અને પ્રચલિત પરંપરાગત માન્યતાઓ કે બારોટોની વિગતોને નજરઅંદાજ કરીને ઐતિહાસિક પ્રમાણોના આધારે નિર્ભીક બનીને અર્થાત્ સામે પૂરે તરીને પણ પોતાનું મંતવ્ય જાહેર કર્યું છે. જેની પ્રતીતિ સવિશેષતઃ તેમના શોધપ્રબંધ 'મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ' (૧૯૭૬), 'દીવાન ફત્તેહમહંમદ' (૨૦૦૪) વગેરે ગ્રંથો તથા સ્થળવિશેષ સંબંધી લેખોના માધ્યમથી થાય છે. ઇતિહાસકારની નિષ્ઠાનું પાલન કરતાં તેમણે અપમાનો અને ધમકીઓ પણ સહન કરી હતી, જેની વિગતો ઈશ્વરભાઈએ પોતાના આત્મવૃત્તાંત **'અપેક્ષાથી અધિક'**માં નોંધી છે.

આવો, આવા ગરવા ઇતિહાસવિદ્ અને મૂઠી ઊંચેરા માનવ ડૉ. ઈશ્વરલાલ ઓઝાની ઇતિહાસ - નિષ્ઠા અને તપઃપૂત સ્વાધ્યાયશીલતાની સાહેદી પૂરતા તેમના કેટલાક ગ્રંથોનો રસાસ્વાદ માણીએ :

**૧. મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ : ઈ.સ. ૧૭૭૮થી ૧૮૧૩ (૧૯૮૬).**

પ્રસ્તુત વિષય હેઠળ પ્રા. ઈશ્વરલાલ ઓઝાએ ડૉ. આર. કે. ધારૈયાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ડિગ્રી હેતુ ગુજરાત યુનિવર્સિટીમાં શોધપ્રબંધ રજૂ કરતાં ૧૯૭૬માં તેમને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ શોધપ્રબંધની સંક્ષિપ્ત આવૃત્તિનું પ્રકાશન ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૧૯૮૬માં કરવામાં આવ્યું છે. કચ્છમાં અધ્યાપન (૧૯૭૦-૭૨) દરમિયાન કચ્છના ઇતિહાસ સંદર્ભે સાહિત્યશોધ કરતાં લેખકે અનુભવ્યું કે અંગ્રેજીમાં બે-ત્રણ ગ્રંથો અને ગુજરાતીમાં પ્રશસ્તિમૂલક કેટલાક ગ્રંથો સિવાય કચ્છના વિશુદ્ધ ઇતિહાસ વિશે કોઈ નોંધપાત્ર ખેડાણ થયું નથી. સંશોધન માટે આ અવકાશને ધ્યાને લઈને પ્રસ્તુત વિષય સંદર્ભે સંશોધનકાર્ય હાથ ધરતાં પ્રાથમિક સ્રોતો એવી દસ્તાવેજી સામગ્રી કે જેમાં બૉમ્બે પ્રેસિડેન્સી અને કચ્છ સ્ટેટ વચ્ચે સુંદરજી શિવજી, દીવાન હંસરાજ, કૅપ્ટન સેટન, મહેબૂબરાયનો અહેવાલ, મૌલવી મહમદઅલી, ફત્તેહમહમદ, કૅપ્ટન મેક મુર્ડો વગેરે વચ્ચે થયેલો પત્રવ્યવહાર અને અન્ય આનુસંગિક અહેવાલો, પરિપત્રો વગેરે સમાવિષ્ટ થાય છે તેના અભ્યાસ માટે રાષ્ટ્રીય અભિલેખાગાર (નવી દિલ્હી),

મહારાષ્ટ્ર રાજ્ય અભિલેખાગાર (મુંબઈ), જૂનાગઢ કલેક્ટર કચેરી વગેરેની પ્રસંગોપાત્ત મુલાકાતો લઈ દિવસોના દિવસો સુધી અભિલેખાગારોમાં ગાળવા ઉપરાંત કચ્છપ્રદેશમાં રઝળપાટ કરીને પાળિયાઓ અને અન્ય ઐતિહાસિક સ્મારકોનો અભ્યાસ, કચ્છ-સૌરાષ્ટ્ર - ગુજરાતના ઇતિહાસ ગ્રંથો, બારોટોની વહીઓ, અન્ય પ્રકાશિત સાહિત્ય વગેરેનું પરિશીલન કરીને તથાકથિત કિંવદન્તીઓ, વહીવંચાઓની કે લોકજીભે પ્રચલિત વાતો વગેરેનો સાધનિક પુરાવાઓના આધારે પર્દાફાસ કરીને રાયધણજી બીજાના સમયનો પ્રમાણભૂત ઇતિહાસ આપ્યો છે. વધુમાં રાયધણજી બીજાએ ઇસ્લામ ધર્મ અંગીકાર કરતાં ભારે વગોવાઈ જતાં તેમને થયેલા અન્યાયો દસ્તાવેજી પુરાવાઓના આધારે દૂર કરવા ઉપરાંત મરાઠાઓના કચ્છ સાથેના સંબંધો, દીવાન દેવચંદનું ખૂન અને બારભાયાનું શાસન, હંસરાજને ન્યાય અપાવવો, ફત્તેહમહમદની રાજભક્તિ અને મર્યાદાઓ, કચ્છનો વિદેશ વ્યાપાર, ટીપુ સુલતાન સાથેના સંબંધો, રાયધણજીની પુત્રી કેસરબાઈનાં લગ્ન જૂનાગઢના નવાબ સાથે થવાં અને જૂનાગઢમાં તેનો મકબરો શોધી કાઢવો વગેરે વિશે નવી જ વાતો ઉજાગર કરી આપવામાં આવી છે. આ સાથે જ સામાજિક, ધાર્મિક, આર્થિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોની યથાતથ સ્થિતિ અને આ યુગે મેળવેલ સિદ્ધિઓ, કચ્છના સિક્કાઓ વગેરે વિશે સાધાર વિવેચનાત્મક અભિગમથી આલેખન કરી તત્કાલીન પરિસ્થિતિનો વિગતે ચિતાર આપ્યો છે.

સમગ્ર શોધપ્રબંધને સુગ્રથિત ૧૭ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. આ સાથે ઉપસંહાર ઉપરાંત ખૂબ જ ઉપયોગી એવાં ૬ પરિશિષ્ટો, નકશાઓ, દસ્તાવેજી પુરાવા સમાન ૮ ચિત્રો અને વિસ્તૃત વર્ગીકૃત વાઙ્મયસૂચિ આપવામાં આવી છે. અહીં વિવિધ સ્રોતોના આધારે ૯૦૦ જેટલા વિવિધ સંદર્ભો ઉદધૃત કરી કચ્છનો પ્રમાણભૂત ઇતિહાસ આપ્યો છે. બીજા શબ્દોમાં કહીશું કે ઇતિહાસકાર રાન્કેના વિધાન 'દસ્તાવેજોને પોતાની હકીકત કહેવા દો'ને આત્મસાત્ કરીને દસ્તાવેજોના મુખેથી કચ્છનો ઇતિહાસ રજૂ કર્યો છે. અને તેથી જ કચ્છ વિષયક ઇતિહાસ-ગ્રંથોમાં આ ગ્રંથ મૂઠી ઊંચેરો સાબિત થયો છે. સમગ્રતયા, પ્રસ્તુત શોધપ્રબંધ તેના સંશોધકીય અભિગમ, રજૂઆત, પ્રાથમિક સ્રોતોનો આધાર અને ટાંચણો વગેરેની દૃષ્ટિએ ભાવિ સંશોધકો માટે ઉદાહરણસ્વરૂપ છે, તેમજ લેખકના ઇતિહાસ-ગ્રંથોમાં મુકુટમણિ છે.

## ૨. દીવાન ફત્તેહમહમદ (૨૦૦૪)

અહીં લેખકે કચ્છના યુગપુરુષ દીવાન ફત્તેહમહમદનું પ્રાપ્ત દસ્તાવેજી પુરાવાઓ તથા લોકહૈયામાં - લોકસાહિત્યમાં જીવંત બની રહેલ વિગતોનું સાદ્યંત પરિશીલન કરીને દસ્તાવેજી ચરિત્ર ચિત્રણ તૈયાર કર્યું છે. આ હેતુ ૩૬૨ સંદર્ભો તપાસીને તેનો આધાર રજૂ કર્યો છે. આ ચરિત્રનાયકના માધ્યમથી કચ્છની ૧૭૭૮થી ૧૮૧૩ સુધીના સમયની અસ્થિર રાજકારણની - કાવાદાવાની તાસીર વર્ણવીને દીવાન ફત્તેહમહમદની અનિવાર્ય ઉપસ્થિતિ પ્રસ્થાપિત કરી આપી છે. તેના મૃત્યુ બાદ કચ્છના પગમાં ગુલામીની જંજીરો જડાઈ ગઈ અને કચ્છના સિરતાજ મહારાવ ભારમલજીને કેદ થવું પડ્યું હતું. આ ગ્રંથને ૨૩ સુનિયોજિત પ્રકરણોમાં વિભાજિત કરીને ફત્તેહમહમદની જીવનરેખા વર્ણવવા ઉપરાંત સવિશેષતઃ તેની રાજકીય કુનેહ, કચ્છના મહારાવ પ્રત્યેની - કચ્છ પ્રત્યેની ભક્તિની સાધાર હકીકતો અને મર્યાદાઓ પ્રતિ ઇતિહાસકારની નિષ્ઠા સાથે અંગુલિનિર્દેશ કર્યો છે. આ ચરિત્રગ્રંથ થકી લેખકે દીવાન પ્રત્યે પ્રચલિત ભ્રમણાઓનું સાધાર નિરસન કરીને તેને ન્યાય અપાવીને 'કચ્છના યુગપુરુષ' તરીકે પ્રસ્થાપિત કરી આપ્યો છે, જે યથાર્થ છે. આ ગ્રંથને આવકારતાં ડૉ. કેશુભાઈ દેસાઈના શબ્દો 'ઇતિહાસને એનો લેશમાત્ર ઉપહાસ ન થાય એ રીતે રજૂ કરવામાં લેખકને ધારી સફળતા સાંપડી છે. કચ્છ જેવી ધીંગી ધરાના એક અત્યંત મહત્ત્વના કાલખંડને લેખકે શબ્દસ્થ કરી એ સમયના પર્યાયપુરુષ લેખે દીવાન ફત્તેહમહમદની વિગતવાર તવારીખ આલેખી છે. ઇતિહાસના ટીંબામાં દટાઈ ગયેલાં એક મર્દનાં પગલાં આપણી આંખ સામે ખુલ્લાં કરી આપી લેખકે અત્યંત પ્રશંસનીય કાર્ય કર્યું છે.' જે સુચિંતનીય બની રહે છે.

## ૩. વીરભૂમિ વઢિયારના સ્વાતંત્ર્યસેનાની દેસાઈ ગોવિંદભાઈ ધનુભાઈ (૧૮૯૫-૧૯૬૧) (પ્ર. આ. ૨૦૦૫, દ્વિતીય આ. ૨૦૧૪)

આ એક ઐતિહાસિક - ચરિત્રગ્રંથ છે કે જેમાં લેખકે પોતાના વતન સમી (તા. સમી, જિ. પાટણ) કે જે વઢિયાર પ્રદેશ તરીકે ઓળખાય છે તેના એકલવીર

સ્વાતંત્રસેનાની ગોવાભાઈ દેસાઈ (૧૮૯૫ - ૧૯૬૫) કે જેમણે સમીના દેશી શાસક સામે વર્ષ ૧૯૩૮ થી આઝાદી મળ્યા સુધી ખેડેલ અને વેઠેલ સંઘર્ષની ગાથા વર્ણવવામાં આવી છે. આ એ ગોવિંદભાઈ છે કે જેમણે નવાબી રાજ્યમાં હિંદુ અને મુસ્લિમ ખેડૂતો પાસેથી ઊઘરાવવામાં આવતા મહેસૂલમાં ભેદભાવ તથા વેઠ પ્રથા સામે અવાજ ઉઠાવતાં રાજ તરફથી અનેક પ્રલોભનો તથા ધાક ધમકી આપવા છતાં તેને વશ ન થતાં પટેલની સનદ પરત ખેંચી લઈને તેમના ઉપર રાજદ્રોહનો આરોપ મૂકીને જમીનની જપ્તી કરવા ઉપરાંત ભારે ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ કે અંગ્રેજોએ આઝાદી આપવાની સાથે અખંડ ભારતનું બે રાજ્યોમાં વિભાજન કર્યું તથા તમામ દેશી રાજ્યોને સ્વતંત્ર અને સાર્વભોમ જાહેર કરતાં રાધનપુરના નવાબી રાજ્યની પાકિસ્તાનમાં જોડાવાની હિલચાલ અને આશંકાને ધ્યાને લઈ ગોવિંદભાઈ અને અન્યો દ્વારા રાધનપુર રાજ્ય પ્રજામંડળની સ્થાપના અને આનુષંગિક પ્રવૃત્તિઓ અને અંતતઃ રાધનપુર રાજ્યનું ભારતીય સંઘમાં જોડાવાનું નક્કી થવું અને ત્યાર બાદ ગોવિંદભાઈએ અદના કૉંગ્રેસી કાર્યકર તરીકે હાથ ધરેલ પ્રજાસેવાનાં કાર્યો - દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં અનાજ, કાપડ વહેંચણી, જિલ્લા કન્ઝયુમર્સ સોસાયટીની સ્થાપના વગેરેની સિલસિલાબંધ વિગતો સાધાર વર્ણવી છે. અને છેલ્લે રાજ્ય સરકાર દ્વારા ગોવિંદભાઈએ 'સ્વાતંત્રસેનાની' જાહેર કરવા સુધીના પ્રયાસોના આધારે ૧૯૮૬માં મળેલ સફળતાની વિગતો આવરી લેવામાં આવી છે.

આ ચરિત્રાંકન હેતુ લેખકે ચરિત્રનાયકના સુપુત્ર શ્રી રાજુભાઈ દેસાઈ પાસે સચવાયેલ તમામ રેકર્ડઝ, ગોવિંદભાઈની ડાયરી, દસ્તાવેજો ઉપરાંત રાધનપુર રાજ્ય ગેઝેટ, ગુજરાત રાજ્યના મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાનાં ગેઝેટિયર્સ અને અન્ય સામગ્રી તથા લેખકના દાદા - ઓઝા નાથાલાલ ખુશાલદાસ સ્વયં રાધનપુર રાજ્યના પોલીસ અધિકારી હોવાથી તેમના પરિવારમાં આ સંબંધી થતી ચર્ચાઓનો પણ તેમણે આધાર લીધો છે. ગોવિંદભાઈ ઉપર સીતમ ગુજારનાર પોલીસ અધિકારી જબ્બારમિયાં ફોજદાર કે જે લેખકના દાદાના મિત્ર હતા અને તેમણે પોતાની વૃદ્ધાવસ્થામાં રાધનપુરમાં લેખક સમક્ષ ગુજારેલા સીતમોનો વ્યક્ત કરેલ પશ્ચાત્તાપની નોંધ પણ અહીં સામેલ છે. અહીં ઇતિહાસકાર તરીકે લેખકે આત્મલક્ષીપણાથી પર રહીને દસ્તાવેજોને બોલવા દીધા છે જેની પ્રતીતિ લેખકે નોંધેલ શબ્દો 'મારા પિતામહ [ઓઝા નાથાલાલ ખુશાલદાસ] પણ આસમાની સુલતાનીના જ પુરુષ કર્તા હતા અને સહભાગી હતા તે અમારા કુટુંબની કમનસીબી છે'' (પૃ. ૬૮) ના આધારે થાય છે. આ સાથે જ વઢિયાર પ્રદેશની ઐતિહાસિકતાના પુરાવા સમાન પ્રાપ્ત દાનશાસન-પત્રો, સમીમાં હિન્દુશાસન, બાબીઓનું (મુસ્લિમ) શાસન, સમી પ્રદેશમાં સ્વાતંત્ર્ય સંઘર્ષ વગેરે બાબતોને વણી લેવામાં આવી છે. પરિણામસ્વરૂપે ૧૧ પ્રકરણોમાં વિભાજિત આ ગ્રંથ ગોવિંદભાઈના ચરિત્રના માધ્યમથી વઢિયાર પ્રદેશનો ઇતિહાસ, નાડોદા સમાજની ઉત્પત્તિ અને સ્વાતંત્ર્ય સંગ્રામની દાસ્તાન વર્ણવતો એક દસ્તાવેજી ગ્રંથ બની મહોરી રહ્યો છે.

### ૪. પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસની લેખન પ્રવૃત્તિ (૨૦૦૨)

ઇતિહાસ એટલે શું ? ઇતિહાસ એટલે રાજ્યવંશો કે રાજકીય ઘટનાઓનું જ વર્ણન ? ઇતિહાસ વિશે ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનો કેવા ખ્યાલો ધરાવે છે? પ્રાચીન ભારતમાં ઇતિહાસ લેખનપ્રવૃત્તિ હતી ? જો 'હા' તો તે કેવા પ્રકારની હતી ? વગેરે પ્રશ્નો ઇતિહાસના જાગરૂક અભ્યાસીઓના મનમાં સહજ રીતે ઉદ્‌ભવતા હોય છે. નવ્ય ઇતિહાસવિદો રાજકીય ઘટનાઓ ઉપરાંત સામાજિક / સાંસ્કૃતિક માહિતીના સમાવેશના મતાગ્રહી છે. નવ્ય ઇતિહાસવિદોનો ખ્યાલ સાથે કેટલેક અંશે સમાનતા ધરાવતાં આપણાં પુરાણો, પ્રબંધો વગેરેને ઇતિહાસ ગ્રંથની વ્યાખ્યામાં મૂકી શકાય. વાસ્તવમાં આજે આપણે જેને ઇતિહાસ કહીએ/સમજીએ છીએ તેવા રૂઢ અર્થમાં પ્રાચીન ભારતમાં ઇતિહાસ લેખન થયું જણાતું નથી અને તેથી જ કેટલાક પાશ્ચાત્ય અને ભારતીય ઇતિહાસવિદો સ્પષ્ટ મત ધરાવે છે કે પ્રાચીન ભારતમાં ઐતિહાસિક દૃષ્ટિનો અભાવ હતો. પરંતુ નવ્યઇતિહાસવિદોના ઇતિહાસ વિશેના ખ્યાલોની કંઈક અંશે પૂર્તિ કરતા વિવિધ ગ્રંથોનું લેખન ભારતમાં થયું જ છે. અહીં આ બધા પ્રશ્નોના પ્રત્યુત્તર ડૉ. ઈશ્વરલાલ ઓઝાના 'પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના

ઇતિહાસની લેખન પ્રવૃત્તિ' દ્વારા મળી રહે છે.

લેખકે પ્રાચીન - મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસને વર્ણવતા શતાધિક ઐતિહાસિક, સાહિત્યિક વગેરે ગ્રંથોનો કે જે સંસ્કૃત, પ્રાકૃત, પાલી, ફારસી, ઇંગ્લિશ વગેરે વિવિધ ભાષાઓમાં લખાયેલ છે તેનો તપઃપૂત સ્વાધ્યાય રજૂ કર્યો છે. અહીં આ ગ્રંથોનો માત્ર પરિચય આપવાનો ઉપક્રમ રાખ્યો નથી, પરંતુ પ્રત્યેક ઇતિહાસ લેખકનો અભિગમ પણ સ્પષ્ટ કર્યો છે. પ્રત્યેક ઇતિહાસ ગ્રંથની વિશેષતાઓ અને મર્યાદાઓ પણ રેખાંકિત કરી બતાવી છે. ઉદા. તરીકે અમીર ખુશરોએ 'તારીખે અલ્લાઉદ્દીન ખીલજી'માં ગુજરાત પરની અલ્લાઉદ્દીનના લશ્કરની ચડાઈનો ટૂંકો અહેવાલ આપ્યો છે. ચીલાચાલુ બાબતોને બાદ કરતાં એમાં કાંઈ નવું નથી. ફક્ત સોમનાથની એક મૂર્તિ ગુજરાત વિજયને અંતે અલ્લાઉદ્દીન પાસે દિલ્હી મોકલવામાં આવી હતી. એ બાબત નવી છે'' (પૃ. ૪૩), ''દેવલરાની- ખિઝરખાન ઉર્ફે આશિકા'' મહાકાવ્યની મોટામાં મોટી ખામી એ છે કે દેવળદેવીની સમસ્યા ઉકેલવામાં એ નિષ્ફળ ગયું છે. વળી લેખક પોતે ધર્માંધતાથી પર દેખાતો નથી'' (પૃ. ૪૪), હુસામદ્દીનખાન વિશે નોંધ્યું છે કે ''એનાં વૃત્તાંતો મુસ્લિમ તવારીખકારોની સ્વભાવગત ધર્માંધતાના અત્યુકિતના અંશોને બાદ કરતાં થોડાં આધારભૂત છે'' (પૃ. ૫૩), ગુજરાતના પ્રમુખ ઇતિહાસકાર વિશે જણાવ્યું છે કે ''આમ તો તબાકાતનો લેખક શાણો ઇતિહાસ લેખક ગણાય છે છતાં એ પણ ધાર્મિક પૂર્વગ્રહોથી પર નહોતો'' (પૃ. ૬૪), ''સિકંદરી'' ની વિશેષતા એ છે કે એનો લેખક ગુજરાતી મુસલમાન અને ગુજરાતની ખાસિયતો તથા પરિસ્થિતિથી વાકેફ છે. ભલે એ મજહબે હિંદુ ન હોય છતાં શબ્દે શબ્દે એનો ગુજરાતી તરીકેનો અભિગમ વરતાઈ જાય છે,'' (પૃ. ૬૮), ''જૈન ગ્રંથો ગુજરાતની ઇતિહાસ પ્રવૃત્તિના સીમાસ્તંભ છે. જોકે એમાં વ્યાપક અર્થનું 'ઇતિહાસ ખેડાણ' જોવા મળતું નથી, છતાં તેમાંના કેટલાકનું મહત્ત્વ પ્રાચીન ગુજરાતની ઇતિહાસ સૃષ્ટિમાં વિશેષ છે.'' (પૃ. ૫), 'મધ્યકાલીન મુસ્લિમ તવારીખકારોની માફક જૈનો ધાર્મિક પૂર્વગ્રહથી મુકત ન હતા, કુમારપાળ પછી અજયપાળે ગુજરાતમાં જૈન ધર્મ તરફ પક્ષપાત ન બતાવ્યો તેથી જૈન પ્રબંધોમાં તેની લગભગ દરેક જગ્યાએ ટીકા કરાઈ છે (પૃ. ૬) વગેરે. આમ, લેખકે ઇતિહાસકારને અભિપ્રેત એવી અભ્યાસપ્રીતિથી પ્રેરાઈને સંશોધનમૂલક અભિગમ અપનાવ્યો છે.

પ્રસ્તુત ગ્રંથના આધારે તેટલું સ્પષ્ટ થાય છે કે ગુજરાતના ઇતિહાસ સંબંધી જાણકારી માટે સાધન સામગ્રી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે, પરંતુ 'દ્વયાશ્રય' બાદ કરતાં એક પણ સંસ્કૃત પ્રાકૃત ગ્રંથ રચાયો નથી કે જેમાં ગુજરાતનો અધિકૃત ઇતિહાસ ઉપલબ્ધ હોય. જૈન પ્રબંધો ઘણા બધા છે, પરંતુ ઇતિહાસ અને લોકરંજકતત્ત્વોનું મિશ્રણ કેટલું છે તે સ્પષ્ટ કરવું અઘરું કાર્ય છે. જ્યારે હિન્દુ ગ્રંથકારોની તુલનાએ મુસ્લિમ ઇતિહાસકારોએ ગુજરાતનો વિસ્તૃત ઇતિહાસ વર્ણવ્યો છે. જો કે આ ગ્રંથોમાં ઈસ્લામ પરસ્તી અને મુસ્લિમ વિજેતાઓનાં અતિશયોકિતપૂર્ણ વર્ણનો ભરપૂર માત્રામાં ઉપલબ્ધ છે. સાથે સાથે હિન્દુ શાસકો વિશેનાં વર્ણનો પક્ષપાતપૂર્ણ છે. સમગ્રતયા, ડૉ. ઓઝાએ પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસની લેખનપ્રવૃત્તિ ઉજાગર કરીને ગુજરાતના ઇતિહાસની મોટી સેવા કરી છે. નવોદિત અધ્યાપકો/સંશોધકોને ગુજરાતના ઇતિહાસ વિશે સંશોધન કરવા માટે અનેકવિધ વિષયો તરફ અંગુલિનિર્દેશ કરતો આ ગ્રંથ ઉપાદેય થઈ પડશે. એક જાગરૂક અને અધ્યયનશીલ અધ્યાપક-ઇતિહાસકાર તરીકેની તેમની નિષ્ઠા ધ્યાનાર્હ બની રહે છે.

### ૫. `આપણા ઇતિહાસના ભ્રામકખ્યાલો'(૨૦૧૨)

પ્રસ્તુત ગ્રંથ લેખકનાં ઇતિહાસ સંશોધનરસ, સ્વાધ્યાયનિષ્ઠા અને સવિશેષતઃ સ્થાનિક ઇતિહાસમાં રસ-રુચિનો પરિચાયક બની રહે છે. અહીં ગ્રંથસ્થ લેખો પૈકી ૬ લેખો ગુજરાત, ૭ લેખો રાજસ્થાન અને ૨ લેખો ભારતના ઇતિહાસ સંદર્ભેના છે. આ બધા લેખોમાં જે તે રાજવી કે ઘટના સંબંધી ભાટ-ચારણો કે લોકમુખે ગવાતા રાસડા કે કથાગીતો કે જેને આમજનતાએ સાચા ઇતિહાસ સ્વરૂપે - હકીકત તરીકે સ્વીકારી લીધેલ છે તેવા કથિત ઇતિહાસનો લેખકે ઐતિહાસિક સંસાધનોના માધ્યમથી પર્દાફાશ કરીને પ્રમાણિત હકીકતો સાથે પ્રમાણભૂત ઇતિહાસ પ્રસ્થાપિત કરવા પ્રયાસ કર્યો છે. આ હેતુસર લેખકે અહીં નિરૂપિત પ્રત્યેક ઘટનાના મૂળ સુધી જવા માટે સૌ પ્રથમ પ્રચલિત લોકકથાનાં વિવિધ પાઠાંતરો, તે કયારથી પ્રચલિત થઈ - સમકાલીન કે પરવર્તી કાલીન હસ્તપ્રત ઉપલબ્ધ છે કે કેમ, સમકાલીન અને પરવર્તીકાલીન સાહિત્યિક અને ઐતિહાસિક કૃતિઓ,

અભિલેખો, સિક્કાઓ, હિંદુ-જૈન અને મુસ્લિમ ઇતિહાસકારો- પ્રબંધકારો અને આધુનિકયુગીન ઇતિહાસકારોનાં મંતવ્યો વગેરે ધ્યાને લઈને પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં છે. કોઈ ઘટનામાં હિંદુ અને મુસ્લિમ બંને પક્ષકારો સમ્મિલિત છે ત્યાં બંને પક્ષના ઇતિહાસકારોના ગ્રંથોનો તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કર્યા બાદ જ લેખકે ઉચિત તારણ ઉપર આવવાનું મુનાસિબ માન્યું છે. ઉદા. તરીકે 'રાણી પદ્મિની અને અલાઉદ્દીન ખીલજી'ની ઘટના માટે મલિક મુહમ્મદ જાયસી, નૈણસિંહ, નાહર જતમલ, કક્કસૂરિ, ફિરીસ્તા, હાજી ઉદબીર, અમીર ખુસરો, ઝિયાઉદ્દીન બર્ની, ઈસામી, કર્નલ ટૉડ, ગૌરીશંકર ઓઝા, ડૉ. ઈશ્વરી પ્રસાદ, ડૉ. કે. સી. લાલ વગેરેની કૃતિઓમાં અભિવ્યક્ત મંતવ્યોનો સઘન અભ્યાસ કર્યા બાદ લેખકે નોંધ્યું છે કે ''સાચી વાત તો એ છે કે ભાટ-ચારણોનાં વૃત્તાંત જાયસીના 'પદ્માવત'ના રચનાકાળ પછી અક્ષરદેહ પામ્યાં. ફિરીસ્તાની તવારીખ પણ 'પદ્માવત' પછી લખાઈ છે. વળી ભાટ-ચારણોનાં વૃત્તાંત મેવાડની દંતકથા પર આધારિત છે કે 'પદ્માવત' પર તે કહેવું કઠિન છે. ટૂંકમાં આ પ્રણાલિકાને કોઈ દસ્તાવેજી કે અભિલેખિત આધાર નથી તેથી તેનો ઐતિહાસિક સત્ય તરીકે સ્વીકાર કરી શકાય નહી.''

આપણા ઇતિહાસ પૈકી 'પંચાસર, જયશિખરી અને વનરાજ', 'અલાઉદ્દીન અને રુદ્રમાળ', 'સિદ્ધરાજ, જસમા, રાણકદેવી અને રા'ખેંગાર', પૃથ્વીરાજ ચૌહાણ', 'રાણા સાંગા, બાબર અને હુમાયું', 'મહારાણા ઉદયસિંહ, મહારાણા પ્રતાપ અને અકબર', 'રા'માંડલિક અને પતાઈ રાવળ', 'યુરોપિયન નકશાશાસ્ત્રીઓ' અને 'ભારતના ભાગલા' સંબંધી કેટલાક ભ્રામક ખ્યાલોનું લેખકે સાધાર નિરસન કરીને કેટલીક પ્રસ્થાપનાઓ કરી છે, જેની વિગતો જાણવા માટે મૂળગ્રંથ વાંચવો રહ્યો.

ડૉ. ઓઝાએ આગળ ઉપર ઉલ્લેખિત ભારતના ઇતિહાસ વિશેના કેટલાક ભ્રામક ખ્યાલોનો છેદ ઉડાડીને સાચી હકીકત પ્રજા સમક્ષ ઉજાગર કરવા પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. આ પ્રયાસ પોતાની અંગત માન્યતાઓ કે ખ્યાલોના આધારે નહીં, પરંતુ પ્રાપ્ત ઐતિહાસિક પ્રમાણોને ખપમાં લઈને યથાર્થ ન્યાય આપ્યો છે. આ હેતુસર શતાધિક કૃતિઓ અને છેલ્લામાં છેલ્લા સંશોધનોનું ઝીણવટપૂર્વક અધ્યયન કર્યું છે, જેની પ્રતીતિ પ્રસંગોપાત્તનાં ટાંચણોથી થાય છે, જે તેમના વ્યાપકફલક ઉપરના વાંચન અને ચિંતનની પ્રતીતિ કરાવે છે. ઉપલબ્ધ લોકકથાઓ, તેનાં પાઠાન્તરો અને અલગ અલગ પ્રદેશોમાં તેના પ્રચાર-પ્રસારનું અધ્યયન અને અર્થઘટન દાદ માગી લે તેવું છે. ઉદા. તરીકે જસમા ઓડણની કથા મૂળરાજ સોલંકીના સમકાલીન લાખા ફૂલાણી માટે અને સિદ્ધરાજ માટે સમાન રીતે પ્રચલિત થઈ તે દંતકથા આપણને ઘણુંબધું કહી જાય છે. અર્થાત્ તેને દંતકથા જ કહી શકાય ! ઈરાદાપૂર્વક કે અજાણતાં આ દંતકથા વિદ્યાપ્રેમી રાજર્ષિ જયસિંહ સિદ્ધથરાજને કેટલો બધો અન્યાય કરી રહી છે ?

ઇતિહાસના વિદ્યાર્થીઓ, જિજ્ઞાસુઓ અને ભાવિ સંશોધકોને આ ગ્રંથ ઉદ્દીપનનું કામ કરશે તેમ નિઃશંક કહી શકાય. આ વિષય ઉપર તો એકાદ-બે વિદ્યાર્થીઓ સઘન અધ્યયન-સંશોધન હાથ ધરી કમર કસે તો પીએચ.ડી.ની ડિગ્રી પણ મેળવી શકે. અને તેમનાં સાર્થક સંશોધનોની અવશ્ય નોંધ પણ લેવાય. આમ તો ઇતિહાસકારનું કાર્ય ધૂળ ધોયાનું ગણાય, છતાં આ કાર્ય ઇતિહાસનું મૂળગામી સંશોધન બની રહેશે, તેમ ચોક્કસપણે કહી શકાય.

### ૬. પ્રાચીન કાલનાં ગુજરાતનું સૈનિક સામર્થ્ય (૨૦૧૦)

ગુજરાતનું સૈનિક સામર્થ્ય એ સંશોધકો માટે પ્રાયઃ ઉપેક્ષિત વિષય રહ્યો છે, જેની પ્રતીતિ આ વિષય સંદર્ભે સ્વતંત્ર પુસ્તકના અભાવથી થાય છે. પરંતુ, આ બાબતની પૂર્તિ ડૉ. ઈશ્વરભાઈએ પ્રસ્તુત ગ્રંથ થકી કરી. ગુજરાત ઉપર મુસ્લિમ આક્રમણો સંદર્ભે ખાસ નોંધપાત્ર બાબત એ કે તેના પડોશી રાજ્ય સિંધમાં ઈ.સ. ૭૧૧માં મુસ્લિમ શાસન અસ્તિત્વમાં આવતાં ગુજરાત ઉપર આ શાસકો દ્વારા પ્રસંગોપાત્ત આક્રમણો કરવામાં આવતાં હતાં. આ આક્રમણો પૈકી ઘોઘા (ઈ.સ.૬૭૭), નવસારી (ઈ.સ.૭૨૫), વલભી (ઈ.સ. ૭૫૮, ૭૬૬), ઘુમલી (ઈ.સ. ૭૭૦) વગેરેમાં આક્રમણખોરોને ભારે શિકસ્ત આપવામાં આવી હતી. આ સિવાયનાં વખતોવખતનાં નાનાં-મોટાં આક્રમણોમાં વીરતાપૂર્વક સામનો કરીને મુસ્લિમોનો ઈરાદો પૂરો કરવા દીધો ન હતો. આ ઉપરાંત સોલંકીવંશના શાસન દરમિયાન રાજમાતા નાયિકાદેવીના નેતૃત્વ હેઠળના યુદ્ધમાં મહમ્મદ ઘોરીનું જીવ બચાવવા

ભાગી છૂટવું, અર્થાત્ તેને હરાવવો, ગુજરાતી ભરવાડ ખુસરવ દ્વારા કુતબુદ્દીનની હત્યા કરીને ઈ.સ. ૧૩૨૦માં ચાર માસ અને વીસ દિવસ દિલ્હીના શાસક બનવું વગેરે વિજયો નોંધપાત્ર છે. ગુજરાત ૮મી સદીના પ્રારંભથી ૧૪મી સદીના પ્રારંભ સુધી અર્થાત અલ્લાઉદ્દીન ખીલજીના આક્રમણ પૂર્વે સુધી સામનો કરતું રહ્યું હતું. પરંતુ અલ્લાઉદ્દીન ખીલજીના લશ્કર દ્વારા ગુજરાતના અંતિમ રાજપૂત શાસક કર્ણ વાઘેલાને હરાવીને ગુજરાતને મુસ્લિમ શાસન હેઠળ આણવામાં આવ્યું હતું. જ્યારે ઉત્તર ભારત ઘણાં વર્ષો પૂર્વેથી મુસ્લિમ શાસન હેઠળ આવ્યું હતું. આ દૃષ્ટિએ ગુજરાતીઓએ મુસ્લિમ આક્રમણોનો જે વીરતાપૂર્વક સામનો કર્યો હતો તે દ્રષ્ટવ્ય બની રહે છે.

પ્રસ્તુત ગ્રંથમાં લેખકે ગુજરાતના આગળ ઉપર ઉલ્લેખિત ૬૦૦ વર્ષના કાળખંડના ઇતિહાસના અભ્યાસ માટે સમકાલીન અને પરવર્તી મુસ્લિમ ઇતિહાસકારો, તામ્રપત્રો, અભિલેખો, જૈન પ્રબંધો, સંસ્કૃત સાહિત્યની ઐતિહાસિક કૃતિઓ, ૧૯-૨૦મી સદી દરમિયાન આ યુગ વિષયક લખાયેલા ઇતિહાસ ઈત્યાદિ ગ્રંથો વગેરેનો સઘન અભ્યાસ કરીને લેખકે આગળ ઉપર નિર્દેશિત આક્રમણોમાં મેળવેલ સ્પષ્ટ જીત કે અંશતઃ સફળતા વગેરેને સાધાર તટસ્થપણે રેખાંકિત કરી આપી છે. આ સાથે જ જ્યાં હાર થઈ છે તે અને તેનાં કારણો - આપણી નબળાઈઓ પણ સ્પષ્ટ રીતે ઉજાગર કરી આપી છે. આ બધા સ્રોતાના વિશદ અધ્યયનના આધારે લેખકનું અવલોકન ‘‘આ છસો વર્ષના લાંબા ગાળા દરમિયાન ગુજરાતે ઇસ્લામ સામે જબરજસ્ત ટક્કર લીધી છે અને અનેક આક્રમણો ખાળ્યાં છે. પરંતુ આપણા પરાજયવાદી ઇતિહાસે ગુજરાતના આવા દીર્ઘકાલીન સંરક્ષક પ્રયાસો નજરઅંદાજ કર્યા. પાટણમાં હિંદુ સત્તાના પતન સાથે સમગ્ર ગુજરાતી જાતિ એકાએક સૈનિક સામર્થ્ય વિહોણી બની ગઈ અને એકમાત્ર વેપારી જાતિ જ બની રહી એવી માન્યતાને દૃઢ કરવામાં ધર્માંધ તવારીખકારો, યુરોપીય ઇતિહાસકારો, દેશી લેખકો આપણા સૈનિક સામર્થ્યને યથાર્થ પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં નિષ્ફળ ગયા... જ્યાં સુધી યુદ્ધને સંબંધ છે ત્યાં આપણા લેખકોએ વિશેષતઃ સમકાલીનોએ તદ્દન ઉપેક્ષા સેવી જે તે કારણે આપણે આપણા પક્ષના સત્યથી પણ અનભિજ્ઞ રહી ગયા. જ્યારે મુસ્લિમ તવારીખકારોએ સૈન્ય સામર્થ્ય પર જ વધુ લખ્યું, પરંતુ એક પક્ષીય રીતે, જેને મોટા ભાગના સત્ય માનીને ચાલ્યા’’ ખરા અર્થમાં સંશોધકનું દ્યોતક બની રહે છે.

**૭. મધ્યયુગીન ભારતનો ઇતિહાસ :સલ્તનતકાળ (૨૦૧૧)**

ભારતના ઇતિહાસમાં મધ્યયુગનો સમય રાજકીય ક્ષેત્રની માફક ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે પણ ભારે ઊથલ-પાથલવાળો રહયો છે. ઇતિહાસની આધુનિક સંકલ્પના અનુસાર ‘ઇતિહાસ’ એટલે માત્ર રાજા-રજવાડાંની તવારીખ / રાજકીય ઇતિહાસ નહીં. પરંતુ રાજકીય ઘટનાઓ ઉપરાંત તત્કાલીન સમયની સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક વગેરે બાબતોને ઇતિહાસના અભ્યાસનો અંતરંગ વિષય ગણવામાં આવે છે. આમેય ઇતિહાને ‘તમામ સામાજિક વિજ્ઞાનોનું અભિલેખાગાર’ ગણવામાં આવે છે ત્યારે ડૉ. ઓઝાએ દિલ્હી સલ્તનતકાળ દરમિયાનના રાજકીય ઇતિહાસ ઉપરાંત વહીવટીતંત્ર, આર્થિક, સામાજિક, ધાર્મિક, શિક્ષણ અને સાહિત્ય, કલા વગેરે બાબતોને સમાન મહત્ત્વ આપીને આ યુગનો એક અખંડ ઇતિહાસ આપ્યો છે. આ હેતુ લેખકે તત્કાલીન સમયના ઇતિહાસગ્રંથો, સુલતાનોના આત્મવૃત્તાંતો, પ્રવાસગ્રંથો, અભિલેખો, તામ્રપત્રો, સાહિત્યિક ગ્રંથો વગેરે કે જેમાં ‘તાજ-ઉલ-માસિર’, ‘તબાકાત-એ-નાસીરી’, ‘તારીખ-એ-ફિરોઝશાહી’, ‘તારીખ-એ-મુબારકશાહી’, ‘તુઝૂક-ઈ-તિમુરી’, ‘ફુતૂહ -ઉસ-સલાતીત’, રીહલા (ઈબ્નબતુતા), અમીર ખુસરોના વિવિધ ગ્રંથો સમાવિષ્ટ છે તેનો આધાર લઈ આધારભૂત ઇતિહાસ-ગ્રંથ આપ્યો છે. પરિણામે માત્ર વિદ્યાર્થીઓને જ નહીં, પરંતુ આ વિષયક્ષેત્રમાં રસ-ધરાવતા સૌ કોઈ જિજ્ઞાસુઓ અને સંશોધકોને પરિતોષ આપે તેટલો સત્ત્વશીલ ગ્રંથ છે. આમેય, આ વિષય હેઠળ આંગળીના વેઢે ગણી શકાય તેટલા ગ્રંથો ગુજરાતીમાં પ્રકાશિત થયા છે ત્યારે આ ગ્રંથ મૂલ્યવાન બની રહે છે. પ્રથમ પ્રકરણમાં વ્યાપક ‘સાધન-સામગ્રી’ની જે સમાલોચના કરી છે તે અને ગ્રંથાન્તેની ‘સંદર્ભસૂચિ’ આ વિષયક્ષેત્રમાં રસ ધરાવતા સંશોધકો, જિજ્ઞાસુઓ વગેરે માટે ઉપાદેય બની રહેશે.

આ બધા ગ્રંથો ઉપરાંત ‘ઇતિવૃત્ત’, ‘તથાતત્વ’, ‘અન્વીક્ષા’, ‘પુરાવૃત્ત’, ‘અતિક્રાન્ત’, ‘ઐતિહાસિક નિબંધાવલી’, ‘ગુજરાતમાં ગોદડિયા પરંપરા’, ‘ભક્તકવિ નરસિંહ મહેતા’ વગેરેમાં ગ્રંથસ્થ લેખો પૈકી ‘આપણું

લશ્કરી સ્થાપત્ય : ડભોઈનો કિલ્લો', 'મૂળદાસ વૈશ્ય અને દલિતોદ્ધાર પ્રવૃત્તિ', 'ઉત્તર ગુજરાતના સૂફી સંતોની લેખન પ્રવૃત્તિ', 'મૂળ દ્વારિકાનાં મૃતિકાપાત્રોના સૂચિતાર્થો', 'શંખેશ્વરની ધર્મશાળાનો લેખ', 'રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદ ત્રીજાનું રાધનપુર તામ્રપત્ર', 'રાણી પદ્મિનીની સમસ્યા', 'સૌરાષ્ટ્ર-કચ્છના રણમાર્ગો', 'યુરોપિયનોના નકશામાં કચ્છ', કચ્છનું ચલણ કોરી', 'ગિરનારની પ્રાચીનતા', 'કચ્છના ઇતિહાસની કેસરબાઈ સમસ્યા', 'સૌરાષ્ટ્રનાં બંદરો', 'વિસનગરનો ઇતિહાસ', 'મહમદ પન્નાહનું ગ્રંથાલય', 'કડવા પાટીદારોનું કચ્છમાં સ્થળાંતર' વગેરે લેખો લેખકના ઇતિહાસ અંતર્ગત વ્યાપક વિષય ક્ષેત્રોમાં રસ અને સંશોધકનો જીવ હોવાના પ્રતીતિકારક બની રહે છે.

ઉલ્લેખનીય છે કે આવા ગરવા ઇતિહાસપુરુષ ડૉ. ઈશ્વરલાલ ઓઝાનું વતન સમી (જિ. પાટણ) છે કે જ્યાં તેમનો જન્મ તા. ૨૫ જૂન, ૧૯૪૨ના રોજ થયો હતો. તેમના વડવાઓ જસલપુર (તા. ચાણસ્મા) ગામમાંથી સ્થાનાન્તરિત થયા હોવાથી તેમનો પરિવાર જેસલપુરા પરિવાર તરીકે પણ ઓળખાય છે. અત્રે ઉલ્લેખ કરવો રહ્યો કે મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રખર-સંશોધક-અભ્યાસી અને વિરમગામ કૉલેજના પૂર્વ પ્રિન્સિપાલ સ્વ. ડૉ. શિવલાલ જેસલપુરા આ બૃહદ પરિવારના સભ્ય હતા. ઈશ્વરભાઈના પિતાનું નામ ગિરધરભાઈ કે જેઓશ્રી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક - આચાર્ય હતા, જ્યારે તેમના દાદા નાથાલાલ ઓઝા રાધનપુર રાજ્યના પોલીસ અધિકારી હતા. પરિણામસ્વરૂપે ઈશ્વરભાઈને સમી-રાધનપુર રાજ્યના રાજકીય ઇતિહાસના સંસ્કાર ગળથૂથીમાં મળ્યા. તેમણે ધોરણ-૯ સુધી પોતાના વતનમાં અને ત્યાર બાદ ધોરણ-૧૦-૧૧ સુધીનો અભ્યાસ પાટણ હાઈસ્કૂલમાંથી પૂર્ણ કર્યો હતો. આ બે વર્ષના અભ્યાસ દરમિયાન પાટણના ઇતિહાસ અને પાટણનાં ઐતિહાસિક સ્મારકોથી પરિચિત થતાં ઇતિહાસમાં વિશેષ રસ-રુચિ કેળવાતી ગઈ. મૅટ્રિક થયા બાદ કારકુન અને પ્રાથમિક શિક્ષક તરીકેની નોકરી દરમિયાન એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે અભ્યાસ ચાલુ રાખતાં બી.એ. (૧૯૬૫) થયા. ઇતિહાસમાં વધુ અભ્યાસ કરવાની તીવ્ર જિજ્ઞાસાને કારણે ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ અનુસ્નાતક વિભાગમાં વર્ષ ૧૯૬૬-૬૮માં પ્રવેશ મેળવી એમ.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૬૫-૬૬માં ભાભર હાઈસ્કૂલ અને ૧૯૬૮-૭૦માં સમીની હાઈસ્કૂલમાં સેવાઓ આપ્યા બાદ સરકારી કૉલેજમાં અધ્યાપક માટેની જી.પી.એસ.સી. પરીક્ષા પાસ કરતાં ૧૯૭૦માં આર. આર. લાલન કૉલેજ (ભૂજ)માં ઇતિહાસના અધ્યાપક તરીકે નિયુક્તિ પામ્યા. અહીં ૧૯૭૨ સુધી સેવાઓ આપ્યા બાદ ૧૯૭૨-૮૩ સુધી બહાઉદ્દીન કૉલેજ (જૂનાગઢ) અને ૧૯૮૩થી ૨૦૦૪ સુધી વિસનગરની એમ.એન. કૉલેજમાં ઇતિહાસ વિભાગના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી સેવાનિવૃત્ત થયા. આ દરમિયાન ડૉ. આર. કે. ધારૈયાના માર્ગદર્શન હેઠળ મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ (ઈ.સ. ૧૭૭૮ થી ૧૮૧૩) વિષય હેઠળ શોધપ્રબંધ રજૂ કરી ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૯૭૬માં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. તેમના માર્ગદર્શન હેઠળ ૭ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. વધુમાં, અધ્યાપકીય કાર્યકાળ દરમિયાન રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓની ઇતિહાસ અભ્યાસ સમિતિના સભ્ય, જૂનાગઢ તથા મહેસાણા જિલ્લાના દફ્તરભંડારોની સમિતિના સભ્ય, યુજીસીની અધ્યાપક વિનિમય યોજના હેઠળ મુલાકાતી અધ્યાપક તરીકે પણ તેમણે સેવાઓ આપી છે.

પોતાની આગવી ઐતિહાસિક દૃષ્ટિ, ઇતિહાસ-રસ અને વાંચનપ્રીતિના કારણે અભ્યાસ દરમિયાન ગુરુવર્ય ડૉ. ધારૈયાસાહેબના તથા અધ્યાપકીય કારકિર્દી દરમિયાન કચ્છના કંચનપ્રસાદ છાયા, જૂનાગઢના ઇતિહાસવિદ શંભુપ્રસાદ દેસાઈ, પ્રો. મકરંદ મહેતા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, વડનગરના રસિકલાલ દવે, વિસનગરના રામપ્રસાદ જાની વગેરેના પ્રીતિપાત્ર બની રહ્યા. ખાસ નોંધપાત્ર અને પ્રેરણાદાયી બાબત એ કે તેમની ઇતિહાસ-નિષ્ઠા અને ગુજરાતના વાઘેલા વંશના ઇતિહાસના જ્ઞાનથી પ્રભાવિત થઈને ગુજરાત રાજ્યના રાજપાલ શ્રી કૃષ્ણપાલસિંહ દ્વારા પોતાના વાઘેલાવંશની - વાઘેલાઓની ઉત્પત્તિની વિશેષ જાણકારી મેળવવા હેતુ તેમને રાજભવનમાં આમંત્રિત કરવામાં આવતાં રાજપાલશ્રીની જિજ્ઞાસા સંતોષવાનું શ્રેય તેમના શિરે રહે છે. આવા ગૌરવશીલ અધ્યાપક, ઇતિહાસ - સંસ્કૃતિપુરુષ અને સેવાપરાયણ વ્યકિતત્વથી સંપન્ન ડૉ. ઈશ્વરલાલ ઓઝા આપણાં અભિનંદનનાં અધિકારી બની રહે છે.

**- મણિભાઈ પ્રજાપતિ**

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર

## ઈતિહાસની અટારીએથી : સાડા પાંચ દાયકા બાદ

ડૉ. રણજિત એમ. પટેલ `અનામી'

(પ્રસ્તુત લેખના લેખક સ્વ. ડૉ. રણજિત પટેલ ઈ. સ. ૧૯૨૯-૩૪ દરમિયાન સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી અને ૧૯૩૬-૩૭માં શિક્ષક હતા. ત્યાર બાદ તેમણે એમ. એસ. યુનિવર્સિટી, વડોદરામાં ગુજરાતીના પ્રોફેસર તરીકે નિવૃત્તપર્યંત સેવાઓ આપી હતી.)

અત્યારના ગાંધીનગર જિલ્લામાં આવેલું મારું વતન ડભોડા, ભૌગોલિક દૃષ્ટિએ એવી રીતે વસેલું છે કે આજથી અર્ધી સદી પૂર્વે પણ, વતનથી ચારેક માઈલને અંતરે આવેલ દહેગામમાં અને પંદેરક માઈલને અંતરે આવેલ અમદાવાદમાં અનુક્રમે હાઈસ્કૂલ અને કૉલેજના શિક્ષણની સુવિધાઓ હતી. રેલવેની સગવડ પણ પાકી આમ છતાંયે મારા પૂજ્ય પિતાજી મહાત્મા ગાંધીજીના રંગે પાકા રંગાયેલા એટલે અમે ચારેય ભાઈઆને, દહેગામ – અમદાવાદની તુલનાએ ખૂણામાં આવેલ કડીની સંસ્થામાં મૂક્યા. એ માટે એમની ભાવના – રંગી દીર્ઘદૃષ્ટિને વંદું છું અને મારી-અમારી જાતને ધન્ય સમજું છું – સમજીએ છીએ. કાકતાલિય ન્યાયે મધુર સુયોગ તો એ પ્રાપ્ત થયો કે અમારા કર્તવ્યનિષ્ઠ અધ્યાપકોમાંના કેટલાક તો પૂ. ગાંધીજીની રાષ્ટ્રીય કેળવણી સંસ્થા – ગૂજરાત વિદ્યાપીઠની – વિધવિધ વિદ્યાશાખાઓના અનુસ્નાતકો હતા. સોનામાં સુગંધ ભળ્યા જેવો આ યોગ હતો.

બી.એ; એમ. એ.; બી.ટી. કૉમર્સ (ડિપ્લોમા) એલએલ.બી.; પીએચ.ડી.ના અભ્યાસકાળ દરમિયાન મને અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ જેવાં અનેક શહેરોમાં આવેલ અનેક વિદ્યાસંસ્થાઓ અને છાત્રાલયોમાં રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે... પણ જો કેવળ તટસ્થભાવે અને નિરપેક્ષ દૃષ્ટિએ નરદમ સત્ય જ કહેવાનું હોય તો બેધડક એમ કહી શકું કે કડીની શિક્ષણ-સંસ્થા જેવો **આત્મીયતાનો નાતો** કોઈ પણ સંસ્થા સાથે આજપર્યંત બંધાયો નથી, કારણ :

'હૃદય માત્ર જાણે છે પ્રીતિ-યોગ પરસ્પર !'

આજે સાડા પાંચ દાયકા પછી પણ (ઈ. સ. ૧૯૨૯માં સર્વ વિદ્યાલયમાં હતો) જો એ સંસ્થાના સંસ્કાર મારી રગેરગમાં ધબકતા હોય તો એનો યશ મારી કોઈ વિશેષતાને ફાળે જતો નથી, પણ ત્યાંના **જીવંત અને નૈસર્ગિક વાતાવરણને ફાળે જાય છે.** કોઈ પણ વિદ્યાસંસ્થાનો પ્રાણ કે આત્મા તેનું તંદુરસ્ત અને ભાવનાચેપી વાતાવરણ હોય છે. માહિતી, જ્ઞાન અને વિદ્યાનું વિતરણ તો ક્યાં થતું નથી ? પણ હવામાં રહેલા પ્રાણવાયુ જેવું વાતાવરણ તો વિરલ સંસ્થાઓ જ પૂરું પાડી શકે. એ દૃષ્ટિએ કડીની વિદ્યા-સંસ્થાને હું આજેય તે વિરલ ગણું છું.

અમારા બધા જ અધ્યાપકો પરમજ્ઞાની કે અઠંગ વિદ્વાન હતા એવું નહોતું, પણ : 'એક વર્યો ગોપીજનવલ્લભ, નહીં સ્વામી બીજો મારે, નહીં સ્વામી દૂજો' – જીવનમાં એક દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા – એવી વૈષ્ણવી અવ્યભિચારિણી ભક્તિ સમોવડ એમની જીવનદૃષ્ટિ, શિક્ષણ-દેવતાને વર્યા પછી જીવનભરની હતી. આજના યુગની તુલનાએ તો  એ સાચા અર્થમાં ઋષિઓ કે તપસ્વીઓ જ ગણાય. તપસ્વીઓને કંઈ શિંગડાં ઊગતાં નથી હોતાં. Simple living & high thinkingના એ જંગમ ને જીવંત નમૂના હતા, જેમણે મારા જેવા અસંખ્ય વિદ્યાર્થીઓને મૂક પ્રેરણા પૂરી પાડી હતી – છે.

વ્યક્તિગત મોક્ષમાં માનનાર આપણા મુમુક્ષુઓ અંગત રીતે એમના ઇષ્ટદેવની પ્રાર્થના કરે એ સાવ સ્વાભાવિક છે, પણ પૂ. ગાંધીજીની પ્રબળ અસરને પ્રતાપે, સામૂહિક ઉત્થાનની ભાવનાનો પ્રજામાં ઉદય થતાં પ્રચલિત બનેલી સામૂહિક પ્રાર્થનાનું ગૌરવ તો અદ્ભુત જ ગણાય. તે વખતે આશ્રમમાં થતી સવાર-સાંજની સામૂહિક પ્રાર્થનાઓ અને વિદ્યાલયમાં થતી પ્રાર્થનાની  ઊંડી અસર – અનુભૂતિ આજે પણ રક્તના પ્રત્યેક ધબકારમાં ને પ્રાણના પ્રત્યેક શ્વાસમાં અનુભવાય છે. ગીતાના ઘણા બધા અધ્યાયો અને 'આશ્રમ ભજનાવલિ'નાં સેંકડો પદો –

ભજનો આજે પણ કંઠસ્થ છે એનું સર્વ શ્રેય આશ્રમ-વિદ્યાલયને ફાળે જાય છે. એ પ્રાર્થના – પ્રથાને હું યૌવનની પથ-દીપિકા અને વૃદ્ધાવસ્થાનું સાત્ત્વિક પાથેય સમજું છું.

આશ્રમની શિસ્તબદ્ધ હળવી કવાયતો, અખાડાના દાવપેચવાળી કુસ્તી-કસરતો અને બૅન્ડની સંગીતમય સૂરાવલિ સાથે થતી વિદ્યાલયની સામૂહિક કવાયતોનો ખ્યાલ આજના વિદ્યાર્થીગણને શી રીતે આપવો ? એ શિસ્ત, એ સંઘભાવના અને સહજ ભારે લીલયા થતું એ ચારિત્ર્યઘડતર : જીવનના કીમતી ખજાના જેવું – મહામોંઘી મિરાત જેવું – આજેય તે લાગે છે.

પર્વે પર્વે ઉજવાતા ત્યાંના સંસ્કાર-સાદા ઉત્સવો – નાટ્યો, ગરમાગરમ વક્તૃત્વસ્પર્ધાઓ, હસ્તલિખિત માસિકની સ્પર્ધીલી પ્રવૃત્તિઓ, લોકસાહિત્યની વિરલ લહાણ, કુદરત-રસ્યાં પર્યટનો વગેરે અનેકવિધ સંસ્કારિક પ્રવૃત્તિઓએ પણ જીવનનો સર્વાંગીણ વિકાસ સાધવામાં ઓછો ભાગ ભજવ્યો નથી.

જીવનના સાડા-ત્રણ દાયકા શિક્ષણક્ષેત્રે ગાળ્યા પછી આજે એક વાતનો વિરોધાભાસ દીવા જેવો સ્પષ્ટ વરતાય છે. તે એ કે અમારા સમયમાં લગભગ એંશી ટકા વિદ્યાર્થીઓ મહાપુરુષોનાં આત્મચરિત્રો-જીવનચરિત્રો, ઇતિહાસગ્રંથો, સાહસકથાઓ, પ્રવાસ પુસ્તકો કે કેળવણી શિક્ષણ વગેરે ધાર્મિક-સાહિત્યનું વાંચન-સેવન કરતા. જ્યારે આજે વાત એથી વિપરીત છે. જીવનમાં કે રાષ્ટ્રમાં કોઈ આદર્શ રહ્યો નથી. સાહિત્યસર્જનમાં ને વાંચનમાં એનું પ્રતિબિંબ ન પડે તો જ આશ્ચર્ય !

સંક્ષેપમાં મારે કહેવું હોય તો આટલું જ કહું કે – આ સંસ્થાના પ્રતાપે અમને જીવનદૃષ્ટિ લાધી છે, જીવન-કર્તવ્યની કેડી સાંપડી છે અને માનસિક તંગદિલી વચ્ચે ઘેરાયેલા આ જગતના જીવનમાં સ્વ-સ્થતાથી જીવન જીવવાની કળા સાંપડી છે.

**'શાન્તદાન્ત જીવનની ધાત્રી !**
**ધીરવીર રસ પાજે,**
**જ્ઞાન-શક્તિ ને મંગલદાત્રી !**
**યાત્રી અમ સહુ આજે :**
**સુંદર સર્વ વિદ્યાલય કાજે !**
**શિશુ-અંતર જનની-દર્શનથી**
**સુખભરતી ગાજે**
**સુંદર સર્વ વિદ્યાલય કાજે !**

**– ડૉ. રણજિત એમ. પટેલ 'અનામી'**

**(સૌજન્ય :** શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ : અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ, ૧૯૮૫, પૃ. ૬૬-૬૭)

## ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (લંડન) દ્વારા જૈનપિડિયાનું નવું વર્ઝન

ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી(લંડન)એ ઑનલાઇન જૈનપિડિયા દ્વારા જૈન ધર્મનો સર્વપ્રથમ એન્સાઈક્લોપીડિયા આપવાનો પ્રયત્ન કર્યો છે અને હવે ફરી વર્ષોની મહેનત બાદ ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ એની જૈનપિડિયાની સાઈટનું નવું વર્ઝન www.jainpedia.org V2.0 તૈયાર કર્યું છે. જે વધુ ઉપયોગી અને માહિતીપ્રદ બનશે. એમાં ઇંગ્લૅન્ડની બ્રિટિશ લાયબ્રેરી, ઓક્સફર્ડ યુનિવર્સિટીની બોડેલિયન લાયબ્રેરી, વેલકમ ટ્રસ્ટ, એશિયાટીક સોસાયટી અને વિક્ટોરિયા ઓફ આલ્બર્ટ મ્યુઝિયમની ચાર હજાર હસ્તપ્રતોની સવિસ્તર વિગતો અંગ્રેજીમાં મુકવામાં આવી છે. વળી એની સાથોસાથ અગ્રણી સ્કોલર્સના સેંકડો લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનું પરામર્શન જૈન ધર્મના અભ્યાસી પ્રો. નલિની બલબીરે કર્યું છે. વળી એમાં અત્યંત વિસ્તૃત એવી ઇ-લાયબ્રેરી પણ છે. તાજેતરમાં નવા તૈયાર કરેલા જૈનપિડિયામાં નેવિગેશન અને સાઈન પોસ્ટિંગમાં સુધારો કરવામાં આવ્યો છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયાએ જૈનપીડિયાના નવા વર્ઝનને રજૂ કરતાં જણાવ્યું કે આ ઐતિહાસિક સિદ્ધિની પાછળ સમગ્ર ટીમની મહેનત અને લાંબા ગાળાનો પરિશ્રમ કારણભૂત છે. વિશ્વભરમાં જૈન ધર્મના અભ્યાસીઓને આનાથી ઘણી મૂલ્યવાન અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થશે. ૨૧મી સદીની ઘટનાઓ અને મહત્વના બનાવોની સાથે એની ટાઈમલાઈન અપડેટ કરવામાં આવી છે. એની ઇ-લાયબ્રેરીમાં બ્રિટિશ લાયબ્રેરીના મેન્યુસ્ક્રીપ્ટનું કેટલોગ મળે છે. તેમજ નવાં પ્રકાશનોને ઉમેરીને વધુ સરળતાથી જોઈ શકાય એવી ઈ-લાયબ્રેરી પણ અહીંથી પ્રાપ્ત થાય છે. આને માટે તમે www.jainpedia.org ની સાઈટ પરથી આ સઘળી સામગ્રી ઉપલબ્ધ થશે.

# અદ્‌ભુત પરિવારના સર સી. વી. રામન

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

સર આસુતોષ મુખરજી (૧૮૬૪-૧૯૨૪) એમના સમયમાં શિક્ષણજગતમાં અગત્યના શિક્ષણકાર હતા. વિદ્યાર્થી અવસ્થામાં તેમણે ગણિત અને ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કરેલો અને કાયદાની ડિગ્રી મેળવેલી. ૧૮૮૦ અને ૧૮૯૦ વચ્ચે તેમણે ગણિતમાં ૨૦ સંશોધન પેપરો સારા અગત્યના માસિકોમાં પ્રસિદ્ધ કરેલાં. ૧૯૦૮માં કલકતા મેથેમેટિકલ સોસાયટી શરૂ કરેલી. ૧૯૧૬માં તેઓશ્રી કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે નિમાયા. એમને વિજ્ઞાનના શિક્ષણક્ષેત્રે ખૂબ જ સરસ કામ કરવું હતું. વિજ્ઞાન વિશ્વવિદ્યાલય ઊભું કરવા માટે લાખો રૂપિયાનો ફાળો એકઠો કરેલો. ઘણા બધા અધ્યાપકોની જગ્યાઓ દાતાઓના દાનથી ભરવામાં આવેલી હોઈ તે દાતાઓના નામથી ઓળખાતી. જેમ કે ભૌતિકશાસ્ત્રના અધ્યાપકની જગ્યા સર તારકનાથ પાલિત દાનથી ભરવામાં આવેલી હોઈ તે અધ્યાપકની જગ્યા પાલિત અધ્યાપક તરીકે ઓળખાતી. આવી જગ્યાઓ સારામાં સારા અધ્યાપકોથી ભરવી હતી.

તેઓ ભૌતિકશાસ્ત્રના પાલિત અધ્યાપકની શોધમાં હતા. તેમની નજરમાં ખૂબ જ લાયક માણસ ધ્યાનમાં હતો, પણ તે માણસ અહીં શી રીતે આવે ? અહીં આવે તો તેનો પગાર અડધો થઈ જાય. આ ઉપરાંત તેમને જે વિશાળ બંગલો, રસોઈયો, માળી અને બીજું ઘણું મળે છે તે તો વિશ્વવિદ્યાલય કઈ રીતે આપી શકે ? પણ તેમને ખબર હતી તે વ્યક્તિને સંશોધન કરવું ખૂબ જ ગમે છે અને સાથે-સાથે ભણાવવું પણ ખૂબ જ ગમે છે. આથી હિંમત કરીને ઉપકુલપતિએ તેમને ભૌતિકશાસ્ત્રના પાલિત (Palit) અધ્યાપકની નિમણૂક કરવાનો નિયમાનુસાર પ્રસ્તાવ મોકલ્યો. એ વ્યક્તિએ ઘણાબધાના આશ્ચર્ય વચ્ચે અડધો પગાર અને બીજી સગવડો જતી કરીને ભૌતિકશાસ્ત્રના પાલિત અધ્યાપક બનવાનો નિર્ણય કર્યો. એ જ વ્યક્તિ તે જ ચંદ્રશેખર વેન્કટ રામન (Chandrasekhar Venkata Raman) જેને આપણે ટૂંકમાં સી. વી. રામનથી ઓળખીશું.

**બાળપણ અને કૉલેજ**

સી. વી. રામનનો જન્મ નવેમ્બર ૭, ૧૮૮૮માં ત્રિચી(Trichy) નજીક તિરૂવનૈકકાવલ(Tiruvanaik kaval), મદ્રાસ રાજ્યમાં (હાલમાં તામિલનાડુમાં) થયેલો. તે સમયે તેમના પિતા ચંદ્રશેખર આયર હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક હતા અને તેમનો પગાર માસિક દશ રૂપિયા હતો. તેમનાં પત્ની પાર્વતી પોતાના પિતા પાસેથી દર મહિને દશ રૂપિયા ઉછીના લેતા, જે તેમણે ગણિત અને ભૌતિકશાસ્ત્રના અધ્યાપક બનતાં જ ચૂકવી દીધા. આ નોકરી વિઝાખાપટમ્‌માં (Vizagapatam) હતી. આથી રામને પ્રાથમિક અને હાઈસ્કૂલનો અભ્યાસ વિઝાગાપટમ્‌માં કરેલો. તે નાનામાં નાના હોવા છતાં દરેક વિષયમાં સૌથી આગળ રહેતા. નવું વાંચવા માટે સ્કૂલનું કામ ઝડપથી પૂરું કરી દેતા. રામન સેન્ટ એલોયસિયસ(Alloysius) હાઈસ્કૂલમાંથી ફક્ત બાર વર્ષની વયે આંધ્ર પ્રદેશ સ્કૂલ બોર્ડમાં પહેલા નંબરે પાસ થયા અને જ્યાં તેમના પિતાજી અધ્યાપક હતા, તે જ A. V. N. કૉલેજમાં અભ્યાસ અર્થે જોડાયા. ૧૯૦૨માં રામને Intermediate પૂરું કરીને જાન્યુઆરી ૧૯૦૩માં પ્રેસિડન્સિ કૉલેજ, મદ્રાસમાં B. A. થવા નીકળ્યા. આ અગાઉ તેમના મોટાભાઈ ચંદ્રશેખર સુબ્રહ્મણ્યમ (C.S.) પણ પ્રેસિડન્સિ કૉલેજ, મદ્રાસમાં B. A. થવા ગયેલા.

રામનની તબિયત નાજુક હોઈને હૉસ્ટેલનું જમવાનું કદાચ તેમને અનુકળ ન પણ આવે. આથી તેમના પિતાએ મદ્રાસમાં ઘર ભાડે રાખીને ઘર પણ ચાલુ કર્યું. રામનના દાદા, દાદી બંને ભાઈઓની જોડે રહેતાં હતાં. બધાંને મદદ કરવા કોઈ સંબંધી બહેન પણ રહેતાં. દાદી રામનની ખાસ કાળજી રાખતાં. નિયમિત પૌષ્ટિક જમવાનું બનાવી આપતાં. રાત્રે સમયસર ઊંઘાડતાં અને સવારના વહેલાં ઉઠાડતાં પણ ખરાં. રામન ભાતભાતની ચર્ચાઓ તેમની દાદી જોડે કરતા.

રામનની પાસે સંશોધન કરવા માટે ઘણા વિચારો હતા, પણ B. A.ની ડિગ્રીનો વિચાર કર્યો અને ધ્યાન તેના

ઉપર જ રાખ્યું. ખરેખર અભ્યાસમાં ખૂબ જ સરસ કર્યું. વાર્ષિક પરીક્ષામાં  યુનિવર્સિટીમાં પ્રથમ હતા અને અંગ્રેજી અને ભૌતિકશાસ્ત્રના સુવર્ણચંદ્રકો મેળવ્યા. રામનના અધ્યાપકો અંગ્રેજો હતા જે રામનને બ્રિટનમાં અભ્યાસ કરવા માટે આગ્રહ કરતા. સિવિલ સર્જને તેમની શારીરિક તપાસ કરી અને તેમના મતે રામન બ્રિટનની ઠંડી આબોહવા સહન કરી શકશે નહિ. આથી રામન  જાન્યુઆરી ૧૯૦૫માં ભૌતિકશાસ્ત્રના માસ્ટર પ્રોગ્રામમાં જોડાયા. બધા જ પ્રોફેસરોને રામનની શક્તિનો પૂરેપૂરો ખ્યાલ હતો. આથી રામનને ગમે ત્યારે પ્રયોગશાળા વાપરવાની છૂટ આપેલી.

રામનના મોટાભાઈ C. S. એન્જિનિયરિંગમાં જવા માટેની પરીક્ષાની તૈયારી કરવા તેમના પિતાજી જોડે વિઝાગાપટમ્ ગયેલા. મદ્રાસમાં ઘર બદલવાનું હોઈને મદ્રાસ પાછા આવેલા. રામન એમના સંશોધન કામમાં મશગૂલ હતા. સાંજે ઘેર આવે ત્યારે C. S. તેમની ચિંતા રામનને જણાવતા. ફક્ત સાડા છ એકર જમીન તેમના દાદાના નામે છે. બાકીની જમીન ગીરો મૂકીને ઊંચા વ્યાજના દરે ઉછીના પૈસા લઈને બંને ભાઈઓનો જનોઈ પ્રસંગ ઊજવેલો અને બહેનનાં લગ્ન કરાવેલાં. આ ઉછીના લીધેલા પૈસા અને તેનું વ્યાજ આપવા જમીન વેચવાના સંજોગો ઊભા થયા છે. પૈસા ઊભા કરવા માટે ઘરનાં બધાં વધારાનાં પુસ્તકો S.P.G. કૉલેજની લાઇબ્રેરીને વેચીને પૈસા મેળવેલા. આવા સંજોગોમાં C.S.એ એન્જિનિયર બનવાનું ભૂલી જઈને સરકારી નોકરી મેળવવા Financeની પરીક્ષા આપવાનો નિર્ણય કર્યો. બંને ભાઈઓ વચ્ચે આ બાબતની મોટી ચર્ચા થઈ. રામનને સંશોધનમાં જ રસ હતો, પણ ઘરના સંજોગો જોતાં રામને C.S.ને જણાવ્યું ''કદાચ હું પણ Financeની પરીક્ષા આપીને સરકારી નોકરી મેળવીશ.''

રામનને સંશોધન માટે ખૂબ જ મોંઘા સાધનોની જરૂર ન હતી. તેઓ એવું માનતા કે યોગ્ય રીતે પૂછેલા સવાલોના જવાબમાં કુદરત ખાનગીમાં રાખેલ રહસ્ય કહી દે છે. રામને તેમનું પહેલું સંશોધન પેપર, ''Unsymmetircal Diffraction Bands due to a Rectangular Aperture'' લંડનમાં Philosophical Journalમાં ૧૯૦૬માં પ્રસિદ્ધ થયું. થોડાક મહિના પછી બીજું પેપર, ''The Curvature Method of Determining the Surface Tension of Liquids'' પણ Philosophical Journalમાં પ્રસિદ્ધ થયું. આ Journal પ્રેસિડન્સિ કૉલેજની લાઇબ્રેરી કે મદ્રાસ યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં આવતું ન હોવા છતાં તે જમાનામાં રામને શોધી કાઢ્યું.

રામને M. A.ની પરીક્ષા પહેલા નંબરે ૧૯૦૭માં પાસ કરી. ઘણાં બધાં ઇનામો પણ મળ્યાં. એમને સંશોધનનું કામ ચાલુ રાખવું હતું, પણ ભારતીયો માટે આ ક્ષેત્રમાં જવું ખૂબ જ અઘરું હતું. આથી સરકારી નોકરી શોધવાની રહી. ICS (હાલની IAS) માટે લંડન જવું પડે જે શક્ય ન હોઈને ભારતમાં અપાતી Finance Dept.ની પરીક્ષા આપવાનો વિચાર કર્યો. સાહિત્ય, ઇતિહાસ અને રાજ્યશાસનના સિદ્ધાંત (Political Science), ભણવું પડતું જે રામન માટે તદ્દન નવું હતું. આત્મવિશ્વાસથી આ પરીક્ષામાં પણ ભારતભરના વિદ્યાર્થીઓમાં પ્રથમ આવ્યા.

**લગ્ન**

વરદરાજ (Varadaraj) સમાજસુધારક હોઈને ઘણા લોકો તેમને 'રામસ્વામી સિવન (Sivan)' તરીકે ઓળખતા. તેઓ ઘણાબધા ખોટા રીતરિવાજો સામે લડનાર મદ્રાસના ભણેલા બ્રાહ્મણોના વર્ગમાં પણ જાણીતા હતા. સિવનનું ઘર નવું વિચારનારા અને સમાજ સુધારકોને મળવાનું મોટું સ્થળ ગણાતું. સિવન ચંદ્રશેખર આયરને ખૂબ જ માનથી જોતા હતા. સિવનને ખ્યાલ આવ્યો કે આયરના દીકરાઓ મદ્રાસમાં છે. રામન (ગોલ્ડ મેડલ્સ) સુવર્ણ ચંદ્રકો અને બીજાં ઘણાં ઇનામો જીતતા હોઈને મદ્રાસના બ્રાહ્મણવર્ગમાં જાણીતા હતા. આથી સિવનને રામનને શોધતાં વાર ન લાગી. સિવન તેમનાં પત્ની લક્ષ્મીબહેનની સૌથી નાનીબહેન લોકસુંદરીના લગ્ન માટે યોગ્ય પાત્રની તપાસમાં હતા. લોકસુંદરી ત્રણ વર્ષનાં હતાં ત્યારથી જ તેમની બહેન લક્ષ્મીબહેન જોડે રહેતાં. સિવને તેમના આદર્શો અને વિચારો પ્રમાણે લોકસુંદરીને ઉછેરવા પ્રયત્ન કર્યો. લોકસુંદરીને 'લોકમ્' તરીકે ઓળખતા. આપણે પણ તે ટૂંકું નામ 'લોકમ્' વાપરીશું. લોકમ્ સ્કૂલમાં જઈને અંગ્રેજી અને સંગીત શીખેલાં. આઠ મહિના લક્ષ્મીબેન જોડે અને ચાર મહિના તેમના પિતાજી ક્રિષ્નાસ્વામી આયર જોડે રહેતાં. ક્રિષ્નાસ્વામી કસ્ટમ સર્વિસમાંથી વહેલા નિવૃત્ત થઈને મદુરાઈના તેમના ઘેર રહેતા. લોકમ્ માટે યોગ્ય મુરતિયો શોધતા હતા. બીજી બાજુ ચંદ્રશેખર આયર પણ તેમના પુત્ર રામન માટે યોગ્ય પાત્ર શોધતા હતા. આ કામ તેમના દૂરના ભત્રીજા વિશ્વમને સોંપેલું. વિશ્વમે રામનને ઘણી છોકરીઓ બતાવી પણ કોઈની જોડે તૈયાર ન થયા.

એવું બન્યું કે રામન અને તેમના મિત્ર સિવનના ત્યાં

કોઈ કારણસર ગયેલા. ઘર સેઇડાપેટમાં (Saidapet) આવેલી ખેતીવાડી કૉલેજના કમ્પાઉન્ડમાં હતું. આ જ સમયે લોકમ્ વીણા ઉપર ત્યાગરાજની કૃતિની પ્રેક્ટિસ કરતાં હતાં. સિવન એ સમયે ઘેર ન હોઈને બંને જણ પાછા ગયા. સિવને રામનને ઘેર આવવાનું આમંત્રણ આપ્યું. આ આમંત્રણને માન આપીને રામન, C.S. અને એ જ મિત્ર એમ ત્રણ જણ સિવનના ત્યાં આવ્યા. લોકમ્‌ને વીણા વગાડતાં જોઈ. C.S.ને તેમના પિતાને કહ્યા સિવાય આવેલા તે જરાયે ગમેલું નહિ. C.S. કંઈ કહે તે પહેલાં જ રામને જણાવી દીધું કે તેમને છોકરી ગમે છે અને તે સિવનને પત્ર લખીને જણાવશે. C.S.એ જણાવ્યું કે અગાઉની જેમ પિતાજીને આ માહિતી આપવી જોઈએ. બ્રાહ્મણે ૨૮ મે, ૧૯૦૯ના રોજનું લગ્નનું મુહૂર્ત આપ્યું. રામનનાં માતાપિતા વિઝાગાપટમ્ હતાં જ્યારે લોકમ્‌નાં માતાપિતા મદુરાઈમાં હતાં. બીજી જ્ઞાતિઓમાં પેટાજ્ઞાતિઓ હોય છે તેમ બ્રાહ્મણોમાં પણ પેટાજ્ઞાતિઓ હોય છે. રામન બ્રાહાચરન(Brahacharan) અને લોકમ્ વડેમા (Vadema) પેટા જ્ઞાતિના હતા. સિવને જાણી જોઈને તેમના સાસુ-સસરાને જણાવ્યું ન હતું. જ્યારે રામન અને C.S. માટે તે જરાયે મહત્ત્વનું ન હતું.

બંને બાજુએ વડીલો આ નિર્ણયનો ભાગ ન હોઈને ગરમ થયેલા હતા. પણ મદ્રાસ તો આવ્યા. મદ્રાસ આવ્યા પછી બંનેનાં ગોત્રો જુદા છે તે સાંભળીને બંને પક્ષના વડીલો ઊંચાનીચા થઈ ગયા. ચંદ્રશેખર વિશાળ મનના હોઈને તેમને લગ્નનો વાંધો ન હતો. જ્યારે લોકમ્‌ના પિતાજી લગ્નમાં લોકમ્‌ને કન્યાદાન આપવા તૈયાર ન હોઈને ૨૮ મેનાં લગ્ન મોકૂફ રહ્યાં. માંડવો છોડી લીધો અને રસોઇયાઓને ઘેર મોકલી દીધા.

સિવન કન્યાદાન આપવા તૈયાર હતા પણ ચંદ્રશેખર આયરને ઘરના વડીલોના આશીર્વાદ જોઈતા હોઈને લોકમ્‌ના પિતા ક્રિશ્નાસ્વામી આયરને સમજાવવા ઇચ્છતા હતા. ક્રિશ્નાસ્વામીના ભાઈ અનંતનારાયણ અને સિવન ક્રિશ્નાસ્વામી અને મદ્રાસના બ્રાહ્મણોને લગ્ન માટે સમજાવી શક્યા. આથી રવિવાર, ૨ જૂન ૧૯૦૭ના રોજ લોકમ્ અને રામનનાં લગ્ન થયાં. આની નોંધ ૬ જૂન ૧૯૦૭ના દૈનિક હિંદુમાં લેવાયેલી.

### કલકત્તા(કોલકત્તા)

કલકત્તા તે સમયે બ્રિટિશ રાજ્યની રાજધાનીનું શહેર હતું. રામન પશ્ચિમમાં લંડન જવાના બદલે પૂર્વમાં બ્રિટિશ રાજ્યની રાજધાની કલકત્તા ગયા. ઘણા બધા દક્ષિણ ભારતીયો કલકત્તામાં રહેતા. રામને તેમના મિત્ર રાજગોપાલનને બધા સમાચાર આપ્યા. રામન અને લોકમ્ કલકત્તા સ્ટેશને ઊતર્યા ત્યારે તેમને લેવા સ્ટેશને રાજગોપાલન આવેલા. રાજગોપાલન તેમના ત્યાં લઈ ગયા. બપોરના જમ્યા પછી રાજગોપાલને ભાડે આપવાનાં મકાનો જોઈ રાખેલાં, તે જોવા નીકળ્યાં. સાંજ પહેલા ભાડે લેવાનું નક્કી કરીને સાંજના રહેવાનું પણ ચાલુ કરી દીધું. આખું કુટુંબ આવેલું. ઘરનું સરનામું : ૨૬/૪ સ્કૉટ લેઇન

રામન ૧૫ જૂન, ૧૯૦૭ના રોજ આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ જનરલ (Assistant Accountant General) તરીકે સરકારમાં જોડાયા. તેમની ઑફિસ અને વાતાવરણ સરસ હતું. સવારનો નાસ્તો કરીને દશેક વાગે ઑફિસે જવા નીકળતા. ટ્રામ લેવા માટે ઘેરથી થોડુંક ચાલવું પડતું.

સ્કૉટ લેઇનના અંતે ચર્ચ હતું. પહેલા રવિવારે ચર્ચના ઑર્ગનનું સંગીત રામને બારીની જોડે ઊભા રહીને સાંભળ્યા કર્યું. બીજા રવિવારે ઑર્ગનનું સંગીત સાંભળવા માટે આખા કુટુંબને ચર્ચમાં લઈ ગયા. ઘણા સભ્યો માટે બેન્ચ ઉપર ચર્ચમાં વાતો કર્યા વગર બેસવું ખૂબ જ અઘરું હતું. પાછા આવતાં રામન ઉત્સાહપૂર્વક ઑર્ગનનું સંગીત અને ભારતીય વાજિંત્રોનું સંગીત કેટલું જુદું છે તે સમજાવ્યું. રામન સંગીતના વાજિંત્રોનો વિચાર કરતાં કરતાં ઉત્સાહમાં આવી ગયા. ઘણું કામ આ દિશામાં કરવાનું છે, પણ તે કામ કરવાની જગ્યા નથી.

### Indian Association for Cultivation of Science

રામન ઑફિસ જવા ટ્રામનો ઉપયોગ કરતા. ટ્રામ દરરોજ બો બઝાર સ્ટ્રીટમાં (Bow Bazaar Street) થઈને જતી. ઑગસ્ટ મહિનામાં ટ્રામમાં ઑફિસથી ઘેર જતાં કોઈ મકાન ઉપર મોટા અક્ષરે, ''Indian Association for the Cultivation of Science (IACS), ૨૧૦, Bow Bazaar Street'' લખેલું બોર્ડ જોયું. ટ્રામના પછીના સ્ટેશને ઊતરીને IACSના મકાને પાછા આવ્યા. મકાનના મુખ્ય બારણે આવીને બારણું ખખડાવ્યું અને આસુતોષદાએ બારણું ખોલ્યું. રામન દાખલ થયા અને તેમને આ જગ્યા ઉજ્જડ અને નિર્જન લાગી. એવું લાગ્યું કે ઘણા લાંબા સમયથી કોઈ આવ્યું લાગતું નથી. વૈજ્ઞાનિક પ્રવૃત્તિ વિશે પૂછતાં આસુતોષ તેમને અમ્રિતલાલ સરકાર જે મંત્રી હતા

તેમની પાસે લઈ ગયા. રામને એસોસિએશનને લગતો પ્રશ્ન પૂછ્યો. અમ્રિતલાલે સામાં પ્રશ્નમાં રસ લેવાનું કારણ પૂછ્યું. તેના જવાબમાં રામને તેમની ઓળખાણ આપી અને ભૌતિકશાસ્ત્રના પ્રયોગો અને સંશોધનની વાત કરી. રામન મોટા સરકારી અધિકારી છે તે જાણીને અમ્રિતલાલ અચંબો પામી ગયા. આ પ્રયોગશાળામાં રામન પ્રયોગો કરવા માગે છે તે જાણી અમ્રિતલાલ ખૂબ જ આનંદમાં આવી ગયા અને કહ્યું, ''હમણાં સુધી તમારા જેવાની અમે રાહ જોતા હતા. આજથી આ સંસ્થા તમારા હાથ નીચે છે.'' અમ્રિતલાલે ખૂબ જ ઉત્સાહથી રામનને આવકાર્યા અને પ્રયોગો માટે જરૂરી સાધનો પણ લાવી આપવા જણાવ્યું. આખો હૉલ રામન અને આસુતોષે સાફ કર્યો. પછી પ્રયોગશાળાનાં સાધનો વ્યવસ્થિત ગોઠવ્યાં. આ પછી જ રામન ઘેર ગયા. જે બહુ દૂર ન હતું.

ડૉ. મહેન્દ્રલાલ સરકારના પ્રયત્નથી ૧૮૭૬માં Indian Association for the Cultivation of Scienceની સંસ્થા સ્થપાયેલી. આ હેતુથી બંગાળની સરકારે ૨૧૦, બો બઝાર સ્ટ્રીટનું મકાન આ સંસ્થાને આપેલું. ભારતમાં આ સંસ્થા પહેલી જ હતી કે જેણે વિજ્ઞાનના સંશોધનનું કામ માથે લીધું હોય. તેઓ એવું માનતા કે સંશોધન કેન્દ્ર હશે તો કોઈ દિવસ યુવાનવર્ગ સંશોધન કરવા કે નવું શીખવા આવશે જ. એ જ આશાએ બંધાવેલું. શરૂઆતમાં વપરાતું પણ છેલ્લા ઘણા વખતથી વપરાયા વગર જ હતું. લાઇબ્રેરીમાં પાયાનાં અને નવાં પુસ્તકો હતાં. જુલાઈ ૧૯, ૧૮૭૬ના રોજ IACSનું ઉદ્‌ઘાટન થયેલું. વિઝિનગરનૂના (Vizinagaran) મહારાજાએ આની પ્રયોગશાળા અને સાધનો માટે તે જમનામાં ૨૫,૦૦૦ રૂ.નું દાન આપેલું. આ પ્રયોગશાળાનું મકાન ૧૪૧ ફૂટ લાંબું અને ૬૬ ફૂટ પહોળું છે. ત્રણ વિશાળ અને પાંચ નાના રૂમો છે.

IACSની પહેલી મુલાકાત પછી બધુ સરળતાથી ચાલતું હતું. સવારના વહેલા એટલે કે સવારના સાડા પાંચની આસપાસ રામન IACSમાં આવી જતા. પ્રયોગોમાં મશગૂલ બની જતા. સવારના ૯:૪૫ ઘેર આવીને જલદી જમીને તૈયાર થઈને ક્ષણનાયે વિલંબ વગર અગિયાર વાગે ઑફિસે પહોંચી જતા. પાંચ વાગે છૂટીને સીધા IACS પહોંચી જતા અને રાતના મોડા જમવાના સમયે ઘેર આવતા. રવિવારે પણ IACSમાં રામન હોય જ.

અમ્રિતલાલ, રામનને જે જોઈએ તે સાધનો લાવી આપતા. રાતના કે દિવસના જ્યારે રામને IACSનું બારણું ખખડાવ્યું હોય, ત્યારે આશુતોષ બાબુએ બારણું ખોલ્યું જ હોય.

રામને અગત્યની સંશોધનની યોજનાઓ લઈને IACSમાં સફળતાપૂર્વક પૂર્ણ કરીને વિજ્ઞાનની દુનિયામાં જાણીતાં સામયિકો Nature, The Philosophical Magazine (લંડનથી પ્રસિદ્ધ થતું) અને Physical Reviewમાં (અમેરિકાથી પ્રસિદ્ધ થતું) સંશોધનો પ્રસિદ્ધ કર્યાં. આ કામના કારણે રામન યુરોપ અને અમેરિકામાં જાણીતા થયા. અને તે પણ ભારતની બહાર પગ મૂક્યા વગર. કલકત્તામાં ઘણી વખત ભૌતિકશાસ્ત્રના જુદા જુદા વિષયો લઈને પ્રયોગો સાથે સામાન્ય પ્રજાને સમજ પડે તેવાં ભાષણો આપતા. રામન સરસ વક્તા હોઈને કલકત્તામાં પણ જાણીતા હતા.

જ્યારે તેમના પિતા નાતાલની રજાઓમાં આવેલા ત્યારે વાયોલિન સાથે લાવેલા અને C.S.ની જોડે થોડાંક ગીતોની પ્રેક્ટિસ કરાવેલી. તેમના પિતા સરસ વાયોલિન વગાડતા. C.S.ને વાયોલિન વગાડતાં શીખવાડી. જતા C.S.ને આ વાયોલિનની ભેટ આપી.

બધું ધારવા પ્રમાણે ન થાય. રામનની બદલી રંગૂનમાં (હાલના માયનામાર) થઈ. આ નવી જગ્યા કરન્સી ઑફિસર (currency officer) તરીકે હતી. રાતના અહીંયાં રહેવાનું ફરજિયાત હતું. ઘરમાં પ્રયોગશાળા ચાલુ કરી. રંગૂનમાં થોડોક વખત રહ્યા પછી તેમના પિતાની માંદગીના સમાચાર મળતાં મદ્રાસ ગયા. પહોંચ્યા પછી તેમના પિતાનું નિધન થયું. બધી વિધિ પતાવીને રંગૂન પાછા આવ્યા. થોડાક સમય પછી રંગૂનથી નાગપુર બદલી થઈ. નાગપુરમાં વધારે રહેવાનું ન થયું. નાગપુરથી ૧૯૧૧માં કલકત્તા એકાઉન્ટન્ટ જનરલ તરીકે બદલી થઈ. રામને IACSની નજીક મકાન ભાડે રાખ્યું જેથી આવવા જવાનો સમય બચી જાય. આસુતોષદા આસુબાબુથી ઓળખાતા. આસુબાબુ પ્રયોગશાળામાં ચોવીસે કલાક અને ત્રણસોને પાંસઠ દિવસ હાજર જ હોય. આસુબાબુએ હાઈસ્કૂલ જ પૂરી કરેલી. રામન અને આસુતોષના નામથી સંશોધન પેપરો પણ પ્રસિદ્ધ થયાં છે.

રામનને ભૌતિકશાસ્ત્ર ગમતું હતું, પણ સાથે સાથે નોકરી વફાદારીપૂર્વક અને પૂરા ખંતથી કરતા હતા. આથી વાઇસરૉય કાઉન્સિલના નાણાખાતાના સભ્યે, ''Venkataraman is the most useful worker in the department; in fact, he is one of the best officers.'' ૧૯૦૭થી ૧૯૧૭ સુધીમાં ૨૭ સંશોધન

પેપરો પ્રસિદ્ધ કરેલાં. આના કારણે ૧૯૧૨માં કર્ઝનનો સંશોધન એવૉર્ડ અને ૧૯૧૩માં વુડબર્ન (woodburn) સંશોધન મેડલ રામનને આપેલા.

### કંપન (Vibration) અને ધ્વનિવિજ્ઞાન (Acoustic)

એકોસ્ટિક (ધ્વનિ વિજ્ઞાન) એ વિજ્ઞાનની શાખા છે જેમાં ધ્વનિનો અભ્યાસ કરવામાં આવે છે. રામને તેમના પિતાને વાયોલિન વગાડતાં જોયેલા અને સાંભળેલા, ત્યારથી જ સંગીતનાં વાજિંત્રો વિશે જાણવાની ઇંતેજારી હતી. ઓછામાં પૂરું રામન જ્યારે IASCમાં આવ્યા ત્યારે હેમહોલ્ટ્ઝનું (Hemholtz) પુસ્તક "The Sensations of Tone (ધી સેન્સેશન્સ ઑફ ટોન)" તેમને મળ્યું અને આ પુસ્તકે તેમને સંગીતનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરવા પ્રેરેલા. ૧૯૦૭થી ૧૯૧૭ સુધી રામને કંપન અને ધ્વનિ ઉપર સંશોધન કર્યું. સંગીતનાં વાજિંત્રોને બે ભાગમાં વહેંચી શકાય. વાજિંત્રોમાં તાર કે દોરાને બંને છેડે તાણીને બાંધવામાં આવ્યા હોય છે અને આ જાતનાં વાજિંત્રો જેવાં કે તંબુરો (એક તારવાળો), વાયોલિન, વીણા, સિતાર વગેરે છે. બીજી જાતનાં વાજિંત્રો વગાડવામાં આવે છે. આવાં વાજિંત્રોને અંગ્રેજીમાં percussion instruments કહેવામાં આવે છે. તબલાં (Tabla), મૃદંગ (બંને બાજુ વગાડાય તેવું તબલા જેવું, mridanagam).

પાયથાગોરસના સમયથી તારવાળાં કે દોરીવાળા સંગીતનાં વાજિંત્રો તાર કે દોરીના કંપવાથી આનંદ આપતું મધુર સંગીત પેદા કરે છે તે જાણીતું હતું. રામને પ્રયોગોથી અને ગણિતની મદદથી તારવાળાં કે દોરીવાળાં સંગીતના વાજિંત્રોથી પેદા થતા મધુર સંગીતનો અભ્યાસ કર્યો. તેમણે જોયું કે આ સંગીત વાજિંત્રના આકાર ઉપર પણ આધાર રાખે છે. આ વાજિંત્રો પોલાં હોઈને તેમના પણ આવર્ત (Primary resonent and frequency) હોય છે. આથી તારવાળાં કે દોરીવાળાં વાજિંત્રોમાં બે આવર્તો હોઈને કોઈ વખતે ખૂબ જ મોટો કંપન વિસ્તાર (amplitude) બનીને તકલીફ પડી શકે. આ વુલ્ફ નોટ (Wolf Note)થી ઓળખાય છે. આનો પણ અભ્યાસ કર્યો. અખતરામાં કાર્બનનો દીવો, દર્પણ, ટ્યૂનિંગ ફૉર્ક (Tuning fork) અને ફોટો પ્લેટ (Photo plate)નો ઉપયોગ કરીને તાર કે દોરી કંપનની ફિલ્મ લઈને રામને ઘણીબધી નવી હકીકતો શોધી કાઢી. તારની વચ્ચે મૂકવામાં આવતા box કે ટેકાનો પણ અભ્યાસ કર્યો.

વાયોલિનનો પણ ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. રામનની ખાસ ખાસિયત. પ્રયોગનાં સાધનો જાતે બનાવવાં. આ અભ્યાસ માટે પ્રયોગશાળામાં બિન ઉપયોગી પડેલી વસ્તુઓ અથવા જરૂર પડે સાઇકલ રીપેર કરનારની દુકાનેથી ખરીદી લાવેલી વસ્તુઓ વાપરીને સાધનો બનાવીને વાયોલિનના કંપનનો અભ્યાસ કર્યો.

અથડાવીને વગાડવામાં આવતાં ભારતીય સંગીતનાં વાજિંત્રો જેવાં કે તબલાં, મૃદંગ (Mridangam) વગેરેના અવાજથી મુગ્ધ થયેલા. આપણા પૂર્વજોએ તેમની સંગીતની ઊંડી સમજનો ઉપયોગ કરીને આ વાજિંત્રો બનાવેલાં છે. પશ્ચિમના દેશોનાં તબલાંઓમાં કર્ણ પ્રિય અવાજ નથી જેમાં તાણીને બાંધેલી પાતળી ઢાલને જુદી જુદી રીતે થાબડીને જુદા જુદા પ્રકારના અવાજો નીકળે છે જે મધુર નથી. જ્યારે ભારતના તબલાંઓમાં તાણીને બાંધેલું કાપડ કે ચામડું એ રીતે બનાવવામાં આવે છે કે જેથી મધ્યમાં ગાઢ હોય અને કિનારે પાતળું હોય. રામને આનું પૃથક્કરણ કરીને બતાવ્યું કે આ કાપડનું કે ચામડાનું કંપન થાય છે ત્યારે અમુક પ્રકારના અવાજો મધુર બને છે. આથી આપણા તબલાંઓમાંથી આવતા અવાજો મધુર હોય છે.

રામને પિઆનો (Piano) અને જલતરંગનું આવું જ પૃથક્કરણ કર્યું છે. રામન આ વિષયના નિષ્ણાત હતા. સંગીતના વાજિંત્રો ઉપરના રામનના સંશોધનના લેખોએ જર્મનીમાં આ દિશામાં રસ ઊભો કર્યો. આથી રામનને Handbook der Physicના પ્રકાશકે સમીક્ષા લેખ (Review article) લખવા માટે આમંત્રણ આપ્યું. રામને આ લેખ અંગ્રેજીમાં લખ્યો અને પ્રકાશકે તેનું ભાષાંતર જર્મનીમાં કરાવ્યું.

### આખરે પૂરો સમય વૈજ્ઞાનિક

રામનનું અડધો સમય ભૌતિકશાસ્ત્રમાં સંશોધનનું કામ અને લોકપ્રિય વ્યાખ્યાનો અદ્‌ભુત હોઈને તેમની શાખ પ્રતિભાશાળી ભૌતિકશાસ્ત્રી તરીકે પ્રચલિત બની. આના કારણે યુનિવર્સિટી ઑફ કલકત્તા(UC)એ તેમને ભૌતિકશાસ્ત્રના પાલિત અધ્યાપક તરીકે જોડાવવા માટે વિનંતી કરી જે તુરત જ તેમણે સ્વીકારી. યુનિવર્સિટીની સેનેટમાં ઘણાબધા બ્રિટિશરો હતા જે આ પદ માટે સામાન્ય રીતે બ્રિટનમાં ભણેલા અને Ph.D.ની ડિગ્રી ધરાવનારા હોવાની અપેક્ષા રાખે. રામનને પરદેશ જવાની ના પાડેલી અને તેમનું સંશોધનનું કામ Ph.D. કરતાં ઘણું વધારે હોઈને ઉપકુલપતિ તેમની નિમણૂક સેનેટ દ્વારા કરાવી શક્યા. તદ્‌ઉપરાંત રામનને માનદ્ D.Sc.ની ડિગ્રી

યુનિવર્સિટી ઑફ કલકત્તાએ આપેલી.

યુનિવર્સિટીની સેનેટે ૩૦ જાન્યુઆરી, ૧૯૧૪ના રોજ નીચેનો ઠરાવ પસાર કર્યો :

Dr. P. C. Ray and Mr. C. V. Raman, MA... The appointment of each professor shall be permanent. A Professor shall vacate his office upon complation of sixtieth year of age.

પાલિત અધ્યાપક તરીકે જોડાતાં તેમનો પગાર લગભગ અડધો થઈ ગયો અને બીજુ ઘણુંબધું પડતું કરવું પડ્યું. જેનો તેમણે કોઈ દિવસ અફસોસ કર્યો નથી. તેમનું મન ભૌતિકશાસ્ત્રમાં રચ્યુંપચ્યું રહેતું. આ સંશોધન માટેની જગ્યા હતી છતાંય તેઓ M. A. અને M.Sc.ના વર્ગોને ભણાવતા. ઘણી વખત એકસાથે કલાકોના કલાકો ભણાવતા પણ કોઈ વિદ્યાર્થી ચું કે ચા ન કરતો, કારણ કે તેમનું ભણાવવાનું ખૂબ જ સરસ હતું અને રામન ખૂબ જ પ્રેરણાદાયી અધ્યાપક હતા.

કલકત્તા અને બનારસ હિન્દુ યુનિવર્સિટીઓના પ્રતિનિધિ તરીકે રામન બ્રિટિશ યુનિવર્સિટીઓની કૉન્ફરન્સમાં ૧૯૨૧માં દરિયાઈ માર્ગે એસ. એસ. નાકુન્ડા (S S Narkunda) દ્વારા પહેલી વખત પરદેશ ગયેલા. બ્રિટનથી પાછા વળતાં ભૂમધ્ય સમુદ્રમાં જહાજના ડેક ઉપર હતા ત્યારે સમુદ્રના ગહન વાદળી (deep blud) રંગથી આકર્ષાયા અને આનાં કારણો શોધવા માંડ્યા. તેમને લૉર્ડ રાલીનો (Raleigh) ખુલાસો યોગ્ય ન લાગ્યો. દરિયામાં જે દેખાય છે તે આકાશનું દરિયામાં પ્રતિબિંબ છે. જ્યારે આકાશ ભૂખરું હોય ત્યારે પણ દરિયો તો વાદળી જ હોય છે.

લૉર્ડ રાલી વિદ્યાર્થી રામનના સંશોધન લેખને અધ્યાપક રામનનો લેખ માને છે. લૉર્ડ રાલી તે સમયના ભૌતિકશાસ્ત્રના જાણીતા અધ્યાપક હતા અને તેમને ૧૯૦૪માં નોબેલ પ્રાઇઝ પણ મળેલું. આકાશ વાદળી કેમ છે તે સમજાવનારા પ્રથમ વૈજ્ઞાનિક હતા. પૃથ્વી ઉપર વાતાવરણ ન હોય તો કાળું આકાશ અને સફેદ સૂર્ય જ દેખાત, પણ વાતાવરણ હોઈને, સૂર્યનાં કિરણો વાતાવરણના વાયુઓમાં થઈને નીચે આવે છે. સૂર્યનાં કિરણોની પૃથ્વીના વાતાવરણમાં રહેલા વાયુઓના પરમાણુ જોડે ક્રિયાપ્રતિક્રિયા થાય છે. આથી કિરણો બધી દિશામાં ફેલાય (Scatter) છે. વાદળી કિરણ સૌથી વધુ વેરવિખેર થાય છે. આથી આપણી આંખોમાં દરેક દિશામાંથી વાદળી કિરણો આવે છે. જ્યારે લાલ અને પીળાં કિરણો ઓછામાં ઓછાં વેરવિખેર થાય છે, આ જાતનો વેરવિખેર રાલી વેરવિખેર (Ralieigh Scattering) તરીકે ઓળખાય છે. પ્રકાશના કિરણોના ફોટોન વાતવરણના પરમાણુઓ જ્યારે ક્રિયાપ્રતિક્રિયા કરે છે ત્યારે તેમની ઊર્જા બદલાતી નથી. આથી પ્રકાશનો રંગ બદલાતો નથી. આ જાતના વેરવિખેરને elastic scattering કહેવાય છે.

જ્યારે લંડનથી દરિયાઈમાર્ગે ભારત પાછા આવતા હતા ત્યારે અણથક વૈજ્ઞાનિક રામનની પાસે પ્રયોગનાં નાનાં સાધનો હતાં : સમયપાદ ઘન (prism), નાનો Spectroscope અને difraction grating. આનો ઉપયોગ તેમણે આકાશ અને દરિયાનો અભ્યાસ કરવામાં કર્યો. અને તેમણે જોયું કે જે પ્રમાણે વાતાવરણના વાયુના પ્રકાશના કિરણોને વેરવિખેર (Scatter) કરે છે તે જ પ્રમાણે દરિયાના પાણીના પરમાણુ પ્રકાશના કિરણોને વેરવિખેર કરે છે અને આને કારણે દરિયો ગહન વાદળી દેખાય છે. આ પરિણામો માસિક નેચરને મોકલી આપ્યાં.

જ્યારે ભારત પાછા આવ્યા તે પછી તે અને તેમનું લશ્કર પ્રકાશના વેરવિખેરનો અભ્યાસ કરવા મંડી પડ્યું.

### કૉમ્પટન (compton)

૧૯૨૩માં કૉમ્પટને બતાવ્યું કે x-ray જ્યારે ઇલેક્ટ્રૉન્સના સંપર્કમાં આવે ત્યારે x-ray તેની ઊર્જા ઇલેક્ટ્રૉનને દાનમાં આપીને ઓછી ઊર્જાથી આગળ વધે છે. કૉમ્પટને બતાવ્યું કે વેરવિખેર બિન-સ્થિતિસ્થાપક (inelastic) શક્ય છે. આ પરિણામનું મહત્ત્વ એ છે કે classical electrodynamicsમાં x-ray અને બીજાં electromagnetic radiation સ્થિતિસ્થાપક છે જ્યારે quantum theoryમાં બિન સ્થિતિસ્થાપક છે જે quantum theoryને ટેકો આપે છે. આ પરિણામ મેળવવા માટે કૉમ્પટનને ૧૯૨૭માં નોબેલ પ્રાઇઝ મળેલું. બિન સ્થિતિસ્થાપક વેરવિખેરના કારણે x-rayની તરંગ લંબાઈમાં વધારો થશે. જોઈ શકાય તેવા પ્રકાશની તરંગ લંબાઈ બદલાય તો તેમનો રંગ પણ બદલાય.

### રામન અસર (The Raman Effect)

રામન અને રામનના વિદ્યાર્થીઓ (પ્રકાશનું) વાયુઓમાં, પ્રવાહીઓમાં અને પદાર્થોમાં પ્રકાશનું વેરવિખેર(Scattering) થવાનો અભ્યાસ કર્યો. સૂર્યના પ્રકાશને ગાળીને એક જ રંગનો પ્રકાશ (monochromatic) લઈને ૬૦ પ્રકારના પ્રવાહી લઈને તેમાંથી એક

જ રંગનો પ્રકાશ પસાર કરતાં એપ્રિલ ૧૯૨૩માં સહેજ રંગ બદલાતો જોયો. ૧૯૨૭માં પ્રવાહી તરીકે ગ્લિસરીન (glycerine) લેતાં ખરેખર રંગ બદલાયેલો જોયો.

"The highly interesting result that the colour of sunlight scattered in a highly purfied sample of glycerine was a brilliant green instead of usual blue."

પ્રકાશ કણોનો બનેલો છે અને આ કણો ફોટોન્સ (Photons) કહેવાય છે. ફોટોનની ઊર્જા તેના આવર્તનના (Frequency) પ્રમાણસર હોય છે. આ આવર્તનથી પ્રકાશ મુસાફરી કરે છે. જ્યારે પ્રકાશ પણ માધ્યમાંથી પસાર થાય છે ત્યારે પ્રકાશ ખૂબ જ વધારે ગતિથી માધ્યમના પરમાણુઓને અથડાય છે અને પાછા ઊથલી પડે છે અને જુદી દિશામાં વેરવિખેર થાય છે. આ વેરવિખેરની દિશા કયા ખૂણે પરમાણુને અથડાય છે તેના ઉપર આધારિત છે. આ વેરવિખેર થવાનું મોટા ભાગે સ્થિતિસ્થાપક (elastic) છે - ફોટોન તેમની ઊર્જા સાચવી રાખે છે. કોઈ કોઈ વખત માધ્યમનો પરમાણુ જે ફોટોન જોડે અથડાય છે તે તેની ઊર્જા ફોટોનને આપે કે ફોટોનની ઊર્જા લે છે. આથી પ્રકાશના ફોટોનની ઊર્જા ઓછી થાય કે વધે. આથી ફોટોનનો આવર્તન વધે કે ઘટે એટલે (આ પ્રકાશના) ફોટોનની તરંગ લંબાઈ વધે કે ઘટે. આથી અહીંયાં આપણે એક રંગના પ્રકાશના કિરણમાંથી બીજા રંગના પ્રકાશના કિરણમાં જઈએ છીએ. આ રામન અસર તરીકે ઓળખાય છે.

રામન અસર એ ખૂબ નબળી અસર છે. વેરવિખેર થયેલા દસ લાખ ફોટોનોની તરંગ લંબાઈ બદલાયા વગર રહેશે જ્યારે દશ લાખ ફોટોનોમાં એક ફોટોનની તરંગ લંબાઈ બદલાઈ હશે. આના કારણે રામન પહેલાં આ અસર શોધાયેલી ન હતી. આનું સ્પેક્ટ્રમ જુદા પ્રકારનું છે. બદલાયેલી તરંગ લંબાઈની બે કાળી રેખાઓ દેખાશે. આ સ્પેક્ટ્રમ આપણને પરમાણુના માળખાનો ગુણધર્મો સમજવામાં મદદરૂપ છે.

રામન અસર શરૂઆતથી જ અગત્યનું યોગદાન ગણાય છે. પહેલી નોંધ ૧૬ ફેબ્રુઆરી, ૧૯૨૮ના રોજ 'Nature'માં મોકલી આપેલી. રામનના લખાણનો ખ્યાલ આવે તે માટે તે નોંધ નીચે આપી છે.

We should expect also in the case of ordinary light two types of scattering. one determined by the normal optical properties of the atoms or molecules and another representing the effect of their fluctuations from their normal state. (His experiment showed that) in every case in which light is scattered by the molecules in dust-free liquids or gases, the diffuse radiation of the ordinary kind, having the same wave length as the incident beam, is accompanied by a modified scattered radiation of the degraded frequency.

આ નોંધ રામનની સરળ ભાષા અને સીધેસીધી વાત કરવાની રીતનો ખ્યાલ આપે છે.

રામન અસર શરૂઆતથી જ અગત્યનું યોગદાન ગણાય છે. પહેલી નોંધ Natureમાં ૩૧ માર્ચ, ૧૯૨૮માં પ્રસિદ્ધ થઈ. આ શોધ માટે ઇટાલિયન સોસાયટી ઑફ સાયન્સે ૧૯૨૮નો મેટ્ટ્યુસ્સિ (Matteucci) મેડલ રામનને આપ્યો. યુનિવર્સિટી ઑફ ફ્રેઇબર્ગે (Freiburg) રામનને માનદ Ph.D.ની ડિગ્રી ૧૯૨૯માં એનાયત કરી. ૧૯૨૯માં બ્રિટને સર (Sir)નો ઇલ્કાબ આપ્યો. ૧૮ May, ૧૯૨૯ના રોજ બીજા પુત્ર રાધાક્રિશ્નનનો જન્મ થયો.

### C. V. Raman : Noble lecture, ૧૯૩૦

આલ્ફ્રેડ નોબેલ (Alfred Nobel) સ્વીડિશ રસાયણશાસ્ત્રી, એન્જિનિયર અને ઉદ્યોગપતિ હતા. તેમણે દારૂગોળો શોધેલો. ૧૮૯૫માં તેમના વિલમાં (Will) જણાવેલું કે નીચેના પાંચ ક્ષેત્રો ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, મેડિસિન, સાહિત્ય અને શાંતિમાં આગલા બાર મહિનામાં માનવજાતને વધારેમાં વધારે ઉપયોગી નીવડ્યા હોય તેમને પુરસ્કાર આપવામાં આવે. અર્થશાસ્ત્રનો એવૉર્ડ ૧૯૬૯થી વ્યક્તિગત ફાળાથી શરૂ થયો. પહેલવહેલા પુરસ્કારો ૧૯૦૧માં અપાયેલા. સામાન્ય રીતે ૧૦ ડિસેમ્બરના રોજ પુરસ્કારો સ્વીડનના રાજાના હાથે અપાય છે. હાલમાં એક પુરસ્કારની કિંમત ૧૦,૦૦૦,૦૦ SEK છે જેની કિંમત US $ ૧૧,૪૫૦,૦૦ છે. ૧૯૩૦ના ઇનામ માટે ૨૧ ભૌતિકશાસ્ત્રીઓનાં નામ આવેલાં. રામનને ૧૯૩૦ નોબેલ પુરસ્કાર રામન અસર અને સ્પેક્રોમીટરની રામન સુરેખાઓ શોધવા માટે આપવામાં આવેલો. તેમને ૪૨ વર્ષની વયે નોબેલ પુરસ્કાર મળ્યો. સામાન્ય રીતે શોધ થયા પછી ૨૦ વર્ષે તેની ઉપયોગિતાની ખબર પડે. રામનની શોધની ઉપયોગિતાની ખબર જલદીથી મળી. આથી તેમને જલદીથી નોબેલ

પુરસ્કાર મળ્યો. રામનની શોધ ક્વૉન્ટમની થીયરીની પણ સાબિતી આપે છે. કલકત્તા શહેરમાં ૧૯૧૫થી ૧૯૩૮ સુધી મૌલિક કામો રામનને કેન્દ્રમાં રાખીને થયાં. આ કામો MIT, હાર્વર્ડ, સ્ટેનફર્ડ વગેરે જ્યાએ થતાં મૌલિક કામોની બરાબરી કરી શકે તેવાં હતાં. રામનને ૧૯૩૦નું ઇનામ તેમને જ મળશે તેવો વિશ્વાસ હોઈને મુંબઈથી સ્ટૉકહોમ જતી સ્ટીમરની બે ટિકિટો ખરીદેલ અને ડિસેમ્બર ૧૦, ૧૯૩૦ના રોજ સ્વીડનના રાજાના હાથે રામનને નોબેલ પુરસ્કાર અપાયો.

નોબેલ પુરસ્કાર મેળવવા માટે રામનનું બહુમાન કરવા માટે કલકત્તા સિટિ કૉર્પોરેશને મોટો સમારંભ ૨૬ જૂન, ૧૯૩૧ના રોજ ગોઠવેલો. મેયરે સન્માનપત્ર વાંચ્યો અને ખાદી પર છાપેલો અને સોનેરી ભરતકામથી મઢેલો સન્માનપત્ર રામનને અર્પણ કર્યો જેમાં છેલ્લે અંતમાં, ''May you, by your continued efforts, shed further luster on this city and bring greater glory to our Motherland, this ancient home of learning and knowledge.''

રામને તેવી જ લાગણીથી બે બંગાળીઓ મહેન્દ્રલાલ સરકાર અને આસુતોષ મુખરજીને શ્રદ્ધાંજલિ અર્પી અને IASC માટે, ''It is my earnest desire that its laboratory and library should be re-built and re-equipped so as to make their resources comparable with those of leading institutions abroad. If that desire were accomplishad, not all the appointments in India joind together and offered to me as one gift would induce me to leave this great city.''

''For nearly a quarter of a century, it had been my privilege to live and work in this great city, and I have learnt to love it as my home.''

IASC રામનના વહીવટમાં ઘણું મજબૂત બન્યું. ૨૪ માણસો સંશોધનનું કામ કરતા હતા, આશરે ૬૭૦૦ Rs. scholarship અપાતી અને આ સંસ્થા International સંસ્થા બને તેવા પ્રયાસો ચાલતા હતા.

### ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બેંગલોર (IISc)

''It is no longer necessary to look for directors in England when India has as distinguished a cendidtate as Raman'' એમ લૉર્ડ રધરફોર્ડે તાતાને જણાવ્યું.

મૈસૂરના (Mysore) મહારાજાએ ૩૦૦ એકર જમીન અને દર વર્ષે ૫૦,૦૦૦ રૂ. આપવાનું વચન આપ્યું, સર જમશેદજી તાતાએ દર વર્ષ ૧,૨૮,૦૦૦ આપવાનું વચન આપેલું. તાતા અને મૈસૂરના મહારાજાએ ૧૯૧૧માં IIASc સ્થાપેલું. શરૂઆતમાં ત્રણ વિભાગો (૧) General and Applied chemistry (૨) Carbonic chemistry (૩) Electrical Technology હતા. ઘણાખરા બ્રિટિશ અધ્યાપકો હતા અને ડિરેક્ટર પણ બ્રિટિશ જ હતા. આ બધાંનો પગાર બ્રિટનમાં આપવામાં આવતા પગારથી ચાર ગણો હતો. ચોથા ડિરેક્ટર માર્ટીન ફોર્સ્ટર (Martin Forster) એપ્રિલ ૧૯૩૩માં નિવૃત્ત થવાના હોઈને નવા ડિરેક્ટરની શોધમાં એક ભારતમાં અને બીજી બ્રિટનમાં એમ બે કમિટીઓ હતી. તેઓ પ્રજા અને બધા જાણીતાઓ પાસેથી ડિરેક્ટર માટે યોગ્ય નામોની યાદી તૈયાર કરી રહ્યા હતા. બ્રિટનની કમિટીએ ભારતની કમિટિને જણાવ્યું કે જો રામન ન સ્વીકારે તો આપેલા લિસ્ટમાંથી કોઈનો વિચાર કરીશું. IIScની કાઉન્સિલે પણ સર સી. વી. રામનને ડિરેક્ટર બનાવવાની ભલામણ કરી. રામનના માટે મોટું આશ્ચર્ય હતું, કારણ કે તેમણે આ જગ્યા માટે અરજી કરી ન હતી.

### અલવિદા કલકત્તા

રામન કલકત્તાને તેમનું ગણતા હોઈને ઉતાવળમાં કોઈ પગલું ભરવા માગતા ન હતા. બેંગલોર ન ગમે તો કલકત્તા પાછા આવી શકાય તે માટે તેમણે ૧૫ મહિનાની વગર પગારે રજા માગી, પણ યુનિવર્સિટીએ આ રજા મંજૂર ન કરી. IAScને ભારતની પ્રગતિ માટે ખૂબ જ અગત્યનું ગણતા. આના કારણે વિજ્ઞાનનો પ્રચાર કરીને તે ભારતના વિકાસમાં ખૂબ જ મોટો ફાળો આપી શકશે. ૧૯૩૨ના અંત ભાગમાં કલકત્તાના છાપામાં રામનની વિરુદ્ધ કોઈએ IAScની મૅનેજમેન્ટ અને યુનિવર્સિટીની મૅનેજમેન્ટ માટે લખ્યું. રામન દક્ષિણ ભારતના લોકોને બંગાળી કરતાં વધારે મહત્ત્વ આપતા હતા તે જાતની ફરિયાદ હતી. તે સમયે બંગાળમાં 'સ્વદેશી'ની ચળવળ ચાલતી હતી. એમને મન સ્વદેશી એટલે ફક્ત બંગાળની જ. બંગાળમાં ખૂબ જ જાણીતા વૈજ્ઞાનિક બંગાળી નહિ. એ સમયમાં IAScના સભ્ય ૫૦૦ રૂ.ની સભ્ય ફી ભરીને બની શકાતું. આ બધા સભ્યો IAScનો વહીવટ કરતા. શ્યામપ્રસાદ મુખરજીએ તે સમયે આના બંગાળી સભ્યો બનાવીને IAScનો કબજો

લઈને રામનને મંત્રીપદેથી દૂર કર્યા. રામને IASc સંસ્થા કે જે ખાડામાં પડેલી સંસ્થા હતી તેને મહેનત કરીને વિશ્વમાં જાણીતી સંસ્થા બનાવેલી. જે સંસ્થામાં રામને લોહી રેડીને મોટી બનાવેલી તે સંસ્થામાંથી બંગાળીઓએ રામનને તે બંગાળી ન હોવાના કારણે કાઢી મૂક્યા!! આપણી હલકટતા કેટલે પહોંચી શકે તેનો આ નમૂનો છે.

કલકત્તાએ રામનની શક્તિઓ ઓળખી અને વિકાસ કરવાની તક આપી. તે જ કલકત્તા રામનની અદ્‌ભુત સફળતા સહન ન કરી શક્યું. સફળતા દ્વેષ ઊભો કરે છે. આવું જ કંઈક રામન માટે બન્યું. રામન આખાબોલા હોઈને તેમનું સારું ઇચ્છનારો વર્ગ ઘટતો ગયો. રામન દક્ષિણના માણસોનો પક્ષપાત કરે છે તે ખોટો આક્ષેપ હતો. હા, જરૂરથી દક્ષિણથી આવનાર સહકાર્યકરને રહેવા-જમવાની સગવડ શરૂઆતમાં કરી આપવા મથતા હતા. રામન જરાયે બંગાળીઓ વિરુદ્ધ ન હતા. આવા બધા પ્રદૂષિત વાતાવરણમાં રહેવાના બદલે નવી તક મળી તે IASc અને યુનિવર્સિટી છોડવી ગમતી નહતી, પણ કચવાતા મને તે બધુ છોડવાનો નિર્ણય લઈને IIScની ડિરેક્ટરશિપ ભૌતિક વિભાગ શરૂ કરવાની શરતે સ્વીકારી. અલવિદા કલકત્તા....

### IIScના ડિરે□ટર

મહેન્દ્રલાલ સરકાર (૧૮૩૩-૧૯૦૪) અને જમશેદજી તાતા (૧૮૩૯-૧૯૦૪)ની શિક્ષણ માટેની સરખી કલ્પનાઓ હતી. બંને જણની કલ્પનામાં સંશોધનનાં અનોખાં કેન્દ્ર બનાવવાનું હતું. બંને જણ તેમનાં સ્વપ્નાં પૂરાં થાય તે પહેલાં વિદાય થયેલા. રામન IAScને સજીવ કરી શકેલા, કારણ કે તેમાં લગભગ શૂન્યમાંથી શરૂ કરવાનું હતું અને સ્ટાફ પૈસા માટે કામ કરતો ન હોઈને તેમને મનપસંદ કામ કરવાનું હતું અને IIScમાં અડધું ચાલુ હતું અને સ્ટાફ પૈસા માટે જ જીવતો હતો.

રામને ભૌતિકશાસ્ત્ર વિભાગ શરૂ કરવાની શરતે ડિરેક્ટર બનવાનું સ્વીકારેલું. રામન કુટુંબે ૧ એપ્રિલ પહેલાં IISc પહોંચવા સ્ટીમર S S Mulbera (એસ એસ મૂલબેરા) જે કલકત્તા-લંડન વચ્ચે મદ્રાસ રોકાતી તે લીધી. કલકત્તાથી ૨૪ માર્ચના રોજ ઊપડી અને ૨૮ માર્ચના રોજ મદ્રાસ પહોંચી. મદ્રાસથી ગાડી ચલાવીને બેંગલોર ૩૦ માર્ચ, ૧૯૩૩ના રોજ પહોંચ્યા. ૧એપ્રિલના રોજ રામને IIScનો ચાર્જ સંભાળી લીધો અને રામન કુટુંબે પણ ડિરેક્ટરના બંગલામાં રહેવાનું શરૂ કર્યું. અત્યાર સુધીના બધા ડિરેક્ટરો બ્રિટિશરો હતા. સ્ટાફ પણ બ્રિટિશરોનો હતો. આ પહેલા ભારતીય ડિરેક્ટર હતા. ઘણા બ્રિટિશરોને ભારતીય ડિરેક્ટરના હાથ નીચે કામ કરવું ન ગમતું.

ઇલેક્ટ્રિકલ ટેક્નૉલૉજીના વડા મોવડાવાલા (Mowdawalla) એ ૧૯૩૪માં રાજીનામું આપ્યું. તાતાની ભલામણથી અંગ્રેજ કેનેથ એસ્ટોન (Kenneth Aston) નવા વડા આવ્યા. તેમનો બંગલો તૈયાર ન હોઈને તેઓ અઠવાડિયું રામનના ત્યાં રહેલા. આ સમયે રામનને ત્યાં Max Born પણ હતા. એસ્ટોન આવતાંની સાથે જ સેનેટના સભ્ય બન્યા સાથે સાથે કાઉન્સિલના સભ્ય પણ ખરા. શ્યામાપ્રસાદ મુખરજી અને મેઘનાદ સહા (Meghnad Saha) પણ કાઉન્સિલમાં હતા. આ ત્રણ જણ ખરેખર રામનની વિરુદ્ધમાં પડેલા.

કાઉન્સિલના સભ્યો : તાતાના પ્રતિનિધિઓ, કલકત્તાથી ઘણા સભ્યો અને ઘણા બ્રિટિશ વૈજ્ઞાનિકો હતા.

| વિભાગ | શરૂઆતમાં વિદ્યાર્થીઓ | હાલમાં વિદ્યાર્થીઓ | સભ્યો શરૂઆતમાં | સભ્યો હાલમાં |
|---|---|---|---|---|
| જનરલ એપ્લાઇડ કેમેસ્ટ્રી | ૫૨ | ૫૮ | ૪ | ૮ |
| Biochemistry | ૧૬ | ૩૧ | | |
| Electrical Technology | ૧૫ | ૫૩ | ૪ | ૮ |

રામનના આવતાંની સાથે સંશોધનની પ્રવૃત્તિમાં ધરખમ વધારો થયો.

| વર્ષ | સંશોધન પેપર | કુલ પાનાં |
|---|---|---|
| ૧૯૩૨-૩૩ | ૩૨ | ૨૧૦ |
| ૧૯૩૫-૩૬ | ૧૪૮ | ૧૧૩૫ |

રામનનું IIScમાં આવવાનું મુખ્ય કારણ IIScને વિજ્ઞાનનું વિશ્વમાં જાણીતું કેન્દ્ર બનાવવાનું હતું. જ્યારે તેમણે જોયું કે ઊંચા પગારો લઈને પૂરેપૂરું મન મૂકીને ખાસ કામ થતું નથી. મેક્સ બૉર્ને (Max Born) એમના પુસ્તકમાં લખ્યું "A sleepy little place where little was done by a number of well-paid people" છે. રામન તેમની દૃષ્ટિ અનુસાર IIScને લઈ જવા ખૂબ જ ઝડપથી ફેરફારો કરવા મંડી પડ્યા હતા. જે ધીરા અને બંધિયાર કર્મચારી મંડળ માટે પચાવવા અઘરા હતા. રામનની આસપાસ ભારતીય અને બ્રિટિશરો હતા. જે IIScને કર્તવ્ય કર્યા સિવાય પગાર અને પ્રતિષ્ઠાની સંસ્થા ગણતા. ઘણા બ્રિટિશ અધ્યાપકોને ભારતીય ડિરેક્ટરના હાથ નીચે કામ કરવું ગમતું ન હતું. આનો અનુભવ પણ તેમને ન હતો. તેમની સરકાર હતી જેને તાતા ગ્રૂપ ઉપર

દબાણ કર્યું. તાતાને બ્રિટિશ રાજ ઉપર ઘણાબધા માટે આધાર રાખવાનો હોઈને, રામનને ટેકો આપવાનો બંધ કર્યો.

રામનના મતે ઉત્તમ માણસો જ ઉત્તમ કામ કરી શકે. આથી ઉત્તમ માણસો રાખવાની જરૂરિયાત જણાઈ. એ સમયે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયેલું. હિટલર બધા યહૂદીઓની (Jews) પાછળ પડેલો આથી યહૂદીઓ જર્મની છોડીને ભાગી રહ્યા હતા. આમાંના સારા પ્રોફેસરોને IIScમાં લાવવાનો પ્રયત્ન રામન કરી રહ્યા હતા. બૉર્ન યહૂદી હતા. છ મહિના ભારતમાં રહેલા અને ક્વૉન્ટમ મિકેનિક્સમાં તેમનું કામ હતું. રામનને ભૌતિકશાસ્ત્ર વિભાગમાં બૉર્નને કાયમી રાખવા હતા. એસ્ટન કાઉન્સિલમાં એવું બોલેલા કે બૉર્નને જર્મનીમાંથી કાઢી મૂક્યા છે અને તે બીજા વર્ગના ભૌતિકશાસ્ત્રી છે. જે માણસને નોબેલ પુરસ્કાર મળવાનો છે તે એવો તો કઈ રીતે હોઈ શકે? બૉર્ન તે મિટિંગમાં હાજર હોઈને ઘેર આવીને રડી પડ્યા. અમેરિકા આવા નાસી આવેલા યહૂદી પ્રોફેસરો ભેગા કરીને પ્રથમ નંબરનો દેશ બન્યો. જ્યારે આપણે ત્યાં આવું વિચારનારને ટેકો આપવાને બદલે કાઢી મૂકવા તૈયાર થયા. ઉલ્લેખનીય છે કે મેક્સ બૉર્નને ૧૯૫૪માં નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

આ ડિરેક્ટરની વિરુદ્ધમાં પડવા માટે વિદ્યાર્થીઓ વહેંચાયેલા હતા. છતાંય રામનના વિરોધીઓ થોડાક ટંટાખોર (Militant) વિદ્યાર્થીઓની પાસે સરળતાથી પથ્થરો ફેંકાવી શકે. રામનના કામની સમીક્ષા (review) કરવા કમિટિ નિમાઈ. આ કમિટિના સભ્યો સર જેઇમ્સ ઇરવઇન (Sir James Irvine), એ. એચ. મેકેન્ઝિ (A. H. Mackenzie) અને એસ. એસ. ભટનાગર (S. S. Bhatnagar) હતા અને તે કમિટિ IIScની કાઉન્સિલે નિમેલી. આ કમિટિ ૨૦ જાન્યુઆરી ૧૯૩૬માં નિમાઈ અને મે મહિનામાં રિપૉર્ટ આપ્યો. સાયન્ટિફિક પ્રોડક્શન (Scientific Production) ઘણું વધ્યું છે, પણ રામનનું વહીવટી કામ સંતોષકારક ન હોઈને તેમને જવું પડશે.

આવા બધામાં પણ રામન અને એમના વિદ્યાર્થીઓ અગત્યનું સંશોધન કામ કરતા હતા. રામન આવા સંજોગોમાં પણ તેમણે તેમના વિદ્યાર્થી નાગેન્દ્રનાથ (Nagendra Nath) સાથે ઘણાં સંશોધનનાં પેપરોમાં રામન-નાથ theory મેળવી. આ થિયરી ક્વૉન્ટમ મીકેનિક્સનો પાયો સમજવામાં મદદરૂપ થઈ. બીજા વિદ્યાર્થી પી. આર. પિશારોટીએ (P. R. Pisharoty) પણ અગત્યનું કામ કર્યું છે. રામન આ બધાથી થાકી ગયા હતા. આથી તેમને મનફાવે તેમ કામ કરી શકે આ માટે પોતાનું જ (રિસર્ચ) સંશોધન ઇન્સ્ટિટ્યૂટ બનાવવાનો વિચાર કર્યો આ સાથે સાથે IIScમાં ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે ચાલુ રહ્યા.

રામનની પોતાની સંશોધનમાં અદ્‌ભુત સફળતા હોવા છતાં બંને જગ્યાએથી એમને કાઢી મૂક્યા તે કડવું પણ સત્ય છે. બંને જગ્યાઓ એકબીજાથી દૂર છે પણ એક જ જાતના માણસોએ કાઢ્યા.

**રામન સંશોધન ઇન્સ્ટિટ્યૂટ (The Raman Research Instiute)**

IIScમાંથી નિવૃત્ત થઈને તેમના પોતાના સંશોધન કેન્દ્રમાં રહીને તેમની પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખશે તેવો રામને વિચાર કરેલો. જ્યારે IIScમાં અધ્યાપક હતા ત્યારથી આ પ્રવૃત્તિ માટે પૈસા પણ એકઠા કરતા હતા. મૈસૂરના મહારાજાએ આ માટે બેંગલોરના સરસ વિસ્તારમાં ૧૧ એકર જમીન આ કામ માટે ભેટ આપેલી. ૧૯૪૮માં રામન IIScમાંથી નિવૃત્ત થયા તે સમયે આ નવા ઇન્સ્ટિટ્યૂટનું મકાનનું બાંધકામ લગભગ પૂરું થવા આવેલું. એમનું રહેવાનું પણ આ ઇન્સ્ટિટ્યૂટમાં જ હતું. તેમણે સરસ બગીચો અને યુકેલીપ્ટસના વૃક્ષોથી આ જગ્યા શણગારી હતી. હવે બધો જ સમય તેમની મનગમતી પ્રવૃત્તિમાં કાઢી શકશે તેનો રામનને આનંદ હતો.

જે વિદ્યાર્થીઓ મળતા હતા તે હવે મળવાના નથી તે બરાબર જાણતા હતા. ભારત સરકારે તેમને National Professor બનાવ્યા અને નિયમિત પગાર પણ આપતા. આ પગાર ઘર ચલાવવા માટે પૂરતો હતો. ઇન્સ્ટિટ્યૂટ ચલાવવા માટે પૈસાની ખેંચ રહેતી. આ ખેંચ દૂર કરવા તેમણે દિવાસળીની પેટી માટે પોટાસિયમ ક્લોરેટ ઉત્પાદન કરવા માટે 'ત્રાવણકોર કેમિકલ એન્ડ મેન્યુફેક્ચરિંગ લિ.' ડૉ. ક્રિશ્નમૂર્તિ સાથે શરૂ કરી. આ કંપની (TCM)એ દક્ષિણ ભારતમાં કુલ્લે ચાર પ્લાન્ટ બાંધ્યા. આની બધી આવક રામન સંશોધન ઇન્સ્ટિટ્યૂટના દરરોજના ખર્ચમાં જતી. આ રામનનો વિજ્ઞાન માટેનો ફાળો!!

રામનનું સંશોધન ક્ષેત્ર સમય પ્રમાણે બદલાયા કર્યું છે. રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં આવ્યા પછી તેમણે જુદા કુદરતી પદાર્થો જેવા કે ખનિજો, કિંમતી પથ્થરો, પંખીઓ, પતંગિયાં, ફૂલોને રંગ આપનાર દ્રવ્ય, આંખ કયા રંગોને જુએ છે વગેરેનો અભ્યાસ કર્યો.

રામને આ સંસ્થામાં સો માણસો બેસી શકે તેવો

લેક્ચર હૉલ, સુંદર સંગ્રહાલયો (Museums), પુસ્તકાલય, ઑફિસો અને પ્રયોગશાળાઓ બંધાવેલાં. ખૂબ જ ઉત્સાહથી કામ કરતા હતા. આ RRI રામને પોતાના મનગમતા વિષયો ઉપર કામ કરવા માટે બાંધેલું.

રામનનો અમીરી શોખ હોઈને તેમની કલ્પના પ્રમાણે બાંધવા માટે વધારે જમીનની જરૂરિયાત લાગેલી. આથી મૈસૂરના મહારાજાને વધારે જમીન આપવા માટે વિનંતી કરી. રાજાએ બાજુમાં ચાર એકર જમીન આપી. જ્યારે રામન IIScના ડિરેક્ટર હતા ત્યારે મહારાજાના દીવાન સર મિરઝા ઇસ્માઇલ કાઉન્સિલના સભ્ય તરીકે ખૂબ જ મદદરૂપ થયેલા. રામનને ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે રહેવાનું અને બીજા લાભો અપાવવામાં તેમનો ખૂબ જ મોટો ફાળો હતો. રામન અને મહારાજાને એકબીજા માટે ખૂબ જ લાગણી હતી. ૧૯૩૫માં મહારાજાએ રામનને રાજ્યનો મોટામાં મોટો એવૉર્ડ 'રાજસભા ભૂષણ (Rajasabha Bushan)'થી નવાજ્યા હતા. રામને તેમનું રહેવાનું ઘર પણ ઇન્સ્ટિટ્યૂટના કૅમ્પસમાં જ બાંધેલું. આ બંધાયા પહેલાં RRIથી ત્રણ માઇલ દૂર રહેતા હતા. IIScમાં અમેરિકન વિઝિટિંગ પ્રોફેસર પામર ક્રેગ (Palmer Craig) રામનને મળેલા. ક્રેગે રામનને તેમની મકાન ભાડે રાખવાની તકલીફની વાત કરી. રામને ક્રેગનું કહ્યું, ''મારી પાસે સુંદર મજાનું મકાન છે, પણ હું નથી માનતો કે તમે મારે જે ભાડુ જોઈએ તે તમે આપો.'' ક્રેગે પૂછ્યું, ''કેટલું ભાડું ?''

રામને કહ્યું, ''દર મહિને રૂ. ૨૦૦૦.'' ક્રેગે ઘર જોયું અને ગમ્યું. આથી આ મકાનમાં રામનના બદલે ક્રેગે પહેલાં બે વર્ષ રહેલા.

બેંગલોરથી પશ્ચિમમાં આઠ માઇલ દૂર કેન્ગરિ ગામમાં ૧૦૦ એકર જમીનનું ફાર્મ હાઉસ ખરીદ્યું. રામનનું કુટુંબ શનિ-રવિ ત્યાં જતું. RRIના કૅમ્પસમાં રહેવા આવ્યા તે પહેલાંનું મકાન પણ મોટું હતું. તેમણે ખરીદેલું. એવું કહેવાતું કે તે ઘરમાં ભૂત રહે છે. આથી કોઈ ખરીદવા તૈયાર ન થતું. રામનને ખૂબ જ સસ્તામાં આ મકાન મળેલું. કોઈએ ભૂતની વાત કરી ત્યારે રામને કહ્યું, ''હું એ ભૂત કરતાં મોટું ભૂત છું. હું એ ભૂતને ભગાડી દઈશ.''

૧૯૫૦માં તેમણે સાત રિસર્ચ સ્કૉલર લીધા. The Council of Scientific and Industrial Research તરફથી આ દરેકને સ્કૉલરશિપ મળી. આ બધા ખૂબ જ મહેનતુ હોઈને PH. D. થયા અને યોગ્ય જગ્યાએ ગોઠવાઈ ગયા. રામને આશા રાખેલી કે કોઈ એમની જોડે રહેશે. પણ કોઈ ન રહેતાં, નવા વિદ્યાર્થીઓ લેવાનું બંધ કર્યું.

રામન જ્યારે જ્યારે મદ્રાસ આવે કે મદ્રાસ થઈને પસાર થતા હોય ત્યારે તેમના મોટાભાઈ ચંદ્રશેખર સુબ્રહ્મણ્યમને (C.S.)તેમના ઘેર 'ચંદ્રવિલા'એ મળવા જાય. રામનને પ્રેસિડન્સિ કૉલેજે (મદ્રાસી) ભાષણ માટે આમંત્રણ આપેલું. રામને તેમના મોટાભાઈને સવારના મળવાનો પ્રોગ્રામ રાખેલો. રાતની ટ્રેનમાં નીકળીને સવારના મદ્રાસ આવવાનો પ્રોગ્રામ હતો. C.S.એ ગાડી અને ડ્રાઇવર તેમને લેવા મોકલ્યા. ડ્રાઇવર અડધો કલાક રાહ જોઈને ખાલી હાથે પાછો આવ્યો. C. S.ને ખરેખર ચિંતા થઈ હવે શું ? કલાક પછી રામન આવ્યા. રામને ઘોડાગાડીમાં બેસીને શહેરની અને બીચની ટૂર લીધી. પછી ઘેર આવ્યા. C.S ગરમ થઈને બોલ્યા, ''ભલે તને નોબેલ પ્રાઇઝ મળ્યું હોય, પણ તું બેજવાબદાર છે.'' રામન C. S.ને ''Anna''(એટલે કે મોટાભાઈ) કહેતા જ્યારે C. S. રામનને ''Thambi (એટલે કે નાનાભાઈ)'' વહાલથી કહેતા. C.S.ના પૌત્રે કોઈ જગ્યાએ નોંધેલું છે કે જ્યારે રામન આવ્યા હોય ત્યારે સૌથી પહેલું કામ C. S.ના પગે અડકવાનું કરતા. જે આપણી પ્રથા છે.

રામનનું સંશોધન ક્ષેત્ર વિશાળ હતું. રામનને મર્યાદિત ક્ષેત્રમાં રાખવા હોય તોપણ રહે તેવા ન હતા. ડૉક્ટરોની કૉન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરતાં મજાકમાં રામને કહેલું, ''જે રીતે જનરલ ફિઝિશિયન બધી જ જાતના રોગોની સારવાર કરે છે, તેમ હું પણ જનરલ ફિઝિશિયન છું, સ્પેશિયાલિસ્ટ નથી.'' જેમ કે, ૧૯૬૯માં ભૂકંપ અને પૃથ્વીના આકાર ઉપર સંશોધન કરવા કહેલું. રામન ભૂતકાળની સિદ્ધિઓની વાતો કરીને બેસી રહે તેવા નથી. નવા અને પડકારતા પ્રશ્નોમાં ડૂબેલા રહેવાનું રામનને ગમતું. જિંદગીની છેલ્લી પળ સુધી ઘણાબધા વૈજ્ઞાનિકોના સંપર્કમાં હતા. તેઓ ઘણીબધી જાતનું વાંચતા. અંતરમાંથી પ્રેરણા મળે તો જ સંશોધનમાં સફળતા મળે. પૈસા ખર્ચવાથી બધું મળે તેમ નથી. રામન ખૂબ જ સારા વક્તા અને શિક્ષક હતા. તેમનું હળવું વિવેચન અને ખરી હકીકતો શ્રોતાજનોને મોહિત કરી દેતી. ગાંધીજયંતી ૨ ઑક્ટોબર, ૧૯૫૯ના દિવસે તેમણે સામાન્ય માણસો માટે સામાન્ય વિજ્ઞાનની વાતો કરવાનું શરૂ કર્યું. અને પ્રકાશ, રંગ અને દૃષ્ટિ ઉપર ભાષણ આપ્યું જ્યારે તેમનું છેલ્લું વ્યાખ્યાન ૨ ઑક્ટો. ૧૯૭૦નું 'કાનના પડદાઓ અને કાનથી સાંભળવાનો પ્રયાસ.'' વિશે આપ્યું.

**રામનના સંશોધનના કામોને છ ભાગમાં વહેંચી શકાય**

| | |
|---|---|
| ૧૯૧૦-૨૦ | Acoustics |
| ૧૯૨૦-૩૦ | Light Scattering |

| | |
|---|---|
| ૧૯૩૦-૪૦ | Light Scattering in liquids and gems |
| ૧૯૪૦-૫૦ | Study on dimonds and pearls |
| ૧૯૫૦-૬૦ | Minerals |
| ૧૯૬૦-૭૦ | Pigments |

રામને ૪૭૫ સંશોધન લેખો અને આ ઉપરાંત છ સંશોધન ગ્રંથો લખ્યા છે. રામનના વિદ્યાર્થીઓ અને સહાધ્યાયીઓ ઘણી મોટી જગ્યાઓ ઉપર છે. આ પૈકી બે જણે દેશને સંરક્ષણ ક્ષેત્રે ખૂબ જ મદદ કરી છે. અને તે ભાભા(૧૯૦૯-૬૬) અને સારાભાઈ (૧૯૧૯-૭૨) છે. જ્યારે બંને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ભણતા હતા ત્યારે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. બંને જણ તવંગર કુટુંબોમાંથી આવતા હતા. હોમી ભાભા ૧૯૩૯માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી Ph. D. થયા અને રજાઓમાં ઘેર આવ્યા અને યુદ્ધ શરૂ થયું. આથી ભારતમાં જ રહ્યા. બેંગલોરમાં રામનની સાથે ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાયા. રામનના ટેકાથી અને તેમના તાતા ગ્રૂપના સંબંધોના કારણે June ૧૯૪૫માં The Tata Institute of Fundamental Research બેંગલોરમાં સ્થાપ્યું. તેના ડિરેક્ટર હોમી ભાભા બન્યા. આને બેંગલોરથી મુંબઈ લઈ ગયા. ૧૯૪૮માં The Indian Atomic Energy Commission સ્થપાયું અને તેના ચૅરમૅન ભાભા હતા. શરૂઆતમાં Indian Atomic Energy Commissionનું કામ Tata Instture of Fundmental Researchમાં થતું. ભાભા આ ઉપરાંત Secretary to the Government in the Department of Atomic Energy હતા.

વિક્રમભાઈ સારાભાઈએ ૧૯૪૦ અને ૧૯૪૫ વચ્ચે રામન સાથે કામ કર્યું હતું અને Ph. D. કરવા કેમ્બ્રિજ ગયેલા. અમદાવાદમાં તે જમાનામાં સારાભાઈ અને કેલિકો મિલ્સનું નામ ખૂબ જ જાણીતું હતું. વિક્રમભાઈએ અમદાવાદમાં Physical Research Laboratory સ્થાપી જે Indian Space Programમાં ફેરવાઈ અને વિક્રમભાઈએ Space Program વિકસાવવામાં ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો છે. ભાભાના નિધન પછી એટમિક એનર્જી કમિશનના ચૅરમૅન બન્યા. આ બંને સંસ્થાના વિકાસમાં વિક્રમભાઈએ મોટો ભાગ ભજવ્યો છે. સારાભાઈ અને ભાભા બંનેનું ભારતમાં રહેવાનું કારણ કદાચ રામનની અસર હોય!!!

**અંતિમ દિવસો**

રામન પ્રયોગશાળામાં કામ કરતાં કરતાં એકદમ નીચે પડી ગયા. તેમની તબિયત બરાબર ન લાગતાં ઉપાડીને હૉસ્પિટલમાં લઈ જવા પડેલા. હૉસ્પિટલમાં રામને ડૉક્ટરનું કહ્યું, ‘‘જો મારી તંદુરસ્તી પૂરેપૂરી પાછી આવવાની ન હોય તો મારે જીવવું નથી.’’ તેઓ સાજા થયા અને ઘેર પાછા આવ્યા. ઘર RRIના કેમ્પસમાં જ હતું. પણ તેમનાથી પથારીમાંથી ઊઠીને ચાલી શકાય તેવી તેમની સ્થિતિ ન હતી. તેમની પથારી ઊંચી કરી જેથી તેઓ પથારીમાંથી ફૂલો અને બાગબગીચો જોઈ શકે.

રામનને લાગ્યું કે હવે જિંદગીની અંતના આખરી દિવસો છે. પથારીમાં સૂતા સૂતા નજીકના મિત્રો સાથે RRIના ભવિષ્યની યોજનાની ચર્ચા કરી. તેમણે RRI માટેના તેમના વિચારો અને લાગણીઓ લેખિત આપ્યા છે. આ લખાણ પ્રમાણમાં લાંબું હોઈને આપ્યું નથી. બે દિવસ પછી એટલે કે **૨૧ નવેમ્બર, ૧૯૭૦ના રોજ વહેલી સવારના ૮૨ વર્ષના સર સી. વી. રામને શાંતચિત્તે કાયમને માટે આંખો બંધ કરી. તેમની ઇચ્છા પ્રમાણે તેમને RRIના કેમ્પસમાં દાટવામાં આવ્યા અને ત્યાં વૃક્ષ વાવવામાં આવ્યું. કોઈ પણ ધાર્મિક વિધિ કરવામાં આવી ન હતી. સરકારે તેમના માનમાં ટપાલની ટિકિટો બહાર પાડી.**

રામનને તેમની જિંદગી વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું, ‘‘My life has been rendered a failure. I had thought I would create a true scientific enviornment in the country, but now I can sea the world of science crowded with these people who are bent upon coping the western countries.’’

ભારતના મહાન અને રાષ્ટ્રપ્રેમી વૈજ્ઞાનિકને શત્ શત્ વંદન !!

આ લેખ નીચેના પુસ્તકોના આધારે લખાયો છે :

(1) Parameswaran Uma. C.V. Raman A Biography. Penguin Books, 2011.

(2) Jayaraman, A. C. V. Raman : A memoir. Madras : Affiliated East West Press, 1989.

(3) Basu, Tejen Kumar. The life and Times of C. V. Raman. Prabhat Books, 2008

**- વિઠ્ઠલભાઈ અં. પટેલ**
‘સ્વરાજ’, નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ,
મુ. પો. શેરથા, જિ. ગાંધીનગર - મો. 9428019042

# ગઈ સદીના મહાન ન્યાયાધીશ ક્રિષ્ણા આયર

**શરદભાઈ પી. શાહ**

સુપ્રીમ કૉર્ટે ઘણા ઉચ્ચ કોટીના ન્યાયાધીશો આપ્યા છે. તેમાં ન્યાયમૂર્તિ ક્રિષ્ણા આયરનું નામ મોખરે છે. આપણે ૧૯૪૭માં આઝાદ થયા તે પછી બંધારણ ઘડવૈયાઓએ આપણને એક સરસ મઝાનું લેખિત બંધારણ આપ્યું. જે પ્રમાણે સુપ્રીમ કૉર્ટ ભારતની સર્વોચ્ચ અદાલત બની. સુપ્રીમ કૉર્ટને વ્યાપક સત્તાઓ પ્રાપ્ત થઈ અને ખાસ તો બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવાની સત્તા મળી. સુપ્રીમ કૉર્ટે છેલ્લાં ૭૦ વર્ષમાં ઉત્તમ કામગીરી કરી છે અને તેમાં ક્રિષ્ણા આયર અને બીજા ઘણા વિદ્વાન ન્યાયાધીશોનો અમૂલ્ય ફાળો રહેલો છે.

૧૯૭૩થી ૧૯૮૦નાં વર્ષો દરમિયાન સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે ક્રિષ્ણા આયરે કરેલી કામગીરીને પરિણામે તે વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામ્યા. તેમણે ન્યાયશાસ્ત્ર (jurisprudence)નું અર્થઘટન ગરીબ અને દબાયેલા – કચડાયેલા લોકોના લાભ માટે કર્યું. તેમણે ન્યાયતંત્રને માનવકલ્યાણનું સાધન ગણ્યું. માનવીય મૂલ્યોની સ્થાપનામાં તે અગ્રેસર રહ્યા. જેલ સુધારણા, ફાંસીની સજા વગેરે ક્રિમિનલ જ્યુરિસ્પ્રુડન્સ બાબતે તેમના વિચારો ક્રાંતિકારી રહ્યા. તે કરુણાસભર ન્યાયમૂર્તિ હતા. ક્રિષ્ણા આયર કુશળ વકીલ, નિષ્ઠાભર્યા રાજકારણી, ધારાસભ્ય અને પ્રધાન, હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ અને લૉ કમિશનના સભ્ય તરીકે સેવાઓ આપ્યા બાદ સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ બન્યા હતા. આ બધાં તેમનાં વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓ છે. પરંતુ આ નાનકડા લેખમાં બધી બાબતો સમાવવી શક્ય નથી. તેથી તેમનું બાળપણ, અભ્યાસ, વકીલાત, રાજકારણની વાત કર્યા બાદ તેમની સુપ્રીમ કૉર્ટની કામગીરી વિશે થોડી વાત કરીશું. તેમના અતિપ્રસિદ્ધ ચુકાદાઓ તથા તેમાં સમાયેલા સિદ્ધાંતોને ટૂંકમાં જોવા ઉપરાંત તેમના વિચારોને પણ સંક્ષિપ્તમાં જાણીશું.

### બાળપણ અને અભ્યાસ

ક્રિષ્ણા આયરના પિતાશ્રી રામા આયર એક સમર્થ વકીલ હતા. તેમની માતા નારાયણી અમ્મલ ગામડાનાં હતાં અને ઓછું ભણેલાં હતાં. તેઓ ખૂબ દયાળુ અને લાગણીશીલ હતાં. તેમણે તેમનાં સાતેય સંતાનોને ખૂબ લાડકોડથી ઉછેર્યાં હતાં. ક્રિષ્ણા આયર તેમનાં માતા-પિતાનું બીજું સંતાન હતા. તેમનાથી એક મોટા ભાઈ હતા અને પાંચ નાના ભાઈ-બહેનો હતાં. ક્રિષ્ણા આયરનો જન્મ તા. ૧૫, નવેમ્બર, ૧૯૧૫ના રોજ થયો હતો. તેમનું જન્મસ્થળ પાલઘર, પલાકડડ જિલ્લામાં આવેલું હતું. જે તે વખતે મદ્રાસ પ્રેસિડન્સિમાં હતું. હાલ તે કેરાળા રાજ્યમાં છે. તેમના પિતાશ્રી વી. વી. રામા આયર તેલીચરી અને મલબાર ડિસ્ટ્રિક્ટમાં જિલ્લાની અદાલતોમાં વકીલાત કરતા હતા. તે ખૂબ પ્રતિષ્ઠિત વકીલ હતા. ૧૯૨૦ની સાલમાં પણ તેમની પાસે ફૉર્ડ મોટર તથા વિશાળ બંગલો હતાં. ક્રિષ્ણા આયરનું બાળપણ સુખમાં વીત્યું હતું. વી. વી. રામા આયર કોંગ્રેસમાં જોડાયા નહોતા, પણ ગાંધીજીના વિચારોથી પ્રભાવિત હતા. તેઓ ક્રિષ્ણા આયરને મહાત્મા ગાંધીનું પ્રવચન સાંભળવા કાલિકટના દરિયાકિનારે લઈ ગયા હતા. ત્યારે ક્રિષ્ણા આયર બાળક હતા, પણ તેમના મન પર ગાંધીજીની સારી છાપ ઊપસી હતી. રામા આયર ક્રિષ્ણા આયરના અભ્યાસમાં ખૂબ ધ્યાન આપી શકતા નહીં; પરંતુ ક્રિષ્ણા આયરના દાદા, જે નિવૃત્ત શિક્ષક હતા, તે ક્રિષ્ણા આયરને ગણિત અને અંગ્રેજી શીખવતા. જેથી ક્રિષ્ણા આયર તે બંને વિષયોમાં અવ્વલ નંબર લાવતા.

શાળાનો અભ્યાસ પૂરો કર્યા બાદ ક્રિષ્ણા આયર તામિલનાડુની અન્નામલાઈ યુનિવર્સિટીમાં દાખલ થયા. ત્યાંથી૧૯૩૫માં બી.એ. વીથ ઇકોનોમિક્સ થયા. તેમના સારા નસીબે તેમને અંગ્રેજીના પ્રખર વક્તા અને વાઇસ ચાન્સેલર શ્રી વી. એસ. શ્રીનિવાસન શાસ્ત્રીનું માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત થયાં. પરિણામે અંગ્રેજી ભાષા પર તેમણે અદ્‌ભુત પ્રભુત્વ પ્રાપ્ત કર્યું. તેમણે ડિસ્ટિંકશન સાથે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું. ક્રિષ્ણા આયર મદ્રાસ લૉ કૉલેજમાં જોડાયા. આ કૉલેજનો ભવ્ય ભૂતકાળ હતો. તેમના સમયના પ્રો. ક્રિષ્ણા મેનન કૉલેજના પ્રિન્સિપાલ હતા. તેમનું કાયદાનું

જ્ઞાન, રજૂઆતની આગવી કળા બધાને પ્રભાવિત કરતું. ન્યાયશાસ્ત્રના સિદ્ધાંતોને સરળતાથી સમજાવતા. આ ઉપરાંત બીજા પ્રોફેસર વેંકટાસુબ્રમણ્યમ પણ ઘણા પ્રભાવશાળી વિદ્વાન હતા. આ બંનેએ ક્રિષ્ણા આયરના કાયદાના જ્ઞાનનો પાયો મજબૂત કર્યો. ક્રિષ્ણા આયર સને ૧૯૩૭માં એલએલ.બી. થયા અને ૧૯૩૮માં તેલીચરીમાં વકીલાત શરૂ કરી. થોડાં વર્ષોમાં તે સિવિલ અને ક્રિમિનલ બંને સાઇડે ઝળકી ઊઠ્યા. સાથે સાથે લિગલ એક્ટિવિસ્ટ તરીકે પણ જાણીતા થયા. તેમણે વકીલ તરીકે સારી નામના પ્રાપ્ત કરી.

### વકીલાતનાં વર્ષો

ગામમાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ અન્નામલાઈમાં કૉલેજ શિક્ષણ અને મદ્રાસમાં કાયદાની ડિગ્રી પ્રાપ્ત કરી, ૧૯મી સપ્ટેમ્બર ૧૯૩૮ના રોજ ક્રિષ્ણા આયરે સનદ પ્રાપ્ત કરી. મદ્રાસ હાઈકૉર્ટની સનદ હોવા છતાં તેમણે શરૂઆતમાં જિલ્લા કક્ષાએ પ્રેક્ટિસ કરવાનું નક્કી કર્યું. સૌપ્રથમ તેમના પિતાશ્રી સાથે મલબાર ડિસ્ટ્રિક્ટમાં વકીલાત શરૂ કરી. થોડા સમયમાં જ તે ઝળકી ઊઠ્યા. પિતાશ્રીના માર્ગદર્શન નીચે વકીલાતની શરૂઆત કરી; પરંતુ ટૂંકા ગાળામાં તેમણે સ્વતંત્રપણે કામ કરવાની તક મળવા લાગી. તે મેંગ્લોર ડિસ્ટ્રિક્ટ કૉર્ટ, પાલઘર ડિસ્ટ્રિક્ટ કૉર્ટ અને અહેમદનગર સેસન્શ કૉર્ટમાં પણ કેસ ચલાવવા લાગ્યા. તેલીચરીના ડિસ્ટ્રિક્ટ જજે તેમને પબ્લિક પ્રોસિક્યુટર અને ગવર્નમેન્ટ પ્લીડર બનવા જણાવ્યું; પરંતુ તેમણે તેમની નાની ઉંમર અને ભવિષ્યનો ખ્યાલ કરી તે પદ ન સ્વીકાર્યું. તેમની ખાનગી વકીલાતમાં તેઓ ખૂબ આગળ વધ્યા. તેમના અસીલોમાં પૈસાદાર ઉદ્યોગપતિઓ પણ હતા અને ગરીબ ખેડૂતો અને મજૂરો પણ હતા. તેમને પૈસાદાર પાસેથી ઘણી મોટી ફી મળતી, તે ગરીબ અસીલો પ્રત્યે અત્યંત કરુણા ધરાવી મામૂલી ફીથી કામ ચલાવી આપતા. યુવાનવયે તેમનામાં અનુકંપા અને ઉચ્ચ આદર્શો દઢ થયા.

તેમની વિચારસરણી સામ્યવાદી હતી. દબાયેલા અને કચડાયેલા લોકો પ્રત્યે તે અત્યંત સહાનુભૂતિ ધરાવતા. સને ૧૯૪૮માં તેમના પર એવો આક્ષેપ મૂકવામાં આવ્યો કે તેઓ સામ્યવાદીઓને હિંસક પ્રવૃત્તિઓમાં મદદ કરે છે, જોકે કૉર્ટમાં તેમના વિરુદ્ધ આક્ષેપો પુરવાર ન થયા, આમછતાં ક્રિષ્ણા આયરને ૧ મહિના માટે જેલવાસ ભોગવવો પડ્યો. આનો ફાયદો એ થયો કે પછી જ્યારે ક્રિષ્ણા આયર કેરાલા રાજ્યમાં જેલપ્રધાન બન્યા ત્યારે તેમણે જેલ સુધારણા માટે ક્રાંતિકારી પગલાં ભરી નોંધપાત્ર સુધારા કર્યા. વળી જેલમાં જનાર વકીલ પાછળથી સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશ બને તેવું ઉદાહરણ ભાગ્યે જ બીજું જોવા મળે. ૧૯૫૦ સુધીમાં તેઓશ્રી મલબાર ડિસ્ટ્રિક્ટ કૉર્ટમાં નામી વકીલ તરીકે પ્રસિદ્ધ થયા.

### સુમધુર દાંપત્યજીવન

ક્રિષ્ણા આયરનાં પત્નીનું નામ શારદા હતું. શારદાના પિતા ન્યાયાધીશ હતા. ક્રિષ્ણા આયરના પિતા જિલ્લા અદાલતના નામી વકીલ હતા. શારદાના પિતાએ યુવાન ક્રિષ્ણા આયરને વકીલાતમાં સારી રજૂઆત કરતા જોયા હતા. તેથી તેમણે ક્રિષ્ણા આયરના પિતાશ્રી રામા આયરને સગપણ માટે કહેણ મોકલ્યું. તે વખતે શારદાના પિતાની સાલેમમાં સિવિલ જજ તરીકે બદલી થઈ હતી. બધાં સાલેમ પહોંચ્યાં તે વખતે સ્ત્રીઓને ઝાઝું શિક્ષણ આપતા નહીં. ચાર ધોરણ–અત્યારના ૮ ધોરણ પછી શારદાએ અભ્યાસ છોડી દીધો હતો. ક્રિષ્ણા આયરને તે થોડું ખટક્યું; પરંતુ શારદાના બીજા ગુણો અને ખાસ કરીને સંગીતના શોખથી બધાં પ્રભાવિત થયાં. શારદાએ વાયોલિન બજાવ્યું અને બધાં મુગ્ધ થઈ ગયાં. શારદાએ તે પછી બે વર્ષ ફરી અભ્યાસ કરી એસ.એસ.સી. પાસ કરી. પછી લગ્નજીવન શરૂ થયું. તેમનું દાંપત્યજીવન અત્યંત મધુર હતું. બંને વચ્ચે બૌદ્ધિક, વૈચારિક, આધ્યાત્મિક અને સામાજિક સાતત્ય હતું. કુટુંબના સભ્યો સાથે પ્રેમભર્યો વ્યવહાર હતો. અરસપરસ એકબીજાને અત્યંત ચાહતા હતા. ક્રિષ્ણા આયર જુદી જુદી ડિસ્ટ્રિક્ટ કૉર્ટમાં દૂર દૂર કેસ ચલાવવા જાય ત્યારે તેમની મોટરમાં શારદાને અચૂક લઈ જાય. કલાકોની મુસાફરી બંને માટે આનંદનો અવસર બની રહેતી. આ રીતે તેઓ કુર્ગ, માયસોર, મેંગ્લોર અને બેંગ્લોરની અદાલતોમાં ગયાં. આ સાહસભર્યો અને પ્રેમભર્યા પ્રવાસો રહેતા.

સુખનાં વર્ષો ઝડપથી વીતતાં ચાલ્યાં. બાળકો અને ઘરની જવાબદારી પણ સરસ રીતે પૂર્ણ થતી રહી. આ રીતે ૩૩ વર્ષ આનંદ મંગલમાં વીત્યાં, પણ પછી શારદાને હૃદયમાં તકલીફ ઊભી થઈ. ડૉ. ગોપીનાથે શારદાને તપાસ્યા અને દિલ્હીમાં એઇમ્સના ડૉક્ટરોએ સફળ સર્જરી કરી; પરંતુ પછી ઑપન હાર્ટ સર્જરીની આવશ્યકતા ઊભી થઈ અને તેમનો પુત્ર રમેશ અમેરિકામાં એન્જિનિયર તરીકે કામ કરતો હોઈ વધારે સારી સારવાર મળી રહે તે હેતુથી ક્રિષ્ણા આયર અને શારદા અમેરિકા ગયાં. ત્યાં સેન્ટ મેરી હૉસ્પિટલમાં ઑપરેશન માટે દાખલ થયાં. થોડા દિવસની

તૈયારી પછી ઑપરેશન થયું; પરંતુ ઑપરેશન સફળ ન થયું અને શારદાનું મૃત્યુ થયું. ક્રિષ્ણા આયરના માથે આભ તૂટી પડ્યું. પળેપળના સંગાથી અચાનક ચાલ્યા જાય તેનાથી વધુ દુઃખની વાત શી હોઈ શકે? શારદા માત્ર જીવનસંગીની નહોતાં, પણ તેમના સેવાભાવનાનાં સાથી હતાં અને ન્યાયના કાર્યમાં પણ જરૂર પડે યોગ્ય સૂચનો કરતાં. સમશેરસિંગના કેસમાં તેમણે જસ્ટિસ એ. એન. રે. સાથે સહમતી સાધેલી, પણ સ્વતંત્ર ઠરાવ આપવાનું શારદાનું સૂચન સ્વીકારેલું. એ ઐતિહાસિક ઠરાવ બની ગયો. શારદાના મૃત્યુએ ક્રિષ્ણા આયરના જીવનમાં એક શૂન્યાવકાશ પેદા કર્યો. તેઓશ્રી ક્રિષ્ણા આયર માટે પ્રેરણામૂર્તિ હતાં. ૧૯૭૪માં શારદાનું અવસાન થયું તે વખતે તેઓ સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ હતા. તે પછી ક્રિષ્ણા આયરનું જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું. શારદા સાથે તેઓ કાયદાની, જીવનની, રાજકારણની ઘણી ચર્ચા કરતા. હવે તેવી ચર્ચા કરનારું કોઈ ન રહ્યું, પણ ક્રિષ્ણા આયરે જીવનનાં શેષ વર્ષો સમાજની અને માનવતાની સેવામાં વિતાવવાનું નક્કી કર્યું. સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે અને તે પછીના લાંબા જીવનકાળ દરમિયાન તેમણે સમાજની અને માનવતાની અદ્વિતીય સેવા કરી.

### રાજકીય જીવન

મલબાર ડિસ્ટ્રિક્ટમાં ક્રિષ્ણા આયરની છાપ સોશિયલ એક્ટિવિસ્ટ તરીકે હતી. ૧૯૫૨ની ચૂંટણીમાં તે સ્વતંત્ર ઉમેદવાર તરીકે વિધાનસભાની ચૂંટણી જિત્યા. તેમને કૉમ્યુનિસ્ટોનો ટેકો હતો. મદ્રાસ ધારાસભાની એ ચૂંટણી હતી. જેમાં તેમના પ્રતિસ્પર્ધી કૉંગ્રેસપાર્ટીના હતા. તે વખતે રાજગોપાલાચારી મુખ્ય પ્રધાન હતા. ક્રિષ્ણા આયર વિરોધપક્ષની પાટલી પર બેઠા, પણ રાજગોપાલાચારી પ્રત્યે તેમને ખૂબ માન હતું. બંને વચ્ચે વૈચારિક મતભેદ હતા અને તીખી ચર્ચાઓ થતી, પણ તેનું ધોરણ ઊંચું રહેતું. તેથી રાજાજીને પણ ક્રિષ્ણા આયર માટે માન હતું. તેથી ક્રિષ્ણા આયરે રજૂ કરેલા બે પ્રાઇવેટ બિલ ધારાગૃહમાં મંજૂર થયાં. તેનું કારણ એ કે રાજાજીએ કૉંગ્રેસને જણાવ્યું કે બિલ માટે સહકાર કરે.

૧૯૫૭ની સાલમાં નવી રચાયેલી કેરાલા વિધાનસભાની ચૂંટણીમાં ક્રિષ્ણા આયર સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટાયા. જોકે સામ્યવાદી પક્ષનો તેમને સંપૂર્ણ ટેકો હતો. કેરાળામાં પહેલી સામ્યવાદી સરકારની રચના થઈ. ઈ. એમ. એ. નમ્બૂદિરિપાદ પહેલા મુખ્ય પ્રધાન બન્યા. ક્રિષ્ણા આયરને પ્રધાન બનાવવામાં આવ્યા અને ઘણાં ખાતાંઓની સોંપણી થઈ, જેમાં ગૃહ, કાયદો, જેલ, સામજિક કલ્યાણ, ખેતીવાડી, ઇલેક્ટ્રિસિટી વગેરે સમાવિષ્ટ હતા. તેમણે બહાદુરીભર્યાં અને આક્રમક પગલાં લઈ સરકારની પ્રતિષ્ઠામાં વધારો કર્યો. જોકે ક્રિષ્ણા આયર જવાહરલાલ નેહરુના રાજકીય અનુયાયી ન હતા, પણ તેમના પ્રત્યે અત્યંત માનની લાગણી ધરાવતા. ઘણી બાબતો અંગે તે જવાહરલાલજી સાથે પત્રવ્યવહાર અને ચર્ચા કરતા અને માર્ગદર્શન મેળવતા. જવાહરલાલજી તેમના પત્રોનો ત્વરિત ઉત્તર આપતા. બંનેને એકબીજા પ્રત્યે સદ્ભાવ હતો. જોકે તેમના રાજકીય વિચારોમાં ભિન્નતા હતી.

ક્રિષ્ણા આયરે પ્રધાન તરીકેની જે સુંદર કામગીરી કરી તેમાં જેલ સુધારણાની તેમની કામગીરી ખૂબ જ નોંધપાત્ર હતી. જોકે તેમની વિચારધારા સામ્યવાદી હતી, પણ તે સામ્યવાદી પક્ષના સભ્ય નહોતા. તેથી ઘણી બાબતોમાં તેમના સરકાર સાથે મતભેદ રહેતા. તે હંમેશાં યોગ્ય વસ્તુ માટેનો આગ્રહ ધરાવતા. નમ્બૂદિરિપાદની સરકાર પૂરાં પાંચ વર્ષ ચાલી નહીં. કેન્દ્ર સરકારે આર્ટિકલ ૩૫૬નો આશરો લઈ સરકારને બરખાસ્ત કરી. ગૃહપ્રધાન તરીકે કૃષ્ણા આયરે જવાહરલાલજી સાથે વિસ્તૃત ચર્ચા કરી; પરંતુ કેન્દ્ર સરકારે રાજકીય નિર્ણય લઈ કેરાલાની સરકારને બરખાસ્ત કરી. એ નોંધપાત્ર છે કે ૧૯૯૪માં એસ. આર. બોમ્માઈના કેસમાં આર્ટિકલ ૩૫૬ની સત્તાઓ અંગે કેટલીક મર્યાદાઓ મૂકવામાં આવી છે. આ સાથે ક્રિષ્ણા આયરની રાજકીય કારકિર્દી લગભગ પૂર્ણ થઈ અને ન્યાયના ક્ષેત્રમાં પ્રદાન શરૂ થયું.

### હાઈકૉર્ટમાં વકીલાત અને કેરાલા હાઈકૉર્ટના ન્યાયમૂર્તિ

સને ૧૯૫૯થી સને ૧૯૬૮ સુધી ક્રિષ્ણા આયરે કેરાલા હાઈકૉર્ટમાં વકીલાત કરી. વકીલાત સાથે સાથે તે સામાજિક કાર્યોમાં પણ રસ લેતા હતા. હાઈકૉર્ટમાં ટૂંકા સમયમાં તેમણે સારી છાપ ઉપસાવી હતી. તે વખતે કેરાલા હાઈકૉર્ટના ચીફ જસ્ટિસ એમ. એસ. મેનન હતા. તે બહુ જ પ્રતિભાશાળી ન્યાયમૂર્તિ હતા અને હસમુખ અને આનંદી સ્વભાવના હતા. તેમણે ક્રિષ્ણા આયરને તેમની ચેમ્બરમાં મળવા બોલાવ્યા અને પૂછ્યું કે તેમનો ઇરાદો રાજકારણમાં સક્રિય રહેવાનો અને ચૂંટણી લડવાનો છે કે નહીં ? ક્રિષ્ણા આયરે કહ્યું કે તે હવે ચૂંટણી લડવા માગતા નથી. સક્રિય રાજકારણ પર હવે મીંડું મુકાઈ ગયું છે. ક્રિષ્ણા આયર જાણતા નહોતા કે ચીફ જસ્ટિસ શા માટે આ બધું પૂછી રહ્યા છે, પણ ચીફ જસ્ટિસ ઇચ્છતા હતા કે ભવિષ્યમાં

ક્રિષ્ણા આયર હાઈકોર્ટ જજ બને. થોડા સમય બાદ ચીફ જસ્ટિસ મેનને ક્રિષ્ણા આયરને જણાવ્યું કે તેઓ હાઈકોર્ટ જજ તરીકે જોડાય. તેમણે વિચારવાનો સમય માગ્યો. ત્યાર બાદ મુખ્ય પ્રધાન ઈ. એસ. નમ્બૂદિરિપાદે તે ઑફર સ્વીકારવા સંદેશો મોકલ્યો અને પ્રધાન ગૌરી અમ્માએ ક્રિષ્ણા આયરની સાથે વિસ્તૃત ચર્ચા કરી. ક્રિષ્ણા આયરના ઘણા મિત્રોએ આ પદ ન સ્વીકારવા જણાવ્યું અને વકીલાત અને સામાજિક સેવાને અગ્રતા આપવા કહ્યું. ક્રિષ્ણા આયરનાં પત્ની શારદાએ ન્યાયમૂર્તિપદ સ્વીકારવા કહ્યું. બહુ જ વિચારણાને અંતે બીજી જુલાઈ ૧૯૬૮ના રોજ જસ્ટિસ હિદાયતુલ્લાએ તેમના નામની ભલામણ કરી જે રાષ્ટ્રપતિએ સ્વીકારી અને ક્રિષ્ણા આયર કેરાલા હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ બન્યા.

તેમણે ન્યાયમૂર્તિ તરીકેના સોગંદ લીધા ત્યારે હૃદયને સ્પર્શે તેવું વક્તવ્ય આપતાં કહ્યું. "I Shall endeavour in a humble measure, to be a judicial activist and treat my carrier ahead as a fresh call to service in the cause of rule of law, which not merely keeps the executive in leash but insists upon the basic and equal right of every individual to a really free and good life." હાઈકોર્ટ જજ તરીકેના ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં પણ તેમને મહત્ત્વના ચુકાદાઓ આપ્યા. તેમનો પ્રધાન તરીકેનો અનુભવ પણ તેમને કામ લાગ્યો. વળી જસ્ટિસ મેનન જે આઈ.સી.એસ. હતા અને ઘણા વિદ્વાન અને પ્રભાવશાળી હતા તેમની સાથે બેસવા અને કામ કરવા મળ્યું. પરિણામે તેમણે હાઈકોર્ટ જજ તરીકેની એક ઉમદા છાપ મૂકી.

**તેમના કેટલાક ચુકાદાઓ જોઈએ**

- એન. ક્રિષ્ણા આયર વિ. લક્ષ્મી અમ્મલના કેસમાં તેમણે ન્યાય આપવામાં થતા વિલંબ અંગે આક્રોશ વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે એક વાર ટ્રાયલ (સુનાવણી)શરૂ થાય પછી તે રોજેરોજ ચાલવી જોઈએ અને ત્વરિત ગતિથી પૂરી થવી જોઈએ. પુરાવો શરૂ થયા પછી લાંબા ગાળે નિર્ણય થાય તે denial of fair Trial છે અને ન્યાયનો ભંગ છે.

- શિવપ્રસાદ વિ. સ્ટેટ ઑફ કેરાલાના કેસમાં તેમણે આંખ માટે આંખ એવી બદલાની ભાવનાથી નહીં; પરંતુ સુધારણાના હેતુથી સજા થવી જોઈએ તેવા સિદ્ધાંત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, "If you can punish a man retributively, you must injure him. If you are to reform him, you must improve him. And men are not improved by injuries. If crime is pathological its sentence must be therapeutic."

ક્રિષ્ણા આયર પછીથી સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ બન્યા. તેનું એક કારણ એ પણ હતું કે કેરાલા હાઈકોર્ટના એક તેજસ્વી ન્યાયમૂર્તિ તરીકેની તેમની છાપ હતી. વળી તે માનવ અધિકારના રખેવાળ હતા. તેમણે ઇસ્લામિક લૉ અને ક્રિમિનલ લૉ બંનેમાં અસાધારણ પ્રતિભા દર્શાવી, પરિણામે માત્ર કેરાલામાં જ નહીં, સમગ્ર દેશમાં તેમની હાઈકોર્ટ જજ તરીકેની કામગીરી પ્રશંસા પામી. ચીફ જસ્ટિસ એમ. એસ. મેનને ક્રિષ્ણા આયર માટે પ્રશંસાના શબ્દો પાથર્યા છે. જે ક્રિષ્ણા આયરની કામગીરી અને વ્યક્તિત્વનો ખ્યાલ આપે છે. તેમણે કહ્યું છે. "My first contact with Mr. Krishna lyer was as an advocate appearing before me when I was a Judge of the High Court of Kerala. He had a very large practice and it was always a pleasure to listen to him. His analysis was superb, his knowledge profound and there was always a breath of fresh air in the manner of his presentation. The impression invariably left behind was of a crusader battling for pinciple than of a lawyer fighting for a client.

I was anxious to get Mr. Krishna lyer as a colleague on the Bench and after considerable persuasion he agreed to my request. I have no doubt that eventful decision was to a large extent influenced by his regard for me and I naturally consider it as one of my major achievenments as the Chief Justice of Kerala. Since then Mr. Krishna lyea has opend many windows, expanded the judicial horizon and given tone and content to many concept of the law. Is if any wonder if he has become a legend in his own Lifetime."

**લૉ કમિશન ઑફ ઇન્ડિયાના સભ્ય તરીકેની કામગીરી અને સુપ્રીમ કૉર્ટમાં નિમણૂક**

ત્રણ વર્ષ કેરાલા હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે કાર્ય

કર્યા પછી ક્રિષ્ણા આયર લૉ કમિશન ઑફ ઇન્ડિયાના સભ્ય તરીકે નિમાયા. આમ તો હાઈકૉર્ટ જજ લૉ કમિશનમાં જવાનું પસંદ ન કરે, પણ તેમના મિત્ર અને કેન્દ્રીય પ્રધાન મોહનકુમાર મંગલમ્‌ના આગ્રહથી તેઓ તેમાં જોડાયા. ક્રિષ્ણા આયરના શબ્દોમાં એ વાતને જાણીએ, ''હું હાઈકૉર્ટ જજ હતો, ત્યારે એક સવારે મોહનનો ફોન આવ્યો કે વી. આર. કે. તું દિલ્હી આવી જા. લૉ કમિશનનો સભ્ય બનવાનું છે. મેં મોહનને કહ્યું આવી જગ્યા માટે મને તું આગ્રહ કરે છે ? મોહને કહ્યું કે મારે તને સુપ્રીમ કૉર્ટમાં લઈ જવો છે, પણ હાઈકૉર્ટમાં તો તું બહુ જુનિયર છે. તેથી આ જગ્યા પર દિલ્હી આવવું જરૂરી છે. મેં હા પાડી તેનું કદાચ મુખ્ય કારણ એ હતું કે લૉ કમિશનના ચૅરમૅન એક મહાન ન્યાયાધીશ પી. બી. ગજેન્દ્રપ્રસાદ ગડકર હતા. જેમની સાથે કામ કરવાની મને તક મળવાની હતી.''

સપ્ટેમ્બર, ૧૯૭૧માં ક્રિષ્ણા આયર લૉ કમિશન ઑફ ઇન્ડિયાના સભ્ય બન્યા. ૧૯૫૫માં સ્થપાયેલ લૉ કમિશન ઑફ ઇન્ડિયાના પ્રથમ ચૅરમૅન એમ. સી. સેતલવાડ હતા. કમિશનનું કામ ચાલુ કાયદાઓમાં જ્યાં જરૂરી લાગે ત્યાં સુધારા કરવા સૂચન કરવાનું હતું. આ રીતે કમિશન દ્વારા સમયાંતરે ભલામણો થતી રહેતી હતી; પરંતુ સામાન્ય રીતે આ રિપૉર્ટ સરકારની અભરાઈઓ પર અટવાઈ પડતા હતા. જોકે પી. બી. ગજેન્દ્રપ્રસાદ ગડકરના અધ્યક્ષસ્થાને બે વર્ષ સુધી ક્રિષ્ણા આયરે બહુ જ નિષ્ઠાપૂર્વક કામગીરી કરી અને ગરીબો માટે લિગલ એઈડ અંગે વિસ્તૃત નોંધ તૈયાર કરી. ક્રિષ્ણા આયરે ચૅરમૅન ગજેન્દ્રગડકરના મન પર તેમની સુંદર છાપ વિકસાવી. પરિણામે બે વર્ષના ટૂંકાગાળામાં જ ગજેન્દ્ર ગડકરે ભારતના ચીફ જસ્ટિસ શ્રી એસ. એમ. સીક્રીને ક્રિષ્ણા આયર માટે ભલામણ કરી કે તેમને સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ બનાવવામાં આવે, પરંતુ તે વખતે સુપ્રીમ કૉર્ટના અન્ય સિનિયર ન્યાયમૂર્તિએ ક્રિષ્ણા આયરના નામનો વિરોધ કર્યો. કદાચ એ માન્યતા હતી કે સરકાર તેમને અનુકૂળ પડે તેવા ન્યાયમૂર્તિઓની ભરતી કરવા માગે છે. તે વખતે વડાપ્રધાન ઇન્દિરા ગાંધી પણ ક્રિષ્ણા આયરને સુપ્રીમ કૉર્ટમાં લેવા માટે આતુર હતાં પછી સંજોગો એવા બન્યા કે ત્રણ ન્યાયમૂર્તિઓની સિનિયોરિટી અવગણીને શ્રી એ. એન. રે. ને મુખ્ય ન્યાયમૂર્તિ બનાવવામાં આવ્યા. ત્રણ ન્યાયમૂર્તિઓએ રાજીનામાં આપ્યાં. શ્રી એ. એન. રે. એ ક્રિષ્ણા આયરના નામની સરકારમાં ભલામણ કરી અને ૧૯૭૩માં ક્રિષ્ણા આયર સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ બન્યા.

**સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે પ્રશસ્ય કામગીરી**

ક્રિષ્ણા આયરે સને ૧૯૭૩થી સને ૧૯૮૦ સુધી સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે ખૂબ જ પ્રશસ્ય કામગીરી કરી અને એક આદર્શ અને મહાન ન્યાયાધીશ તરીકેની છાપ મૂકી ગયા, પરંતુ તેમની સુપ્રીમ કૉર્ટની કામગીરી વિશે થોડું જાણીએ તે પહેલાં તેમની નિમણૂક વખતે થયેલા વિરોધ વિશે પણ જોઈ લઈએ.

આપણે ઉપર જોયું તેમ મોહનકુમાર મંગલમ્‌ની ઇચ્છા ક્રિષ્ણા આયરને સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ બનાવવાની હતી અને તેથી જ તેમની નિમણૂક લૉ કમિશનમાં કરી હતી. ૧૯૭૩ની સાલમાં અને તે પહેલાં રાજકીય પરિસ્થિતિ થોડી વિચિત્ર બની હતી. કૉંગ્રેસ સત્તાધારી પક્ષ હતો, પણ તેમાં ભાગલા પડ્યા હતા અને ઇંદિરાજી મજબૂત બન્યાં હતાં. વળી સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે પણ સાનુકૂળ સંબંધ ન હતા અને સરકારને એમ લાગતું હતું કે સુપ્રીમ કૉર્ટ સરકારના પ્રગતિશીલ પગલાંઓમાં અવરોધ નાખે છે અને તે પોતાની સત્તાની ઉપરવટ થઈ જાણે કાયદો ઘડવાનું કામ કરે છે તેથી પોતાને અનુકૂળ ન્યાયમૂર્તિઓ સુપ્રીમ કૉર્ટમાં હોવા જોઈએ. ક્રિષ્ણા આયર માત્ર ત્રણ વર્ષ હાઈકૉર્ટ જજ હતા. વળી તેમની છાપ સામ્યવાદી વિચારસરણીની હતી. આથી તેમને જસ્ટિસ તરીકે સુપ્રીમ કૉર્ટમાં સીધી ભરતી કરવામાં આવે તેનો ઘણા લોકોએ વિરોધ કર્યો. ૧૫૦ જેટલા વકીલોની આગેવાની લઈ સોલી સોરાબજીએ પણ રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરી. લૉ કમિશનના ચૅરમૅન પી. બી. ગજેન્દ્ર ગડકરની ચીફ જસ્ટિસ સીક્રીને ક્રિષ્ણા આયર માટે ભલામણ હતી; પરંતુ સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ હેગડેએ તેનો વિરોધ કરેલો. જેથી ચીફ જસ્ટિસ સીક્રીએ તે ભલામણ રાષ્ટ્રપતિને મોકલી નહોતી; પરંતુ પછીથી એ. એન. રે.ની નિમણૂક ચીફ જસ્ટિસ તરીકે થતા તેમણે ક્રિષ્ણા આયરના નામની દરખાસ્ત કરી. ઘણા વિભાગોમાંથી વિરોધ હોવા છતાં ક્રિષ્ણા આયરની સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થઈ. જે નિષ્ઠાથી, પ્રમાણિકતાથી અને ઉચ્ચપદનું ગૌરવ જાળવીને તટસ્થતાપૂર્વક તેમણે કામગીરી કરી તેના કારણે તે અમર બની ગયા. તેમનો વિરોધ કરનાર બધા જ તેમના પ્રશંસકો બની ગયા. સોલી સોરાબજીએ પણ પછીથી કહ્યું કે તેમનો વ્યવહાર, તેમનું જ્ઞાન અને તેમની કાર્યનિષ્ઠા જોઈ મને લાગ્યું કે તેમનો વિરોધ કરવામાં મેં કેવી મોટી ભૂલ કરી હતી.

૬ દાયકાથી વધુ વકીલાત કરનાર નામી વકીલ ફલી નરીમાન તો શ્રી ક્રિષ્ણા આયરને Super Judgeનું બિરુદ

આપે છે. તે લખે છે, ''Justice V. R. Krishna lyer had all tha abiding qualities of a great judge – he was innovative, he was for the underdog and he was compassionate. But to be super Judge one needed another superlative quality true independence. Justice Krishna lyer was truly independent.'' ક્રિષ્ણા આયરનાં કાર્યોની સાચી મુલવણી તેમના ઠરાવોથી થઈ શકે. તેમની ૭ વર્ષની સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકેની કારકિર્દી દરમિયાન તેમણે લગભગ ૭૦૦ જેટલા ઠરાવો આપ્યા. તેમના ઠરાવો વિવિધ વિષયો અને બાબતોને સ્પર્શતા હતા. વકીલોને અને ન્યાયાધીશોને પણ તેમની ભાષા સમજવામાં કઠિનાઈ પડે છે; પરંતુ બધા ચુકાદાઓ વિદ્વત્તાપૂર્ણ રીતે લખાયા છે અને કાયમી છાપ મૂકતા ગયા છે.

તેમણે આપેલા ચુકાદાઓ પૈકી થોડાક ચુકાદાઓમાં સમાવેલા સિદ્ધાંત દર્શાવી બહુ જ ટૂંકાણમાં જોઈશું. કાયદાના અભ્યાસુઓએ તો સંપૂર્ણ ચુકાદા વાંચવા પડે; પરંતુ ટૂંકી નોંધથી ચુકાદાઓના વિવિધ વિષયોનો ખ્યાલ આવી શકશે.

**● સમશેરસિંગ વિ. સ્ટેટ ઑફ પંજાબ**

૭ ન્યાયાધીશોની બૅન્ચનો આ ચુકાદો છે. જે ૨૩ ઑગસ્ટ, ૧૯૭૪ના રોજ જાહેર થયો. રાષ્ટ્રપતિ અને ગવર્નરની સત્તા અને બંધારણીય પરિસ્થિતિની આમાં વિશાળ ચર્ચા છે. વળી આર્ટિકલ ૩૧૧(૨)ની ચર્ચા અને પ્રોબેશનરને નોકરીમાંથી દૂર કરવામાં આવે તો તે શિક્ષાત્મક હુકમ ક્યારે ગણાય તેની પણ ચર્ચા કરી છે.

આ કેસમાં સમાયેલી બાબતો અંગે જસ્ટિસ ક્રિષ્ણા આયરના શબ્દો જ જોઈએ : ''These two appeals have projected constitutional issues whose profound import and broad impact, if accepted, may shake up or reshape the Parliamentary cornerstone of our nation. The question is does our legal political system approximate to the Westminster style Cabinet Government or Contemplate the President and Governor, unlike British Crown, being real repositories of and actually exercising power in its comprehensive constitutional signification?''

**● મેનકા ગાંધી વિ. યુનિયન ઑફ ઇન્ડિયા**

૭ ન્યાયાધીશોની બૅન્ચનો આ ચુકાદો છે. જે ચુકાદો ૨૫-૧-૧૯૭૮ના રોજ જાહેર થયો છે. આ કેસમાં ભારતીય બંધારણના આર્ટિકલ-૧૯ અને ૨૧નું અર્થઘટન અને Personal Liberty અંગેની ચર્ચા છે. તેમાં ઠરાવ્યું છે કે પાસપોર્ટ જપ્ત કરતાં પહેલાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન જરૂરી છે.

ક્રિષ્ણા આયરે ઠરાવમાં લખ્યુ છે, ''Personal Liberty makes for the worth of human person Travel makes liberty worthwhile. Life is a terrestrial opportunity for unfolding personality, rising to higher states, moveing to fresh woods and reaching out to reality which makes our earthy journey a true fulfillment. The spirit of man is at the root of Art. 21. Absent liberty, other freedoms are froze.''

**● બેંગ્લોર વૉટર સપ્લાય ઍન્ડ સુએજ બોર્ડ વિ. એ. રાજપ્પા**

આ ચુકાદો સાત ન્યાયાધીશોની બૅન્ચનો છે. જે તા. ૨૧-૨-૧૯૭૮ અને તા. ૭-૪-૧૯૭૮ના રોજ જાહેર થયો છે, જેમાં ''ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ ઍક્ટ''ના સંદર્ભમાં Industry કોને કહી શકાય તે અંગેની વિસ્તૃત ચર્ચા છે. કાયદાના અર્થઘટનમાં કેવી ભૂમિકા હોવી જોઈએ તે દર્શાવ્યું છે.

જસ્ટિસ બેગ, જસ્ટિસ ચંદ્રચુડ વગેરેએ જુદા ચુકાદા લખેલા છે. ક્રિષ્ણા આયરે પણ જુદો ચુકાદો લખ્યો છે. દરેકે કલમ-૨માં આપેલી Industryની વ્યાખ્યાને સ્પષ્ટ કરી છે.

**● સુનીલ બત્રા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન**

આ ચુકાદો પાંચ ન્યાયાધીશોની બૅન્ચનો છે. જે તા. ૩૦-૮-૧૯૭૮ના રોજ જાહેર થયો છે, જેમાં બંધારણીય અધિકારોનો પ્રશ્ન સમાયેલો છે. આર્ટિકલ-૧૪, ૧૯, અને ૨૧ના સંદર્ભમાં અને આર્ટિકલ – ૧૩, ૩૨ અને ૨૨૬ના સંદર્ભે પણ ચર્ચા છે. મૃત્યુદંડની સજા પામેલા કેદીને સૉલિટરી કન્ફાઈનમેન્ટમાં રાખી શકાય કે નહીં મુદ્દો અહીં સમાયેલો હતો.

કૉર્ટે ઠરાવ્યું કે સૉલિટરી કન્ફાઈનમેન્ટમાં ન રાખી શકાય. ક્રિષ્ણા આયરે નીચે પ્રમાણે જણાવ્યું.

''Condemned prisoners like the petitioner shall be merely kept in custody and

shall not be put to work like those sentenced to rigorous imprisonment. These prisoners shall not be kept apart or segregated except on their own Volition since they do not come under section 30(2) of the Prisons Act. They shall be entitled to the amenities of ordinary inmates in the prison like games, books, news paper, resonable good food, the right to expression, artistic or otherwise, and normal clothing and bed.''

- **બાઈ તાહીરા વિ. અલીહુસેન ફીદાઅલી ચોથયા**

આ ચુકાદો ત્રણ ન્યાયાધીશોની બેંન્ચનો છે. જે તા. ૬-૧૦-૭૮ના રોજ જાહેર થયો છે.

આ કેસમાં મુસ્લિમ સ્ત્રીના ભરણપોષણનો પ્રશ્ન હતો. ક્રિ. પ્રો. કોડની કલમ–૧૨૫નું અર્થઘટન અને ''વાઈફ'' શબ્દની વ્યાખ્યાના સંદર્ભમાં સ્ત્રીના લાભમાં અર્થઘટન કરવામાં આવ્યું. છૂટાછેડા પામેલ મુસ્લિમ સ્ત્રી પણ કલમ –૧૨૫ પ્રમાણે ભરણપોષણ પ્રાપ્ત કરવા હકદાર છે. જો મહેર અથવા કરાર દ્વારા તેને તેના ભવિષ્યના પોષણ માટે યોગ્ય રકમ આપવામાં આવી હોય તો જ તે ભરણપોષણ પ્રાપ્ત કરી શકે. આ કેસમાં મહિનાના રૂ. ૫૦૦૦/-ની ઉચ્ચક રકમ મુંબઈ જેવા શહેરમાં રહેવા માટે અપૂરતી માનવામાં આવી અને તેથી તેનો ભરણપોષણનો હક્ક મંજૂર કરવામાં આવ્યો.

**ઉપસંહાર**

કૃષ્ણા આયરના ૭૦૦ ચુકાદાઓમાંથી પ્રતિનિધિ સ્વરૂપ આ પાંચ ચુકાદાઓ રજૂ કર્યા છે. તે માત્ર એટલું દર્શાવે છે કે વિવિધ વિષયોને આવરી લેતા તે ચુકાદાઓ છે. કાયદાના અભ્યાસુ માટે આ ચુકાદાઓ રસપ્રદ બની રહેશે. તે વિસ્તારપૂર્વક અને વિદ્વત્તાપૂર્ણ લખાયા છે. તેમની સાથેના તે વખતના ન્યાયમૂર્તિઓ પણ ઘણા વિદ્વાન હતા અને ઘણા ચુકાદાઓ સ્વતંત્રપણે લખાયા છે અને સહમતી હોવા છતાં પોતાની રીતે તેમના દૃષ્ટિબિંદુ રજૂ થયા છે.

**કૃષ્ણા આયરનાં કેટલાંક નોંધપાત્ર અવતરણો**

- ''A legal adjudication may be flawless but a negotiated settlement will be satisfying, even if it departs from strict law.''
- ''Again justice is functionally outraged not only when an innocent person is punished but also when a guilty criminal gets away with it stultifying the legal system.''
- ''The Purpose of law and justice (dharma) is promtion of cohesion and not production of fission.''
- ''Law and morals interact and yet are autonomous.''
- ''The life of law is not idle abstraction or transcendental meditation but fitment to concrete facts to yield jural results – a synergetic action, not isolated operation.''
- ''Our prisons should be correctional houses, not curel iron aching the soul.''
- ''All public power is a public trust, and the public prosecutor cannot act save in discharge of that public trust, a public trust geared to public Justice.''
- ''The rule of human advance is free thought and expression but the survival of society enjoins reasonable curbs where public interest calls for it. The balance is struck by governmental wisdom overseen by judicial review.''
- ''The Socio – economic circumstances of a man deserves to be noticed while awarding sentence.''

**સમાપન**

કૃષ્ણા આયરનું જીવન અને કામ પ્રેરણાદાયી રહ્યું છે. તેમના દ્વારા ઘણાં પુસ્તકો પણ લખાયાં છે. સલમાન ખુરસીદ અને લોકેન્દ્ર મલિકના ''Justice at Heart'' નામના પુસ્તકના તેમજ ફલી નરીમાનના પુસ્તકના આધારે આ લેખ તૈયાર કરેલો છે. આશા રાખું કે આ લેખ ઉપર જણાવેલ ''Justice at Heart'' નામનું પુસ્તક તથા કૃષ્ણા આયરનાં પુસ્તકો અને ઠરાવો વાંચવા પ્રેરણા પૂરી પાડશે.

**શરદભાઈ પી. શાહ**
એડ્વૉકેટ, મહેસાણા, મો. ૯૪૨૯૭૩૬૩૬૫

# ગ્રામશાળા ક્ષમતા અને વ્યાપના પ્રોત્સાહક ડૉ. દાઉદભાઈ

**મનુભાઈ જે. પટેલ**

"શિક્ષણ એટલે યોગ-ઉદ્યોગ-સહયોગની કેળવણી." શિક્ષણ દ્વારા સાક્ષરતા જ નહિ, પણ જીવનની સાર્થકતા સાધવી જોઈએ. માણસના સર્વ ગુણોનો વિકાસ કરવો છે. મૂલ્યો બદલીને સમાજને બદલવો છે. સહુને ઉદ્યોગશીલ ને વિચારશીલ બનાવવા છે. અર્થસૂચિને સામ્યયોગના સંસ્કાર આપવા છે.

આચાર્ય વિનોબા ભાવેના શિક્ષણ દ્વારા વ્યક્તિ/સમાજ પરિવર્તનના ઉપરોક્ત વિચારો પ્રાચાર્ય ડૉ. શ્રી દાઉદભાઈસાહેબે ચરિતાર્થ કરવા આજીવન શિક્ષણયજ્ઞ પ્રગટાવેલ છે. અંગ્રેજી ભાષાના ઉત્તમ શિક્ષક, પ્રયોગશીલ શિક્ષક – પ્રશિક્ષક, બી. એડ્. કૉલેજના સમર્થ પ્રાચાર્યશ્રી અને પ્રયોગશીલ કેળવણીકાર દાઉદભાઈસાહેબ તેમના હજારો વિદ્યાર્થીઓના હૃદયમંદિરમાં આજે પણ જીવંત જ નહિ પ્રેરક પણ બની રહેલ છે.

વર્ષ ૧૯૬૪-૬૫માં શેઠ જી. સી. હાઈસ્કૂલ પિલવાઈ દ્વારા બી. એડ્.ની તાલીમ માટે ડેપ્યુટેશન પર વિદ્યાનગર જવાનું થયું. મહાન ચિંતક અને કેળવણીકાર શ્રી આર. એસ. ત્રિવેદીસાહેબ અમારા પ્રિન્સિપાલ હતા. ડૉ. દાઉદભાઈ જનરલ નૉલેજ અને શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અમને શીખવતા. પ્રભાવી અને પ્રતાપી વ્યક્તિત્વ, શિસ્તના પ્રખર હિમાયતી, થોડા કડક પણ લાગે પણ અસ્ખલિત પ્રવચન નહિ પણ તાલીમાર્થીઓ સાથે સંવાદ અને હળવાસભરી રમૂજ સાથે ભણાવે. વર્ગમાં અધ્યાપક ટેબલ સામેની બેઠકમાં જ હંમેશાં બેસીને સાહેબનું અધ્યાપન માત્ર બૌદ્ધિક જ નહિ પણ હૃદયને સ્પર્શતું હોય. સ્વભાવે નારીકેલ પ્રકારના બાહ્ય દૃષ્ટિએ કડક લાગે પણ શ્રીફળ – જળ અને ફળ જેવા મિષ્ટ આંતરિક મૃદુતા અને સંવેદનશીલ લાગે. વ્યંગાત્મક ભાષાનો ઉપયોગ કરે. ભણતાં ભણતાં ભાવ જાગે કે અધ્યાપક તો દાઉદભાઈસાહેબ જેવા જ થવાય. અલબત્ત, આચાર્ય થવાની આંતરિક લાલસા તો હતી જ જેથી ઉત્તર ગુજરાતના સમર્થ ઋષિ આચાર્યો શ્રી નાથાભાઈ દેસાઈ અને શ્રી છગનભાઈ કા. પટેલ જેવા થવાનો આંતરિક પુરુષાર્થ હંમેશાં કરતો.

ગુજરાતનું શિક્ષણમાળખું એ સમયે ધો. પથી ૧૧ અને કેટલીક જગ્યાએ ધો. ૮થી ૧૧નું હતું. સળંગ ચાર કે સાત વર્ષના આ સમય માટે વિદ્યાર્થી એક જ શાળામાં ભણતો. જેથી તેનું જીવનઘડતર અને શૈક્ષણિક ઘડતર ઉત્તમ રીતે થતું જોયું છે. ગુજરાતના સમર્થ કેળવણીકારો સર્વશ્રી ઉમાશંકર જોશી, મગનભાઈ દેસાઈ, એલ. આર. દેસાઈ, એસ. વી. દેસાઈ, આર. એસ. ત્રિવેદી, ઈશ્વરભાઈ પટેલ, ડૉ. પી. સી. વૈદ્ય, સ્નેહરશ્મિ, યશવંતભાઈ જેવા અનેક મહાનુભાવોની અસર ગુજરાતના માધ્યમિક શાળાના આચાર્યો અને અધ્યાપકો પર સુપેરે જોવા મળતી હતી. આદર્શ આચાર્યો અને અધ્યાપકોની પરંપરાનો એ સુવર્ણકાળ હતો. નિષ્ઠા, વાત્સલ્ય, અધ્યયન અને અધ્યાપનનો રસ હંમેશાં જોવા મળતો. સમાજજીવન પણ આઝાદી પછી સારા શિક્ષણ માટે જરૂરી ભૌતિક સુવિધાઓ સમગ્ર રાજ્યમાં પ્રજા સહયોગની રૂડી બની હતી. વળી શ્રી ઈશ્વરભાઈ પટેલ સમિતિના અહેવાલ પછી શાળાઓનો તમામ ખર્ચ ૧૦૦ ટકા ગ્રાન્ટપાત્ર બન્યો. જેથી માધ્યમિક શાળાનું સુરેખ ચિત્ર ઊપસવા પામ્યું હતું. ગુજરાતના શૈક્ષણિક સંઘોના સુકાનીઓ પણ પ્રથમ શાળામાં ઉત્તમ શિક્ષણ પછી જ પોતાના પ્રશ્નોને સરકાર સમક્ષ રજૂઆત કરતા. આ સંવાદિતાએ જ માધ્યમિક શાળાના કર્મચારીઓને નિવૃત્તિ લાભો અને શિક્ષણધારો બંને મળ્યા.

ડૉ. દાઉદભાઈસાહેબ હંમેશાં કહે છે કે સારા ઉત્તમ અધ્યાપકો – શિક્ષકોના ઘડતર માટેની પૂર્વ-વ્યવસાય પ્રવેશતાલીમ એ પાયાના સંસ્કારો પાડવાની, અભિગમો અને વલણો વિકસાવવાની, વિવિધ પ્રકારનાં વ્યવસાયલક્ષી કૌશલ્યો કેળવવાની તેમજ સર્વાંગી દૃષ્ટિએ તાલીમાર્થીએ પોતાના જીવન, અને વ્યવસાયને લગતાં દર્શનનાં તત્ત્વોને

ઓળખીને આત્મસાત્ કરતા જવાની તાલીમ છે. સાચી રીતે જોઈએ તો પૂર્વ-વ્યવસાય તાલીમ એ ફક્ત આંશિક જ પહેલ પાડવાની પ્રક્રિયા છે. એ તો લાંબી યાત્રાનો માત્ર આરંભ જ છે. આ તાલીમનું કાર્ય તો તાલીમાર્થીને એક ખુલ્લા મનવાળા, સદાયે શીખવા તૈયાર, નવાં નવાં પરિવર્તનો સ્વીકારનાર, વિધાયક દૃષ્ટિ ધરાવનાર, માનવતાની ભાવનાથી પરિપ્લાવિત એવી જીવંત વ્યક્તિમાં રૂપાંતર કરવાનું છે. એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન વિદ્યાનગર સેવાકાર્યમાં શિક્ષણ-પ્રશિક્ષણ ક્ષેત્રે નવીન પ્રયોગો કર્યા. પાઠ આયોજન અને શાળામાં વર્ગખંડના પ્રત્યક્ષ શિક્ષણકાર્યની જૂની ઘરેડ-પરંપરાઓ તોડીને નવા વિચારોનો અમલ કર્યો. ૧૯૬૪-૬૫માં આવા પ્રયોગોનું માધ્યમ બનવાની નૂતન દૃષ્ટિ દાઉદભાઈસાહેબ પાસેથી અમને મળી હતી. શિક્ષક એટલે ગંભીર, અતડો ચહેરો, આંખોમાં પોલીસ-નજર ધરાવતા અધ્યાપકો તેમના વિષયમાં તજ્જ્ઞ હશે, પણ વર્ગમાં નિરસતા ઉદાસીનતા હંમેશાં ડોકાયાં કરતાં. આ બધું બદલીને વર્ગને રમતો-હસતો-ભણતો કરવાની વિશિષ્ટ ફાવટ અને ટૅક્નિક શ્રી દાઉદભાઈસાહેબ પાસેથી મળી છે. આવા વર્ગોમાં અશિસ્ત, ગરબડ કે નિરસતા પ્રવેશી શકતી જ નહિ, વર્ગના પ્રત્યેક બાળકના ચહેરા ઉપર પ્રસન્નતા, જિજ્ઞાસા અને સહયોગ જોવા મળતો હતો. આવા નિવડેલા અધ્યાપકો જે શાળાઓમાં તાલીમ લઈને ગયા તે શાળાઓમાં પરિવર્તન આવ્યું. ભણવાની પ્રક્રિયા જટીલ નહિ પણ આનંદસાધ્ય છે તેની પ્રતીતિ થઈ છે.

ડૉ. દાઉદભાઈસાહેબ ઈ. સ. ૧૯૬૮થી મોડાસા બી. એડ્. કૉલેજના પ્રાચાર્યશ્રી બન્યા પછી અહીં તેમને શૈક્ષણિક પ્રયોગો કરવાનું મોકળું મેદાન મળ્યું. શિક્ષકકેન્દ્રી પદ્ધતિઓના સ્થાને નૂતન વિદ્યાર્થીકેન્દ્રી પદ્ધતિઓ જેવી કે સિમ્પોઝીયમ, સેમિનાર, વર્કશૉપ, જૂથચર્ચા વગેરે તાલીમાર્થીઓ દ્વારા સાબરકાંઠા – અરવલ્લીની માધ્યમિક શાળાઓના વર્ગખંડો સુધી પહોંચી. 'બઝ સેશન' જેવી પ્રયુક્તિ તેઓ તેમના અધ્યયનકાળ દરમિયાન વારંવાર અજમાવતા. પ્રશિક્ષણાર્થીઓને બે ટુકડીઓમાં વહેંચી એક ટુકડી એટલે કે ૫૦ વિદ્યાર્થીઓ શાળાઓમાં શિક્ષણ-પાઠો આપવા જાય ત્યારે બીજા ૫૦ તાલીમાર્થીઓની ટુકડી Non Practicing Batch તરીકે કૉલેજમાં આવે. આ ટુકડીને પ્રિ. દાઉદભાઈસાહેબ અને એક અધ્યાપક વિવિધ અનુભવો પૂરો પાડે. આવા અનુભવોમાં શાળાનું સમયપત્રક રચવું, શાળાનાં વિવિધ પત્રકો ભરવાં, પરિણામ પત્રક તૈયાર કરવું. પ્રગતિપત્રક સંગૃહીત પ્રગતિપત્રક ભરવું. વિજ્ઞાનના વિદ્યાર્થીઓએ વિજ્ઞાનના પ્રયોગો કરવા. આ ઉપરાંત દૃશ્ય-શ્રાવ્ય સાધનોના ઉપયોગની તાલીમ, શાળા મૅગેઝિન તૈયાર કરવું, પોતાના વિષયની સ્કૅચ બુક બનાવવી, વર્ગમાં કઈ રીતે ઊભા રહેવું, પુસ્તક કઈ રીતે પકડવું, કઈ રીતે આદર્શ વાંચન કરવું, નકશા-ચાર્ટ, ચિત્રો, પૃથ્વીનો ગોળો વગેરેનો વર્ગમાં કઈ રીતે ઉપયોગ કરવો. સ્ટેનશીલ લખવું, પ્રશ્ન કૌશલ્ય કેળવવું, માઇકની અજમાયશ જેવા અનેકવિધ અનુભવો પૂરા પાડવામાં આવતા હતા.

સમગ્ર વર્ષ દરમિયાન ચાલતી ઉપરોક્ત પ્રવૃત્તિઓથી અધ્યાપકમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવનો ઉમેરો થતો. બાળકો સાથે હંમેશાં સલૂકાઈભર્યું અને માનવતાવાદી વલણ દર્શાવતાં એ તે અધ્યાપક પણ વિદ્યાર્થીપ્રિય બની જતા. તેમની શાળાઓનાં પરિણામો ઉત્તમ આવતાં એટલું જ નહિ પણ સાંસ્કૃતિક અને વર્તન-પરિવર્તનની તમામ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોનું સર્વાંગી ઘડતર થતું હતું. ડૉ. દાઉદભાઈસાહેબના પ્રેરક પ્રયોગોથી પ્રેરાઈને મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના આદર્શ વિદ્યાલયમાં હું જ્યારે આચાર્ય બન્યો ત્યારે શિક્ષણખાતાની અનુમતિ મેળવીને એ શૈક્ષણિક પ્રયોગો કરેલા. (૧) પરીક્ષા દરમિયાન બાળકોને પેપર અને પુરવણી આપી દીધા પછી વર્ગમાં કોઈ પણ પ્રકારના નિરીક્ષક મૂકવામાં આવતા નહિ. બાળકોને સ્વપુરુષાર્થથી અને કોઈ પણ જાતની નકલ કર્યા સિવાય પરીક્ષા આપતાં મેં જોયાં છે. (૨) પરીક્ષા સાથે પાઠ્યપુસ્તક લઈ જવાની છૂટ. બાળકો જવાબો લખવામાં પુસ્તકનો ઉપયોગ કરી શકે. પાઠ્યપુસ્તક સાથેની પરીક્ષામાં પાસિંગ ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલું. આ બંને પ્રયોગો ત્રણેક વર્ષ સફળતાપૂર્વક ચાલ્યા હશે. અન્ય વાતાવરણની અસર થતાં પાછા રૂઢિગત પ્રવાહમાં પરત આવી ગયા હતા.

મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લા પછાત ગણાતા. તેજસ્વી અધ્યાપકો શહેરની શાળાઓમાં જવા લલચાતા, જ્યારે આદર્શઘેલા અધ્યાપકો જે તે ગામ વિસ્તારોની શાળાઓમાં કાર્યરત થયા. પરિણામે સમગ્ર ગ્રામશાળાઓનો વિકાસ થયો અને આ વિકાસમાં દાઉદભાઈસાહેબનો સિંહફાળો રહ્યો. સમગ્ર ઉત્તર ગુજરાતની ગ્રામશાળાઓ દ્વારા જે તે વિસ્તારમાં જ્ઞાન,

વિજ્ઞાન અને વિકાસનાં સોપાન વિકસિત થયાં.

સાબરકાંઠા એન ઉત્તર ગુજરાતના પ્રદેશોમાં આજે સર્વત્ર નવો સામાજિક, આર્થિક અને રાજકીય ઉન્મેષ જોવા મળતો હોય તો તેની પાછળ ઉમદા ધ્યેયને વરેલી બી. એડ્.ની તાલીમની શક્તિ હતી. જેવી સામાજિક ચેતનાની ચાલના, સામાજિક સંરચનાની વિવિધ શક્તિઓ જોવા મળે છે. આ પ્રક્રિયા સતત ચાલતી રહે છે. પરિણામે તેના પ્રભાવથી સમાજ નવસંસ્કરણ પામીને તેની નવરચના થતી રહેતી દેખાય છે. આપણા દેશના સદીઓ પુરાણા સામાજિક, સાંસ્કૃતિક વારસામાં આધુનિક શિક્ષણના રસાયણ દ્વારા સમાજમાં વ્યાપક નવપરિવર્તન આવતું દેખાય છે.

કે. જી. થી લઈને પી. જી. સુધી ભારતમાં, અમેરિકામાં અને ઇંગ્લૅન્ડમાં શિક્ષણનો મહાસાગર ખેડનાર ડૉ. દાઉદભાઈસાહેબનું અંગ્રેજી ગ્રામરનો અભ્યાસ કરીને ગુજરાતની છેલ્લી ત્રણેક પેઢી તૈયાર થઈ છે. અમે સૌ પણ એ જ ગ્રામર ભણ્યા અને નિવૃત્ત થયા ત્યાં સુધી વિદ્યાર્થીઓને પણ ભણાવ્યું. સરળ રજૂઆત અને તરત જ સમજાઈ જાય એવી ભાષામાં નિરૂપણ કરેલ છે. ગુજરાતના અંગ્રેજીના સારા અધ્યાપકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શ્રી દાઉદભાઈસાહેબની પ્રેરણા મેળવીને ધન્ય બન્યા છે. વર્ગખંડોમાં અધ્યાપનકાર્ય કરતા કે ગુજરાતના જિલ્લા/રાજ્યકક્ષાના શૈક્ષણિક અધિવેશનમાં કે સેમિનારમાં શેર-શાયરી, શ્લોકો, અંગ્રેજી અવતરણો, ઉર્દૂ ગઝલો અસ્ખલિત રીતે ટાંકે જ. કવિ ઇકબાલ, કબીર, મરીઝ, કાલિદાસ, ઉમાશંકરનાં અવતરણો હંમેશાં આવે જ. આજે ૯૪ વર્ષે પણ તેઓશ્રીની બોલી-લૅન્ગવેજ પ્રેરક, અવાજ ભાવપૂર્ણ, ખૂબ જ તાટસ્થપૂર્ણ માણસાઈની અનેક વાતો, સસ્મિત ચહેરા સાથેની ગોષ્ઠિ બે કલાક ચાલે, તોપણ આનંદ સાથે તૃપ્તિનો ઓડકાર અનુભવાય.

મોડાસાની બી. એડ્. કૉલેજમાં પ્રાચાર્ય હતા ત્યારે પણ શૈક્ષણિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક અને તાત્ત્વિક દૃષ્ટિએ તેઓ આચાર્યપદના ઔપચારિક સીમાડામાં પુરાઈ રહેલા નહિ. એ હોદ્દાની વૈધિક સરહદોની પાર પણ જોઈ શકતા. એ મોડાસા પ્રદેશના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને વ્યવહારુ જીવનના અભ્યાસી બન્યા. લોકજીવનનાં વિવિધ પરિમાણો, પ્રશ્નો અને અપેક્ષાઓનો એમણે સહાનુભૂતિથી અભ્યાસ કર્યો. પ્રદેશના સર્વતોમુખી વિકાસમાં ઉચ્ચશિક્ષણ કેવી રીતે સહાયક નીવડી શકે એનો ઊંડો અભ્યાસ કર્યો. પછી આ પ્રદેશના સર્વતોમુખી વિકાસમાં તાલીમી શિક્ષણ કેવી રીતે સહાયક બની શકે તેનું આયોજન કરીને હેતુપૂર્ણ અમલ સાથી અધ્યાપકો અને તમામ તાલીમાર્થીઓના સહયોગથી કર્યો. આ પ્રદેશની શાળાઓના આચાર્યો અને અધ્યાપકો સાથે સંવાદ સાધીને શિક્ષણ સંકુલની યોજના દ્વારા પ્રાથમિક/માધ્યમિક શાળાઓનો સેતુબંધ યોગ્ય રીતે સાધ્યો અને તેથી શાળામાં નિયમિતતા, સ્વાધ્યાય અને શિક્ષણની ગુણવત્તામાં સારો સુધારો જોવા મળે છે. પરિણામે સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં તેજસ્વી આદિવાસી યુવાનોને અસરકારક નેતૃત્વ પણ આપી શક્યા છે. આદિવાસી ઉપરાંત દલિતો, વંચિતો અને સામાજિક પછાત વર્ગોમાં પણ સારા પ્રમાણમાં જાગૃતિ અને આત્મવિશ્વાસ પ્રગટ્યો. પરિણામે એકાદ દશકામાં તો આ વર્ગોમાંથી આવતાં તેજસ્વી યુવાનો/યુવતીઓ અનેક શાળાઓમાં ઉત્તમ અધ્યાપનકાર્ય કરવા લાગ્યાં. જેથી આ વિસ્તારમાં ભાઈચારો, વિકાસશીલ પ્રવૃત્તિઓ, રાષ્ટ્રવાદ અને માણસાઈના સહસ્ર નાનામોટા સૂર્યો દ્વારા વિકાસની ગંગોત્રીનું અવતરણ સમગ્ર સમાજમાં જોવા મળ્યું છે.

મોડાસાની બી. એડ્. કૉલેજના માધ્યમ દ્વારા ઉત્તર ગુજરાતની ગ્રામશાળાઓનો સત્ત્વશીલ વિકાસ થયો, એટલું જ નહિ પણ ઉત્તમ પ્રણાલિકાઓ અને પરંપરાઓ ચાલુ રહેતાં પાંચેક દાયકા સુધી એની અસર આજે પણ જોવા મળે છે. ગ્રામશાળાઓ જે તે સમાજ સાથે આત્મસાત્ થતાં શાળાની ક્ષમતા વધી. શૈક્ષણિક પ્રયોગો અને નવરચના સાથે તેનો વ્યાપ વધારવામાં ડૉ. દાઉદભાઈસાહેબનો યક્ષ ફાળો છે. ગ્રામશાળાઓની ક્ષમતા અને વ્યાપ વધતાં શાળાઓમાં આવતાં બાળકોનો પણ વ્યાપ વધ્યો. સમાજમાં જાગૃતિ, ફરજપાલન અને ઉત્તમ નાગરિકો સાથે રાષ્ટ્રભાવનાવાળા યુવાનો વિકસ્યા. સત્ત્વશીલ શિક્ષણ દ્વારા સમાજસેવાનો પણ વ્યાપ વધારવામાં ડૉ. દાઉદભાઈસાહેબ જનહૃદયમાં હંમેશાં સ્મરણીય બની રહેશે.


**શ્રી મનુભાઈ જે. પટેલ**

સેવનિવૃત્ત પ્રાચાર્યશ્રી સર્વ વિદ્યાલય, કડી

મો. ૭૮૭૪૭૬૧૯૨૯


(નોંધ : આ લેખ **'શિક્ષણવિકાસના ધ્રુવતારક : ડૉ. દાઉદભાઈ ઘાંચી'** (૨૦૨૧) પુસ્તકમાં 'વિકાસની ગંગોત્રીનું અવતરણ' (પૃ. ૧૩૦-૧૩૪) શીર્ષક હેઠળ પ્રકાશિત છે.)

# ભરૂચની ભવ્યતા

**ડૉ. નરોત્તમ વાળંદ**

જેની ગોદમાં રાવણ જેવા મહા સમર્થ રાજવીને પરાજિત કરનાર સહસ્રાર્જુન અને તેના પરાક્રમી પુત્રો ખેલ્યા હતા, જેના સાંનિધ્યમાં ભગવાન પરશુરામે મદાંધ બનેલ સહસ્રાર્જુન તથા તેના પુત્રોનો નાશ કરી જુલ્મી અને આપખુદ શાસનનો અંત લાવી લોકશાસન સ્થાપ્યું હતું, જેનાં પવિત્ર દશાશ્વમેઘના ઓવારા પર દાનવીર બલિ રાજાએ વામન સ્વરૂપ વિષ્ણુને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દઈ, ત્યાગનું અનોખું દૃષ્ટાંત પૂરું પાડ્યું હતું, તે પુરાણ પ્રસિદ્ધ પુણ્યસલિલા નર્મદ નદીના કાંઠે ભરૂચ વસ્યું છે.

પૌરાણિક કથા અનુસાર લક્ષ્મીની ઇચ્છાથી ભગવાન વિષ્ણુએ નવ નાથ જ્યાં તપ કરતા હતા તે પવિત્ર જગાએ, નર્મદા તટે જે શ્રીનગર વસાવ્યું તે આ ભરૂચ એમ કહેવાય છે. નર્મદાપુરાણના રેવાખંડની કથા મુજબ ભૃગુઋષિએ એક નગરની સ્થાપના કરી. એ નગર ભૃગુકચ્છ તરીકે ઓળખાયું. ભૃગુઓના વસવાટનો વિસ્તાર તે ભૃગુક્ષેત્ર કહેવાયો.

નર્મદાકિનારે પાઘડીપને પથરાયેલા આ નગરને દરિયાઈ વ્યવહાર માટે સારી અનુકૂળતા સાંપડી છે. અમરકંટકથી નીકળતી નર્મદા નદી ભરૂચ આગળ એક માઈલનો પટવિસ્તાર કરે છે અને આગળ જતાં ખંભાતના અખાતને મળે છે. પાસેના અરબી સમુદ્રથી જગતનાં અન્ય બંદરો સાથેનો તેનો દરિયાઈ માર્ગ ખુલ્લો થાય છે. ઈ. સ. પૂર્વેના સમયથી ઇજિપ્ત, ચીન, અરબસ્તાન, યુરોપ, આફ્રિકા અને ઈરાન જેવા દેશો સાથે ભરૂચના માલની લેવડદેવડ થતી. જે સમયે મુંબઈ માછીઓનો બેટ હતું, કલકત્તા અને કરાંચી કાળના પડમાં છુપાયાં હતાં, દિલ્હીને દૂરથી પણ કોઈ ઓળખતું નહોતું, સુરત હજી સળવળતું હતું, તે સમયે ભરૂચ (ભૃગુકચ્છ) એક ધીકતું બંદર હતું. આજે જેમ મુંબઈ ભારતનું પ્રવેશદ્વાર ગણાય છે, તેમ પહેલાં ભરૂચ હિંદનું બારું ગણાતું. ઈ. સ.થી દોઢેક હજાર વર્ષો પૂર્વેની ઇજિપ્તની કબરોમાંથી હિંદનું મલમલ મળ્યું છે, તે ભરૂચનું ગણાય છે. હિંદની મશહૂર ચીજો ભરૂચથી પરદેશ જતી અને પરદેશની મશહૂર ચીજો ભરૂચ મારફતે હિંદમાં આવતી હતી.

બૌદ્ધ જાતક કથાઓમાં સુવર્ણભૂમિ (હિંદી ચીન) અને સુવર્ણદ્વીપ (મલાયા)ના ભરૂચ સાથેના વ્યવહારના ઉલ્લેખો મળે છે. ઈ. સ. પૂ. ૫૦૦થી ભરૂચ અને સોપારા ધીકતાં બંદરો હતાં. જૈન સાહિત્યમાં તેમજ કથા સરિતસાગરમાં પણ ભરૂચ બંદરના અનેક ઉલ્લેખો મળે છે.

શ્રીલંકાના પ્રાચીન ગ્રંથ 'મહાવંશ' અનુસાર સૌરાષ્ટ્રના સિંહપુરના સિંહબાહુ રાજાના પુત્ર રાજકુમાર વિજયે ઘોઘા બંદરેથી નીકળી, લંકા પર વિજય પ્રાપ્ત કરી, તેનું નામ સિંહલદ્વીપ રાખ્યું હતું. આ રીતે ત્યાં ઈ. સ. પૂર્વેના છઠ્ઠા સૈકામાં સૌથી પહેલી આર્ય વસાહત સ્થપાઈ હતી. આ સમયમાં ભારતમાં જૈન અને બૌદ્ધ ધર્મનો પ્રચાર હતો. બૌદ્ધ અને જૈન ગ્રંથોમાં તે અંગેના ઉલ્લેખો છે. જૈનોના ૨૦મા તીર્થંકર સુવ્રત સ્વામીનું ભરૂચમાં એક ચૈત્ય હતું, જે 'અશ્વાવબોધ તીર્થ'ના નામે ઓળખાતું હતું. લંકાની રાજકુમારી સુદર્શનાએ એનો જીર્ણોદ્ધાર કરાવી, એ તીર્થને 'શકુનિકા વિહાર' નામ આપ્યું હતું. 'વિવિધ તીર્થકલ્પ' નામે જૈન ગ્રંથની માહિતી અનુસાર, લંકાની રાજકુમારી સુદર્શનાએ વહાણોના રસાલા સાથે ભરૂચ આવીને ત્યાં 'શકુનિકા વિહાર' નામે જૈન મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. 'લંકાની લાડી અને ઘોઘાનો વર'એ કહેવત ગુજરાત-લંકાના સાંસ્કૃતિક સંબંધો સૂચવે છે.

નર્મદાની દક્ષિણનો ભરૂચની આસપાસનો પ્રદેશ ઈ. સ. પૂર્વેથી લાટ પ્રદેશ તરીકે ઓળખાતો હતો. લાટ એ સમયના ગુર્જર દેશથી અલગ ગણાતો અને તે હાલના દક્ષિણ ગુજરાતમાં નર્મદાથી નવસારી પાસેના અંબિકા નદી સુધી વિસ્તરેલો પ્રદેશ હતો. લાટ પ્રદેશનું પાટનગર ભરૂચ અને પ્રસિદ્ધ તીર્થધામ પણ હતું. 'સ્કંદપુરાણ'ના પ્રભાસખંડની કથા અનુસાર વલભીના રાજા શર્યાતિએ પોતાની દીકરી સુકન્યા ચ્યવન નામના ભાર્ગવને પરણાવી હતી. ચ્યવનનો આશ્રમ નર્મદાના મુખપ્રદેશ પર હતો. આ ભાર્ગવો તે ભૃગુઋષિના વંશજો ગણાય છે.

ઈ. સ.ના આરંભના સમયમાં ઉજ્જૈન અને પાટીલપુત્ર એ બે ભારતનાં પ્રાચીન નગરો સાથે ભરૂચ ધોરી માર્ગથી જોડાયેલું હતું. દક્ષિણ ભારતથી પણ ભરૂચના બંદરે થઈને માલની નિકાસ થતી. ક્ષત્રપ વંશના રાજા રુદ્રદામા (ઈ. સ. ૧૫૦), જેના સિક્કા ભરૂચમાં ચાલતા હતા, તેના

ગિરનાર શિલાલેખમાં ભૃગુકચ્છનો ઉલ્લેખ છે. મૌર્યકાળથી ગુપ્તકાળલગી ભરૂચ ગુજરાતનું રાજકીય ઉપરાંત સાંસ્કૃતિક કેન્દ્ર હતું. જગતના વિવિધ દેશો સાથે ભરૂચનો દરિયાઈ વ્યવહાર ચાલતો હતો અને ૮૪ બંદરોના વાવટા ભરૂચના બંદરે ફરકતા હતા. ભરૂચની એક બંદર તરીકેની પ્રતિષ્ઠા છેક ઈ. સ. ૧૩૦૦ લગી રહી હતી. ઈ.સ. ૬૨૯માં હિંદમાં આવેલો ચીની મુસાફર હ્યુએનસંગ ભરૂચની મુલાકાતે આવ્યો હતો, એવો તેની નોંધપોથીમાં ઉલ્લેખ છે. ઈ.સ.ની પાંચમી સદીમાં ગુર્જરોનું રાજ્ય થયું. છઠ્ઠી સદીમાં ભરૂચમાં ગુર્જર વંશ સત્તા પર આવ્યો. સાતમી સદીથી અરબોના ભારત સાથે જળમાર્ગે વેપારી સંબંધો બંધાયા. ગુજરાતના આ સમૃદ્ધ બંદર ભરૂચ પર તેમની બૂરી નજર થઈ અને ઈ. સ. ૬૩૬માં અને બીજી વાર ઈ. સ. ૭૧૭માં ભરૂચને લૂંટવામાં આવ્યું. તે પછી પોર્ટુગીઝોએ ભરૂચને ત્રણ વાર લૂંટ્યું. પ્રથમ ઈ. સ. ૧૫૩૬માં, બીજી વાર ઈ. સ. ૧૫૪૭માં અને ત્રીજી વાર ઈ. સ. ૧૬૧૪માં.

ઈ. સ. ૧૬૧૬માં સર ટૉમસ રો નામના અંગ્રેજને બાદશાહ જહાંગીરના સમયમાં ભરૂચમાં વેપાર કરવાની પરવાનગી મળતાં અંગ્રેજોએ ભરૂચમાં પહેલી વેપારની કોઠી નાખી. પછી તો ઈ. સ. ૧૬૧૮માં વલંદાઓએ પણ કોઠી નાખી. ઔરંગઝેબના સમયમાં શિવાજીએ ભરૂચ બે વાર લૂંટ્યું અને તે પછી શંભાજીએ પણ બે વાર લૂંટ્યું. ઈ. સ. ૧૭૪૮માં દિલ્હીના બાદશાહની પરવાનગીથી ભરૂચમાં ભરૂચી રૂપિયા પાડવાની ટંકશાળ શરૂ થઈ હતી. ભરૂચના છેલ્લા નવાબ મોજુજખાનને હરાવીને અંગ્રેજોએ ઈ. સ. ૧૭૭૨માં ભરૂચની સત્તા હાથમાં લીધી. તે પછી તેમણે ભરૂચનો ઉત્કર્ષ આદર્યો. ઈ. સ. ૧૭૮૩માં મિ. ફોર્બ્સ જણાવે છે કે ઊંચામાં ઊંચી જાતના ઝીણી પોતના મસલીનથી માંડીને સઢ બનાવવાના જાડા કાપડના તાકા ભરૂચમાં બનતા. બાસ્તા (બાફ્ટા)નું કાપડ ડચ લોકો અહીંથી યુરોપમાં વેચવા લઈ જતા. ઈ. સ. ૧૮૨૦માં કર્નલ વિલિયમ લખે છે કે અહીંના મોચીઓ બૂટ અને ઘોડાનાં જીન એવાં સારાં બનાવતા કે તે વખતના ગુજરાતમાં વસતા યુરોપિયનો ભરૂચથી એ માલ મંગાવતા. પછીથી અહીં રેશમી અને સુતરાઉ સુજની (રજાઈ) બનાવવાનો કસબ ખીલ્યો. આજે પણ ભરૂચની સુજનીઓ પરદેશ પહોંચે છે. આ કસબ ખાસ કરીને મુસ્લિમોએ જાળવી રાખ્યો છે. ઈ. સ. ૧૭૮૮માં ભરૂચની સમૃદ્ધિ એવી હતી કે ભરૂચની શેરીઓ અરબો, મોગલો અને વિદેશી વેપારીઓથી ઊભરાતી હતી.

ભરૂચને ગૌરવ અપાવે એવો, મહત્ત્વનો પ્રસંગ ઈ. સ. ૧૮૬૮માં ભરાયેલા ઔદ્યોગિક પ્રદર્શનનો છે. ડિસેમ્બરની ૨૪મીએ અંગ્રેજ અધિકારીઓ અને ગુજરાત-સૌરાષ્ટ્રના અનેક દેશી રાજાઓની હાજરીમાં મુંબઈના ગવર્નરને હસ્તે એનું ઉદ્‌ઘાટન થયું. ઇંગ્લૅન્ડથી આવેલા ગવર્નર સર સીમૂર ફિટ્‌ઝીરાલ્ડે એનું પ્રમુખસ્થાન લીધું હતું. એશિયાભરમાં સૌથી પહેલું એવું આ પ્રદર્શન ભરૂચમાં ખૂબ ભભકાભેર ભરાયું. પ્રદર્શનમાં વડોદરાના મહારાજા ગાયકવાડની ત્રીસ લાખ રૂપિયાની કીમતી જવાહરોથી ભરેલી ચાદર, મૂલ્યવાન અલંકારો, કોતરણી કામના નમૂના, ખાસ ઝીણી કારીગરીવાળી યંત્રસામગ્રી અને જંગલી તથા વિચિત્ર પ્રાણીઓ ગોઠવાયાં હતાં. આ પ્રદર્શન જોવા લોકોનો એટલો બધો ધસારો થયેલો કે ત્રણને પાંચ રૂપિયાની છપાયેલી સીઝન ટિકિટો ખૂટી પડતાં બાકીની હાથે લખવી પડેલી ! પ્રદર્શન દરમિયાન ભરૂચમાં રહેવા માટે ઠાકોરો અને શ્રીમંતોને ભાડાનાં મકાનોની તંગી નડેલી. ફેન્સી કાપડ, બૂટ, લાકડી, રૂમાલ અને પાઘડીની ખરીદી એટલી બધી થઈ કે એ ચીજોના ભાવમાં ભારે ઉછાળો આવેલો. આ પ્રદર્શનના ઉત્સવ નિમિત્તે રાત્રે નદીમાં તરાપા ઉપર દારૂખાનાનાં મોટાં ઝાડ સળગાવવામાં આવેલાં.

૧૯મી સદીના આરંભમાં ભરૂચ રૂના ઉત્પાદનનું તેમજ કાપડ ઉદ્યોગનું મહત્ત્વનું મથક બન્યું હતું. બ્રિટિશ સમયમાં ભરૂચનું રૂ અને બાફ્ટા નામે ઓળખાતું કાપડ વિદેશોમાં વેચાતું હતું. ભરૂચનું રૂ ચીનમાં પણ નિકાસ થતું હતું. અહીંનાં ‘વણેલી હવા’ જેવાં પારદર્શક પાતળાં વસ્ત્રો પર રોમન સ્ત્રીઓ વારી જતી હતી. બદલામાં રોમમાંથી અઢળક સોનું ભરૂચમાં ઠલવાતું હતું. ઈ.સ. ૧૮૫૨માં અમદાવાદના ઉદ્યોગપતિ રણછોડલાલ છોટાલાલે ભરૂચમાં પ્રથમ કાપડની મિલ રૂપિયા ચાર લાખના ભંડોળથી શરૂ કરી, પરંતુ પાછળથી એ બંધ કરવી પડી અને તેમણે અમદાવાદમાં એ ઉદ્યોગ સ્થાપ્યો. ભરૂચમાં શરૂ કરેલી મિલ સારી રીતે ચાલી હોત તો ભરૂચની સિકલ બદલાઈ જાય.

બ્રિટિશ અમલની શરૂઆતમાં કાપડ અને રૂની નિકાસને કારણે ભરૂચ ધીકતું મથક બન્યું. એ વેળાએ ભરૂચ બંદરે દર વર્ષે ૧૫૦થી ૨૦૦ ટનની શક્તિ ધરાવતાં ૪૦૦૦ જેટલાં વહાણોની અવરજવર રહેતી. ખજૂર, નાળિયેર, મેંગલોરી નળિયાં, પથ્થર, કાંદા અને મીઠું એ બધી ચીજોની આયાત થતી. બસરા અને ઇરાકથી લગભગ ૫૦૦ વહાણો મારફતે ૧૫ લાખ મણ ખજૂર, ભરૂચ બંદરે ઊતરીને રેલવે મારફતે રાજસ્થાન, મધ્ય ભારત અને

ગુજરાતનાં શહેરોમાં રવાના થતું. એક વહાણમાં એકથી સવા લાખ નાળિયેર ભર્યાં હોય, એવાં સેંકડો વહાણો મારફતે ૧૦થી ૧૨ કરોડ નાળિયેર મલબાર અને ગોવાથી અહીં આવતાં. ભરૂચ જિલ્લાની મુખ્ય બે પેદાશ કપાસ અને લાંગ હોઈ, રૂની ગાંસડીઓ મુંબઈ અને લાંગ છેક મલબાર લગી પહોંચતી. મલબારના સાહસિક મેમણ અને મોપલા વેપારીઓનો ભરૂચ સાથે ધમધોકાર વેપાર ચાલતો હતો. કપાસિયા, કઠોલ, ઇમારતી લાકડાં અને કોલસા એ સર્વે ચીજો ભરૂચથી સૌરાષ્ટ્રનાં વિવિધ બંદરોએ જતી, તો તેલ, મગફળી, સિંગખોળ – એ ચીજો સૌરાષ્ટ્રનાં બંદરેથી ભરૂચ આવતી. અહીંથી અરબસ્તાન અને ઇજિપ્ત જનારાં વહાણો માર્ચમાં ઊપડી સપ્ટેમ્બરમાં પાછાં આવતાં. તો ઈરાનની અખાતમાં જનારાં વહાણો જાન્યુઆરીમાં જઈ એપ્રિલમાં પાછાં આવતાં. મોટાં વહાણો બનાવવાનો પણ અહીં ઉદ્યોગ ચાલતો હતો. એ ઉદ્યોગમાં પારસીઓ સંકળાયેલા હતા. વહાણ બનાવનારા 'વાડિયા' કહેવાતા. આજે પણ ભરૂચમાં 'વાડિયા' અટક ધરાવનારાં પારસીકુટુંબો છે.

આવું ધીકતું બંદર પડી ભાંગવાનાં મુખ્ય બે કારણો છે : પરદેશમાં નિકાસ થતા રૂની માંગ ઘટી જતાં તેના ઉત્પાદકો અને વેપારીઓ દેવામાં ડૂબી ગયા. એથી વેપારને મોટો ફટકો પડ્યો. ઈ. સ. ૧૯૩૭માં નર્મદા નદી પર રેલવેનો નવો પુલ બંધાયો ત્યારે પુલના થાંભલા જમીનમાં ઉતારવા ખોદી કાઢવામાં આવેલી લાખો ટન માટી નદીના વહેણમાં જ નાખવામાં આવી. આથી ફુરજાથી માંડીને દરિયાના મુખ સુધી ધીરે ધીરે પુરાણ થતું ગયું અને ઠેર ઠેર રેતીના પટ (સેન્ડ બાર્સ) પથરાઈ ગયા. પાણી છીછરું થતાં મોટાં વહાણો આવતાં બંધ થયાં. તેથી ભરૂચની જાહોજલાલી ધીરે ધીરે ઓછી થતી ગઈ અને તે માત્ર નામશેષ બંદર બની રહ્યું. અત્યારે ભરૂચ બંદરે વધુમાં વધુ ૬૦ ટનની શક્તિ ધરાવતાં વાહણો જ આવી શકે છે. એ વહાણોને પણ છીછરાં પાણીને કારણે જુવાળ (ભરતી)ની રાહ જોવી પડે છે. પહેલાં વર્ષે ૪૦૦૦ જેટલાં વહાણો આવતાં હતાં, તેને બદલે હવે માત્ર ૫૦૦ જેટલાં વાહણો આવે છે. પરદેશો સાથેનો વ્યવહાર લગભગ બંધ થઈ ગયો છે. કેન્દ્ર સરકારે ભરૂચને મધ્યમ કક્ષાનું બંદર જાહેર કર્યું છે અને તેના વિકાસ અર્થે તે પ્રયત્નશીલ છે. ભરૂચ બ્રોડગેજ રેલવે તેમજ ડામરના પાકા માર્ગોથી ધોરી માર્ગથી જોડાયેલું છે. બાજુમાં આવેલું અંકલેશ્વર ભારતનું વિશાળ તેલક્ષેત્ર બન્યું છે. જો ભરૂચ બંદરને વિકસાવવું હોય તો દરિયાના મુખથી ભરૂચ બંદર સુધી રેતીના પટ પથરાયેલા છે ત્યાં ડ્રેજિંગ કરી જળમાર્ગ ઊંડો સલામત બનાવાય તો મોટાં વહાણો છેક બંદર લગી સહેલાઈથી આવી શકે. ભરૂચ, કાવી અને દહેજ એ ત્રણેય બંદરનો વિકાસ થાય તો જિલ્લાનું ભાવિ ઉજ્જ્વળ બને, તેમાં શંકા નથી.

ઈ. સ. ૧૯૧૭માં ભરૂચમાં બીજી ગુજરાત કેળવણી પરિષદ તા. ૨૦મી અને ૨૧મી ઑક્ટોબરે ગાંધીજીના પ્રમુખપદે મળી હતી. ઈ. સ. ૧૯૨૧માં ભરૂચમાં પાંચમી ગુજરાત રાજકીય પરિષદ તા. ૩૧મી મે અને ૧લી જૂનના રોજ વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે મળી હતી. મીઠાના સત્યાગ્રહ અંગેની ઐતિહાસિક દાંડીકૂચ વેળાએ ગાંધીજી તેમના સત્યાગ્રહીઓના સંઘ સાથે ઈ. સ. ૧૯૩૦ના માર્ચની તા. ૨૬મીના દિવસે ભરૂચમાં આવ્યા હતા અને નવેક કલાક રોકાયા હતા. તે સાંજે ગાંધીજીએ પ્રેરક પ્રવચન કર્યું હતું. ઈ. સ. ૧૯૩૫માં ભરૂચમાં ત્રીજી સ્થાનિક સ્વરાજ પરિષદ તા. ૨ અને ૩ નવેમ્બરે વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે મળી હતી.

ઔદ્યોગિક ક્ષેત્રે ભરૂચમાં નર્મદાવેલી ફર્ટિલાઇઝર કંપની દ્વારા એશિયામાં સૌથી મોટું ખાતરનું કારખાનું જૂન, ૧૯૮૧ના વર્ષથી શરૂ થયું છે. રૂ. ૨૭૦ કરોડના ખર્ચે નંખાયેલા પ્લાન્ટમાં એમોનિયા અને યુરિયાનું ઉત્પાદન શરૂ થયું છે. ટૅક્નૉલૉજીની દૃષ્ટિએ વિશ્વનો મોટામાં મોટો અને અદ્યતન એવો આ પ્લાન્ટ છે. કારખાનાની ૭૫૯ ફૂટ ઊંચી ચિમની દેશમાં સૌથી વધુ ઊંચી ચિમની ગણાય છે. આ ઉદ્યોગમાં ૪૦૦૦થીયે વધુ કામદારોને રોજગારી મળી છે. ૧૯૯૩માં વિડિયોકોન કંપનીએ ટેલિવિઝનમાં વપરાતી પિક્ચર ટ્યૂબો બનાવવાનું કારખાનું ભરૂચ પાસે શરૂ કર્યું અને ઉદ્યોગક્ષેત્રે ભરૂચે નવું પદાર્પણ કર્યું.

ભરૂચની પુણ્યભૂમિએ અનેક નરરત્નો સર્જ્યાં છે. સંગીતક્ષેત્રે ભારતીય સંગીતનો કીર્તિધ્વજ વિદેશોમાં લહેરાવનાર પંડિત ઓમકારનાથ ઠાકુર, સાહિત્ય ક્ષેત્રે વિખ્યાત નવલકથાકાર કનૈયાલાલ મુનશી અને કવિ બળવંતરાય ઠાકોર, કેળવણી ક્ષેત્રે ગુજરાતમાં કેળવણીનો કક્કો ઘૂંટાવનાર રણછોડદાસ ઝવેરી અને પોલિટેકનિકના પ્રણેતા કૃષ્ણલાલ ઝવેરી, કાયદા ક્ષેત્રે કાબેલ કાયદાશાસ્ત્રી દિનકરરાવ દેસાઈ અને મોતીલાલ વીણ, વ્યયાયામ પ્રવૃત્તિના પ્રણેતા છોટુભાઈ અને અંબુભાઈ એ પુરાણી બંધુઓ, ક્રાન્તિવીર ચંદ્રશંકર ભટ્ટ અને 'છોટે સરદાર ચંદુલાલ દેસાઈ એ સર્વ ભરૂચના પનોતા પુત્રો છે. તેમાંય ખગોળવિજ્ઞાન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સન્માન મેળવનાર ડૉ. પુષ્કરરાય દલપતરામ પાઠકનું સ્થાન અનોખું છે. આકાશના એક તારાને તેમનું નામ અપાયું છે.

**ડૉ. નરોત્તમ વાળંદ**
૮, પ્રીતમ સોસાયટી, ભરૂચ-૨

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**શિક્ષણવિકાસના ધ્રુવતારક ડૉ. દાઉદભાઈ ઘાંચી / પરામર્શન : કુમારપાળ દેસાઈ; સંપાદકો : ડૉ. ફારૂક ઘાંચી, પ્રીતિ શાહ અને હિના શુક્લ.** અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૨૦૨૧. vi + ૨૧૪ પૃ. + ૧૨ આર્ટ પ્લેટસ. ISBN : ૯૭૮-૯૩-૮૩૯૭૫-૯૬-૯. કિં. રૂ. ૨૫૦.

'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત 'ગુજરાતી વિશ્વકોશ,' 'ગુજરાતી બાળવિશ્વકોશ' ઉપરાંત વિવિધ વિષયક જ્ઞાન-વિજ્ઞાનનાં પ્રકાશનો વિદ્યાજગતનાં મહામૂલાં આભરણો છે. અને આ સાથે જ વિશ્વકોશ ટ્રસ્ટ સાહિત્યિક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું સાતત્યપૂર્ણ આયોજન કરીને ગુજરાતના સંસ્કારજીવનને ધબકતું રાખવામાં અહમ્ ભૂમિકા અદા કરી રહ્યું છે. પરિણામસ્વરૂપે આ ટ્રસ્ટ ગુજરાતના એક શિરમોર અને ક્રિયાશીલ - Vibrant - જ્ઞાનકેન્દ્ર તરીકે જનસમાજના હૈયામાં વસી ગયું છે. તેની પ્રકાશન પ્રવૃત્તિની પરંપરામાં તાજેતરમાં પ્રકાશિત ગ્રંથ : **'શિક્ષણવિકાસના ધ્રુવતારક ડૉ. દાઉદભાઈ ઘાંચી'**એ ગુજરાતના શિક્ષણયાજ્ઞિક - શિક્ષકત્વનો આદર્શ એવા ખરા અર્થમાં પ્રતિભાપુરુષ ડૉ. દાઉદાભાઈસાહેબનાં બહુઆયામી અને બહુશ્રુત વ્યકિતત્વ તેમજ તેમના દૂરંદેશિતાશીલ અને વિદ્વત્ત પ્રદાનને તેમના કેટલાક વિદ્યાર્થીઓ, સાથી અધ્યાપકો, કૉલેજ સંચાલક મંડળના સભ્યશ્રીઓ ઉપરાંત તેમના સંપર્કમાં આવેલા વિદ્યાનુરાગીઓ, સ્નેહીજનો વગેરે સૌએ તેમને જેવા માણ્યા/અનુભવ્યા તેનાં સુરેખ શબ્દચિત્રો વર્ણવતો ગ્રંથ બની મહોરી રહ્યો છે. પ્રત્યેક લેખમાં અભિવ્યકત અનુભવજન્ય તરોતાજગીપૂર્ણ વિચાર-વારસો અને સૌષ્ઠવપૂર્ણ ભાષા-શૈલી ધ્યાનાર્હ બની રહે છે. આ દૃષ્ટિએ પ્રત્યેક લેખ સુગ્રથિતમાળાના અણમોલ મોતી સમાન મૂલ્યવાન બની રહે છે. આ સાથે જ અહી ડૉ. દાઉદભાઈસાહેબ કૃત ૮ લેખોનો સમાવેશ કરવામાં સંપાદકોની દૂરદૃષ્ટિનાં દર્શન થાય છે. આ એટલા માટે કે ડૉ. દાઉદભાઈસાહેબ વિશે જે લખાયું છે, એટલે કે તેમનું વિદગ્ધ વકર્તૃત્વ, લેખનકળા, વિચારવારસો વગેરેનું પ્રત્યક્ષ નિદર્શન આ લેખોના માધ્યમથી થાય છે. તેમના ગંથસ્થ લેખો પૈકી તેમના જીવન, શિક્ષણ અને વ્યવસાયિક કારકિર્દીને નિખાલસતાથી ઉજાગર કરી આપવાની સાથે તત્કાલીન સામાજિક-શૈક્ષણિક પરિવેશને વાચા આપવાની સાથે પોતાના ગુરુજનોનું નામસ્મરણ કરી તેમના પ્રતિ સાદર ઋણસ્વીકાર કરતું આત્મવૃત્ત 'મારી જ્ઞાનસેવાયાત્રા' (પૃ. ૨૦-૩૦) સૌ કોઈ માટે પ્રેરણાદાયી બની રહેવાની સાથે સંતૃપ્તિનો ઓડકાર અપાવે તેવું સત્વશીલ છે. ગ્રંથસ્થ સઘળા લેખોનો મુકુટમણિ છે.

અહીં ગ્રંથસ્થ પ્રત્યેક લેખ (૩૬ + ૮) ડૉ. દાઉદભાઈ સાહેબના વ્યકિતત્વના એક યા એકાધિક પાસાને ઉજાગર કરી આપતાં આગવી સોડમ પ્રસરાવી રહેલ છે. આ લેખોમાંથી પસાર થતાં એક વાત સ્પષ્ટ થાય છે કે ડૉ. દાઉદભાઈસાહેબે કઠોર પરિસ્થિતિમાં પણ મક્કમ ધ્યેય અને અવિરત પુરુષાર્થ સાથે વિદ્યાદેવીની આરાધના કરતાં એક શિક્ષકથી શરૂ કરી શિક્ષણજગતના સર્વોચ્ચપદ-કુલપતિપદને દીપાવ્યું છે. તેમની આ અણથક સાધના પેલી બે સંસ્કૃત સૂક્તિઓ : **'દેવાયત્તં કુલે જન્મ મદાયત્તં તુ પૌરુષમ્'** અને **'ઉદ્યમેન હિ સિધ્યન્તિ કાર્યાણિ ન મનોરથૈઃ'**ને ચરિતાર્થ કરી રહી છે. આ સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે 'ફૂલબ્રાઇટ સ્કૉલરશિપ' ભાગ્યે જ કોઈ મેળવી શકતું હોય છે, ત્યારે તેમણે આ સ્કૉલરશિપ ત્રણ-ત્રણ વખત મેળવીને એક વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે. ગ્રંથસ્થ લેખો પૈકી કુલીનચંદ્ર યાજ્ઞિકસાહેબ પાટણ યુનિવર્સિટીમાં વહીવટીય અને શૈક્ષણિક માળખાની પ્રસ્થાપના કરવામાં તેમના પ્રદાન, ડૉ. કુમારપાળ દેસાઈ શિક્ષકત્વ અને વિશ્વકોશ ટ્રસ્ટ સાથેના સંબંધો, ગુણવંત શાહનું નિરીક્ષણ 'કુલપતિ દાઉદભાઈ અને અધ્યાપક દાઉદભાઈ વચ્ચેનો સેતુ સદાય અતૂટ રહ્યો છે', ડૉ. બળવંત જાની એમનું સત્ એમનું ઋત અને એમના નિઃસ્પૃહી જીવન, હિના શુક્લ દ્વારા દાઉદકાકા, પદ્મામાસી અને તેમનાં બાળકો સાથે કિશોરાવસ્થા અને વિદ્યાર્થીકાળ દરમિયાનનાં સંસ્મરણો

વાગોળવાં અને ડૉ. ધીરુભાઈ ઠાકરસાહેબ સાથેના સંબંધોની વાતો, વિપુલ કલ્યાણી દાઉદભાઈની પ્રસંગોપાત્તની ઇંગ્લૅન્ડયાત્રાઓ અને સાહિત્યિક પ્રવૃત્તિઓ તથા સાહિત્યિક ચેતનાથી ધબકતા જીવ, અદમ ટંકારવી તેમના શિષ્ય હોવાનું ગૌરવ અનુભવતાં તેમના શિક્ષકત્વ વિશે અને અન્ય સૌએ તેમની સાથેના સ્વાનુભવો અહોભાવપૂર્વક વર્ણવ્યા છે.

આમછતાં આ બધા લેખો પૈકી ડૉ. દાઉદભાઈસાહેબના સુપુત્ર ડૉ. ફારૂકભાઈ કૃત લેખ 'અમારા આત્મજ્યોતિ' (હકીકતમાં સૌ કોઈ જિજ્ઞાસુઓના જ્યોતિસ્વરૂપ)માં પોતાના પિતાએ જીવનમાં અદા કરેલી વિવિધ ભૂમિકાઓ, જેમ કે આજ્ઞાંકિત પુત્રથી વત્સલપિતા - બૃહદ પરિવારના મોભી, અને વિદ્યાર્થી - વિદ્યા-અર્થીથી શરૂ કરી શિક્ષક, સ્વાધ્યાયશીલ અધ્યાપક, આચારવાન આચાર્ય, ઉપકુલપતિ/કુલપતિ, રાષ્ટ્રના જવાબદાર નાગરિક - યથાતથ ઉજાગર કરી આપી છે, જે સાહેબના વ્યકિતત્વને પામવા માટે સંતર્પક ભાથું પૂરું પાડે છે. અને સાથે સાથે વાચકને પણ પ્રતીતિ કરાવે છે કે આપણે આ ચૂક્યા, આ માર્ગ અનુસરવા જેવો હતો અથવા હવેથી આપણે આ રીતિનીતિ અપનાવીએ. આ લેખની સરળ અને સ-રસ ભાષાભિવ્યકિત, પ્રવાહિતા અને હૃદયના ઊંડાણમાંથી નિઃસૃત થયેલી વાણી વાચકને સ્પર્શી જાય તેટલી ભાવવાહી છે. આ વાંચતાં જ દાઉદભાઈસાહેબ પોતાનાં પ્રસંગોપાત્તનાં વક્તવ્યોમાં કવિ ઈકબાલનો શેર કહેતા તે માનસ-પટલ ઉપર ઊભરી આવે છે :

**'જો બાત દિલ સે નિકલતી હૈ, અસર રખતી હૈ**
**ઉસે પર નહીં, લેકિન વો તાકતે પરવઝ રખતી હૈ.'**

આ લેખ ઉપરાંત મોડાસાની બી.એડ્. કૉલેજમાં નિવૃત્તિપર્યંત ગ્રંથપાલ તરીકે સેવાઓ આપનાર સુજ્ઞ ગ્રંથાલયી શ્રી કિશોર શુકલકૃત લેખ 'શિક્ષણ-પ્રશિક્ષણની જંગમ વિદ્યાપીઠ' અને કૉલેજના તત્કાલીન સમયના વહીવટી વડા અને પ્રવર્તમાન સમયમાં મોડાસા કેળવણી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહેલા શ્રી બિપિન શાહકૃત લેખ 'નવી દૃષ્ટિનું નેતૃત્વ' મોડાસાની બી.એડ્. કૉલેજનું શૈક્ષણિક અને વહીવટીય વ્યવસ્થાપન અર્થાત્ રજાઓમાં આવશ્યક અગોતરું આયોજન કર્યા બાદ કૉલેજમાં પ્રાર્થનાના પ્રારંભથી શરૂ કરી અંતિમ તાસ સુધી અને કૉલેજ છૂટ્યા બાદ સાહેબ કોઈ જર્નલ કે સેમિનાર/ કૉન્ફરન્સ માટે પોતાનો લેખ જાતે જ ટાઇપ કરતા વગેરે સંબંધી સઘળી વિગતો અહીં આવરી લીધી છે. આ ઉપરાંત એક પ્રતિબદ્ધ અને સમર્પિત આચાર્ય તરીકે ડૉ. દાઉદભાઈસાહેબ પ્રસ્થાપિત ઉમદા પ્રણાલીઓ કે જે તેમના આચાર-વિચારમાં વણાઈ ગઈ હતી તેનું મુદ્દાસર આલેખન આ બંને લેખોમાં કરવામાં આવ્યું છે, જે કોઈ પણ બી.એડ્. કૉલેજના સુચારુ સંચાલન માટે હાથ-પોથીનો પર્યાય બની રહે છે. આજે પણ તેમણે પ્રશસ્ત કરેલ પંથ **'મહાજનો યેન ગતઃ સ પન્થઃ'** ને આધાર માની અનુસરવામાં આવે તો એક વ્યક્તિ કે અધ્યાપક/આચાર્ય અને કૉલેજ મૂઠી ઊંચેરું સન્માન પામે અને પામે જ.

સમગ્રતયા અહીં પ્રતિભા-પુરુષ ડૉ. દાઉદભાઈ સાહેબનાં એક મૂઠી ઊંચેરા નવપ્રસ્થાનકારક શિક્ષક, આચાર્ય અને અન્ય આનુષંગિક દીવાદાંડી સમાન પાસાંઓને વિવિધ ભાવકો દ્વારા સ્વાનુભવના આધારે ઉજાગર કરી આપવામાં આવ્યાં હોઈ રસિક હોવાની સામે દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. પરિણામે આ ગ્રંથનું સાદ્યંત વાંચન-ચિંતન-મનન કરતાં તેમના ઓજસથી સહજમાં પ્રભાવિત થવાની સાથે જ આ વિદ્યાપુરુષ પ્રતિ સ્વતઃ સાદર નતમસ્તક થઈ જવાય છે. અને આ સાથે જ વિવિધ વિદ્વાનોએ/જિજ્ઞાસુઓએ તેમના મૂઠી ઊંચેરા મૂલ્યનિષ્ઠ વ્યક્તિત્વને મૂલવતાં મંતવ્યો રજૂ કરીને તેમની અહોભાવપૂર્વક જે વંદના કરી છે તે તેમજ પ્રસ્તુત ગ્રંથ વિશે સેવેલ આશાવાદમાં સાદ પુરાવું છું. કેટલાંક મંતવ્યો આ રહ્યાં :

'એમના વિદ્યાર્થી થવાનું મને ઘણું ગમત'

**- કુલીનચંદ્ર યાજ્ઞિક**

•

'શિક્ષક-ઋષિ દાઉદભાઈ ઘાંચીએ શિક્ષણની અનંત શક્યતાઓ તાગી છે અને એમના વિદ્યાર્થી હોય કે તાલીમાર્થી હોય, એ સહુ કોઈમાં મૌલિક દૃષ્ટિથી કિંતુ શિસ્તબદ્ધ રીતે અભ્યાસ કરવાની અનંત શક્યતાઓની ક્ષિતિજ ઉઘાડી આપી છે. ગુજરાત જે કેટલાક મૂઠી ઊંચેરા શિક્ષકોથી ઊજળું છે, એમાંના એક તે શિક્ષકત્વથી શોભતા ડૉ. દાઉદભાઈ ઘાંચી છે. શિક્ષણ પામવા માટે કેટલી જહેમત ઉઠાવવી પડે અને શિક્ષણ આપવા માટે કેટલી મહેનત કરવી પડે એનો આદર્શ દાઉદભાઈએ આપણને આપ્યો છે. આ એક એવા શિક્ષક છે કે જેમણે ગુજરાતને સાચા શિક્ષકત્વની

ઓળખ આપી. ....દાઉદભાઈના સંઘર્ષમય જીવનના પ્રસંગો, એમની વિશિષ્ટ જ્ઞાનયાત્રા અને એમના નવીન શિક્ષણ-પ્રયોગોનો ગ્રંથ.... આજની અને આવતીકાલની પેઢીને શિક્ષકત્વનો અક્ષરમાં આલેખાયેલો આદર્શ મળી રહેશે.'

**- કુમારપાળ દેસાઈ**

•

'એમની legacy ની ઉત્તરોત્તર પ્રગતિ થયા કરે, જેથી વિદ્યા વિકાસ પાંગરે અને સર્વત્ર સૌહાર્દ વિકસે'

**- ડૉ. ફારૂક ઘાંચી**

•

'હાલમાં ખાનગીકરણ અને લાગવગશાહીને પગલે ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે જે અધોગતિ અને અવદશા જોઈએ છીએ ત્યારે તો દાઉદભાઈના જીવનકાર્યનું અને પુરુષાર્થનું મૂલ્ય વધુ તીવ્રતાથી સમજાય છે. હરાયાં ઢોર ભુરાંટ થઈ વિદ્યાધામોને ભેલાડી રહ્યાં છે, ત્યારે ડચકારો કરી કે ડફણું લઈ એમને તગેડનાર કોઈ શિક્ષકના જીવની રાહ જોવાય છે. શૈક્ષણિક કટોકટીની આ ઘડીએ હૃદયમાં એવી એષણા જાગે છે કે આપણા દુર્ભાગી દેશને યુગે યુગે દાઉદભાઈઓ મળતા રહે - May his tribe increase.'

**- અદમ ટંકારવી**

•

અંગ્રેજી ભાષાના ઉત્તમ શિક્ષક, પ્રયોગશીલ શિક્ષક-પ્રશિક્ષક, બી.એડ્. કૉલેજના સમર્થ પ્રાચાર્યશ્રી અને પ્રયોગશીલ કેળવણીકાર દાઉદભાઈસાહેબ તેમના હજારો વિદ્યાર્થીઓના હૃદયમંદિરમાં આજે પણ જીવંત જ નહિ પ્રેરક પણ બની રહેલ છે. ...ભણતાં ભણતાં ભાવ જાગે કે અધ્યાપક તો દાઉદભાઈસાહેબ જેવા જ થવાય. શૈક્ષણિક પ્રયોગો અને નવરચના સાથે તેનો વ્યાપ વધારવામાં તેમજ સત્ત્વશીલ શિક્ષણ દ્વારા સમાજસેવાનો પણ વ્યાપ વધારવામાં ડૉ. દાઉદભાઈસાહેબ જનહૃદયમાં હંમેશાં સ્મરણીય બની રહેશે.

**- મનુભાઈ જે. પટેલ**

•

અહીં ડૉ. દાઉદભાઈ સાહેબના વ્યક્તિત્વનાં બહુવિધ પાસાંઓને સક્ષમતાથી ઉજાગર કરવાની સાથે ઉચ્ચશિક્ષણના સંશોધક-ચિંતક તરીકેનું તેમનું યશસ્વી પાસું 'Association of Indian Universites' દ્વારા પ્રકાશિત ઉચ્ચશિક્ષણના સુવિખ્યાત સાપ્તાહિક જર્નલ 'University News'ના ઘણા અંકોમાં જોવા મળે છે તે, 'નિરીક્ષક' અને લંડનથી પ્રકાશિત થતા 'ઓપિનિઅન' (આ પૈકી બે લેખો અહીં સમાવિષ્ટ છે)માં વિવિધ વિષયક લેખો પ્રકાશિત થયા છે તે, અન્ય જર્નલ્સ, ગ્રંથો વગેરેમાં પણ તેમના લેખો પ્રગટ થયા હશે તે, તેમનો પીએચ.ડી. ડિગ્રીનો શોધપ્રબંધ, તેમજ તેમનો બહુપ્રચલિત વ્યાકરણ ગ્રંથ કે જેના કારણે અંગ્રેજી ભાષાના શિક્ષણ સંદર્ભે તેઓશ્રી 'દાઉદભાઈયુગ' તરીકે બહુમાન પામ્યા હતા તે વગેરે પાસાંઓની આગવી લાક્ષણિકતાઓ મૂલવતા લેખો અહીં છૂટી ગયા છે. જોકે આ સંદર્ભે અત્ર-તત્ર સૂચનાત્મક ઉલ્લેખો થયા છે (ખાસ કરીને પ્રા. દિનેશ ઉપાધ્યાય દ્વારા), પરંતુ તે પર્યાપ્ત નથી. આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે ડૉ. દાઉદભાઈના ભાવિ સંશોધકો માટે ઉપકારક એવી અપેક્ષિત શાસ્ત્રીય સૂચિ કે જે તેમનાં મૌલિક, સંપાદિત, પરામર્શન હેઠળનાં પુસ્તકો અને લેખોનો સમાવેશ કરતી હોય તે તથા જીવન ઘટનાક્રમ પણ અહીં નથી. ગ્રંથસ્થ લેખોના લેખકોનાં સંપર્કસૂત્ર દર્શાવ્યાં નથી, જોકે લેખકોનો સૂચનાત્મક પરિચય ધ્યાનાર્હ બની રહે છે. આમ છતાં સંપાદકોએ ડૉ. દાઉદભાઈસાહેબ પ્રતિ પ્રપત્તિભાવપૂર્વકની શ્રદ્ધા-ભક્તિ સાથે ગુજરાતમાંથી અને પરદેશમાંથી તેમના વ્યક્તિત્વ અને પ્રદાનને મૂલવતા લેખો મેળવીને શબ્દાંતરે ગુજરાતના શિક્ષણના ધ્રુવતારક પાસા વિશે લેખો ગ્રંથસ્થ કરીને અથવા કહીશું કે શિક્ષકત્વનો સાચો અને અનુકરણીય આદર્શ ડૉ. દાઉદભાઈ સાહેબના માધ્યમથી ચીંધી આપીને ગુજરાતના શિક્ષણજગતને રળિયાત કર્યું છે તે બદલ સંપાદકો અને 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' અભિનંદનનાં અધિકારી બની રહે છે.

●

**હારું તો હું નહીં / કુમારપાળ દેસાઈ. અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૨૧. ૮ + ૨૩૨ પૃ. ISBN : ૯૭૮-૯૩-૫૧૬૨-૮૧૫-૬. કિં. રા. ૨૬૦.**

જૈન ધર્મ-દર્શનના આચાર-વિચાર તથા બૌદ્ધ ધર્મની કરુણાથી અનુપ્રાણિત એવા બહુઆયામી અને મૂલ્યનિષ્ઠ સાહિત્યના સર્જક અને 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'નો પ્રાણાધાર એવા પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ ૧૩૦ થી અધિક પુસ્તકોનું સર્જન કર્યું છે. પ્રસ્તુત પુસ્તક **'હારું તો હું નહીં'** એ તેમના દ્વારા આ પૂર્વે રચાયેલાં કેટલાંક પુસ્તકો, જેમ કે, 'અપંગનાં ઓજસ'; 'તન અપંગ, મન અડિખમ',

'માટીએ ઘડ્યા માનવી', 'જીવી જાણનારાં' વગેરેની પરંપરાનું અનુસંધાન છે. અહીં દેશ-પરદેશનાં દીવાદાંડીસ્વરૂપ એવાં માનવસમાજનાં વંદન તથા શત શત અભિનંદનનાં અધિકારી ૩૨ અનુપમ વ્યક્તિત્વો, જેમ કે પોતાની જન્મજાત દિવ્યાંગતાને આડે લાવ્યા સિવાય કઠોરતમ સંઘર્ષોનો સામનો કરીને - કુદરતને પડકાર આપીને પ્રોજ્જ્વલતમ સિદ્ધિ હાંસલ કરનારા પ્રજ્ઞાચક્ષુઓ શ્રીકાંત બેલા, ચેન ગ્વાંવચેંગ વગેરે, અકસ્માતનો કે કોઈની ક્રૂરતાનો ભોગ બનનારાં, જેમ કે, લી જુહાંગ, કેમરોન, નેટલી, સસી, ચિત્રકાર ધવલ ખત્રી, રૂપા વગેરે, પોતાની અઢળક સંપત્તિ અને જાતને ગરીબોની સેવા કાજે સમર્પિત કરનાર જો કોલિન્સ અને રોબિન રૈના, પટણાની હૉસ્પિટલમાં લાવારિસ વોર્ડમાં રાત્રે ૯ થી ૧ કલાક સુધી સેવા-શુશ્રૂષા કરનાર કપડાંનો સામાન્ય વેપારી ગુરમિતસિંહ, શિક્ષકત્વનો આદર્શ એવાં વિજ્યા કૌલ, અબ્દુલ મલિક, ઇતિહાસની અધ્યાપિકા પ્રભાવતી મુથલ, રાજેશ શર્મા વગેરે, ગરીબોને ઘર બાંધી આપવા માટે સમર્પિત બની રહેલા અમેરિકાના ૩૯મા રાષ્ટ્રપ્રમુખ જિમી કાર્ટર (૧૯૨૪) અને તેમનાં વિદુષી પત્ની પ્રો. રોઝલીન, ન્યૂયૉર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટરને આતંકવાદીઓ દ્વારા ભસ્મીભૂત કરવાના સમાચાર જાણતાં જ તાત્કાલિક સ્થળ પર પહોંચી જઈને લોકોનો જાન બચાવવા આગમાં કૂદી પડનાર તેમજ ન્યૂયૉર્કને બેઠું કરવામાં શિરમોર ભૂમિકા અદા કરનાર ન્યૂયૉર્કના મેયર રૂડી ગુલિયાની, પોતાના જીવને હોડમાં મૂકીને - પ્રચંડ સંઘર્ષો વેઠીને એક અજાયબી સમાન ન્યૂયૉર્ક અને બ્રૂકલિન નગરો વચ્ચે 'બ્રૂકલિન બ્રિજ' બાંધનાર પિતા-પુત્ર એન્જિનિયર જહોન રોબલિંગ તથા વૉશિંગ્ટન રોબલિંગ અને વૉશિંગ્ટનની પત્ની એમીલી, ગરીબોને સમર્પિત તબીબ કોલ્હેદંપતી, ડૉ. અનિલ જોષી, ગર્ભસ્થ સેરેબ્રલ પાલ્સીગ્રસ્ત બાળકનો જન્મ ન આપવાની સલાહ ન સ્વીકારતાં પોતાના પતિથી તરછોડાયેલી અને પોતાના બાળકને જન્મ આપીને તેને સતત સેવા-શુશ્રૂષા અને પ્રોત્સાહિત કરતાં કાયદાનો નિષ્ણાત બનાવી માતૃત્વનું બેમિશાલ ઉદાહરણ પૂરું પાડતી ઝોઉં, પુસ્તકો અને પુસ્તકાલયો થકી માનવજીવનને સુસંસ્કૃત બનાવવા માટે કૃતસંકલ્પ સેવાનિવૃત્ત શિક્ષક એન્ટોનિયો લા કાવા વગેરે વગેરેની હૃદયવેધક, રોમહર્ષણ અને પ્રેરણાદાયી જીવનકથાઓ આલેખિત કરવામાં આવી છે.

આ બધાં ચરિત્રાંકનો પૈકી કઠોરતમ પરિસ્થિતિનો દઢ મનોબળ સાથે સામનો કરી રહેલાં કે કોઈની ક્રૂરતાનો ભોગ બનેલાં વગેરે પ્રકારનાં ચરિત્રો વાંચતાં જ વાચકના આંતર-બાહ્યને હલાવી દેવાની સાથે જ સાહસ અને ધૈર્ય ઉપજાવે તેવાં પ્રાણવાન છે. અન્ય ચરિત્રો કે જેઓ માનવસમાજની અને સવિશેષતઃ દીન-દુખિયારાંની સેવા કાજે પોતાની જાત અને પ્રાપ્ત સંપત્તિને સમર્પિત કરી દેનારાં વાચકને તે માર્ગે વળવા ઉદ્યત કરે તેવાં છે. આટલાં બધાં વિવિધ ફલક ઉપરનાં દેશ-વિદેશનાં ઉમદા અને પ્રેરક વ્યકિતત્વો વ્યક્તિવિશેષ માટે તેમ જ સ્વસ્થ તથા સમરસ માનવસમાજના ઘડતર માટે ઉપયોગી હોઈ ઉદાત્ત માનવીય ભાવનાથી પ્રેરાઈને આ ચરિત્રાંકનો માટે પોતાના ઉદ્દેશની પરિપૂર્તિ કરે તેવી અધિકૃત માહિતી, જેમ કે, કારકિર્દી, તેમના ઉપર દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરવામાં આવી હોય તો તે, પ્રાપ્ત ઍવૉર્ડ અને માન-સન્માન, ફોટાઓ વગેરે એકઠાં કરવા માટે લેખકની તુલસીદાસને અભિપ્રેત એવી **'સ્વાન્તઃસુખાય તુલસી રઘુનાથગાથા'**થી પ્રેરાયેલી તપઃપૂત શોધયાત્રા, વ્યાપક ફલકના વાંચન અને ચિંતન સંદર્ભે સ્વસ્થ મને વિચાર કરતાં લેખક પ્રતિ સ્વતઃ નતમસ્તક થઈ જવાય છે. આ સાથે જ વાચકમાં ઔત્સુકય પેદા કરે તેવા પ્રત્યેક ચરિત્રનાયકના કાર્યના હાર્દને ઉજાગર કરી આપતો તેનો હૃદયંગમ પ્રારંભ, ઓજસ્વી ભાષા-શૈલી, સ્વનિર્મિત ચિંતનગર્ભ વિચારમૌકિતકો અને પ્રસંગોપાત્ત ચરિત્રનાયકનાં વિચારો/મંતવ્યોનો તથા પ્રેરણા પૂરું પાડતો સંદેશનો અનુવાદ/ભાવાનુવાદ ઉદધૃત કરવાનો અભિગમ ધ્યાનાર્હ બની રહે છે. આ બધા અનુવાદો/ભાવાનુવાદો પણ મૌલિક અભિવ્યક્તિ સમ નિખાર પામ્યા છે. આ સંબંધી આ એક ઉદાહરણ : 'મને શું નથી મળ્યું તે કહો ? ઉમળકાથી ધબકતાં હૈયાં અને આનંદી ખુશમિજાજથી દંગ કરી દે તેવા વિશ્વના ત્રણસો નિર્દોષ બાળકોને પ્રેમથી ભેટવાનું મળ્યું. એમની સાથે હાસ્યના હિલોળે હીંચવાનું થયું. એમના કુટુંબીજનો સાથે રમત કે ખેલ ખેલવાનો આનંદ મળ્યો. કેટકેટલી જન્મદિવસની પાર્ટીની મોજ માણવા મળી અને મેં જિંદગીમાં ક્યારેય કલ્પના કરી નહોતી એવો નિર્દોષ હૂંફાળો પ્રેમ પ્રાપ્ત થયો. કહો, આનાથી બીજું વધારે શું જોઈએ ?' લેખકની અનુવાદકલાને પામવા પર્યાપ્ત બની રહે છે.

ચરિત્રનાયકના જીવન અને કાર્ય સંબંધી આવશ્યક માહિતીના નિરૂપણની સાથે સમસામયિક સ્થિતિ, આનુષંગિક માહિતી અને લેખકનાં અવલોકનોની ગૂંથણી

અત્ર-તત્ર જોવા મળે છે, જેમ કે મેગી ડોએનના સેવાકાર્યનું ચિત્રણ કરતાં નેપાળનાં ગરીબ અને બેહાલ ગામો તથા નેપાળમાં થયેલા આંતરવિગ્રહ અને તેનાં ભયાનક પરિણામો, આપણી હૉસ્પિટલોની દયનીય સ્થિતિ અને દરદીની આર્થિક સ્થિતિ જોઈને કરવામાં આવતી સારવાર, સેરેબ્રલ પાલ્સી, ડ્રાઉન સિન્ડ્રોમ વગેરે રોગો વિશેની માહિતી, પ્રજ્ઞાચક્ષુ ચેન ગ્વાંવચેંગના ચિત્રણમાં ચીનમાં માનવઅધિકારોનું સરેઆમ હનન, ન્યાયના નામે ચાલતાં ખોટાં નાટકો, સામ્યવાદી અને લોકશાહી દેશો વચ્ચેનો તફાવત અને આ સામે અમેરિકાની ઉદારનીતિ વગેરે, અમેરિકન સરકાર દ્વારા ત્રીજા વિશ્વના દેશોમાં કરવામાં આવતા પ્રપંચો, વિએટનામમાં સર્જેલી તબાહી વગેરે બાબતોનો છડેચોક સરકારી અવરોધ વગર વિરોધનો વંટોળ જગવતા જો કોલિન્સના માધ્યમથી અમેરિકન લોકશાહીનો પરિચય કરાવવો, જિમી કાર્ટરના ચિત્રણમાં આપણા ત્યાં પ્રવર્તતી નિવૃત્તિ મેળવ્યા બાદની માનસિકતા અને આ વાત એક ઉદાહરણ – એક ભારતીયએ ૭૫મા વર્ષે ચીની ભાષા શીખતા વૃદ્ધ જાપાનીને પ્રશ્ન કર્યો કે 'અરે ભલાભાઈ, આ ઘરડેઘડપણ ચીની ભાષા શીખીને શું કરશો તમે ? ...... પ્રશ્નકર્તાને અટકાવીને, જાપાનીએ ટોણો મારતાં કહ્યું કે 'તમે ભારતીય લાગો છો'....થી રજૂ કરવી, 'ફૂટપાથ પર સ્કૂલ'ની વાત કરતાં ભારતમાં પ્રાથમિક શાળાઓમાં હાજરી અને અપાતા શિક્ષણના સ્તર, શિક્ષકોની ખાલી જગ્યાઓ, કેરાલાનો 'તરીને નિશાળે જતો શિક્ષક' [અબ્દુલ મલિક]માં ગુજરાત અને કેરાલામાં પ્રવર્તતો શિક્ષણનો 'વેપાર', લકવાગ્રસ્ત 'સસીના સંકલ્પ'માં સરકારી અધિકારીઓની હૃદયહીન માનસિકતા, 'પુસ્તક લેવા દોડી આવતાં બાળકો'માં પુસ્તકો અને વાંચનનો મહિમા, ચરિત્રનાયકો દ્વારા વાંચવામાં આવેલાં કે તેમના દ્વારા રચવામાં આવેલાં પુસ્તકો, જેમ કે રે જેકિન્સકૃત ચર્ચિલનું જીવનચરિત્ર, 'ધી થ્રી કિંગડમ', 'આઉટલોઝ ઓફ ધ આર્શ', કાર્ટરકૃત 'વર્ચ્યુઝ ઓફ એઈજિંગ', સોફોકિલસ અને બર્નાર્ડ શોનાં નાટકો વગેરેનો ઉલ્લેખ, વિકસિત દેશો - અમેરિકા વગેરે દ્વારા દિવ્યાંગો માટેની ઉમદા સહાય અને સગવડો, ઘરઆંગણે પ્રજ્ઞાચક્ષુ શ્રીકાંત બેલા પ્રતિભાસંપન્ન હોવા છતાં આઈઆઈટી દ્વારા પ્રવેશ ન આપવો જ્યારે વિશ્વવિખ્યાત એમઆઈટી દ્વારા પ્રવેશ આપવો અને અભ્યાસબાદ કૉર્પોરેટ દુનિયા દ્વારા તેને આવકાર આપવો, દિવ્યાંગોની અનુકંપાશીલ પ્રકૃતિ વગેરે બાબતોમાં લેખકની અધ્યયનશીલતા દ્રષ્ટવ્ય બની રહે છે.

સમગ્રતયા આ બધાં દસ્તાવેજી ચરિત્રચિત્રણો વિષયવસ્તુ અને કથનકલાની દૃષ્ટિએ પ્રભાવક હોવાની સાથે વાચકને સંવેદનશીલ બનાવીને માનવસેવા કાજે ઉદ્યત કરવા ઉપરાંત તેમનામાં પુરુષાર્થ અને મક્કમ મનોબળ જગવવા સામર્થ્યશીલ બની રહે છે.

•

**ગાંધીજીની શિક્ષણયાત્રા : પ્રાથમિકથી મૅટ્રિક સુધી / ડૉ. મફતલાલ પટેલ. અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૨૧. ૧૭ + ૧૦૨ પૃ. ISBN : ૯૭૮-૯૩-૫૧૬૨-૯૦૩-૦. કિં. રા. ૧૨૫.**

નિર્દેશિત ગ્રંથની પ્રસ્તાવનાના પ્રારંભમાં લેખકે નોંધ્યું છે કે 'પ્રસ્તુત નાની પુસ્તિકામાં ગાંધીજીના પ્રાથમિક શિક્ષણથી મૅટ્રિક સુધીનું શિક્ષણ કયાં અને કેવી રીતે મેળવ્યું તેની વિગતવાર માહિતી અત્રે રજૂ કરી છે. આ માહિતી અમને આલફ્રેડ હાઈસ્કૂલ, રાજકોટના નિવૃત્ત પ્રિન્સિપાલ જયેષ્ઠરામ મ. ઉપાધ્યાય પાસેથી મેળવી છે.... જયેષ્ઠરામ ઉપાધ્યાય ઈ.સ. ૧૯૫૧થી ૧૯૫૪ સુધી આલ્ફ્રેડ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ રહ્યા હતા.... આ માહિતી અત્યાર સુધી પ્રગટ થઈ નથી.' ઉપર્યુક્ત માહિતીના આધારે અહીં ગાંધીજીના શાળાપ્રવેશથી શરૂ કરી મૅટ્રિક થયા ત્યાં સુધીની કે જેમાં યથાસંભવ કઈ તારીખે અને કઈ શાળામાં પ્રવેશ મેળવ્યો, શાળાના તત્કાલીન શિક્ષકો/આચાર્યશ્રી, વર્ગશિક્ષક, આચાર્યશ્રી અને વર્ગશિક્ષકની ખાસિયતો, શાળાનો ઇતિહાસ - શાળાભવનના દાતાશ્રી, નામકરણમાં ફેરફાર, જેમ કે કાઠિયાવાડ હાઈસ્કૂલ - રાજકોટ હાઈસ્કૂલ - આલ્ફ્રેડ હાઈસ્કૂલ વગેરે, સ્થાન ફેરફાર, પ્રવર્તમાન સ્થિતિ/સ્થાન વગેરે, શાળાની પ્રતિમાસ ફી, ગાંધીજીએ કયા રાજ્ય તરફથી કેટલી શિષ્યવૃત્તિ મેળવી, અભ્યાસના વિષયો અને ગુણભાર, પ્રત્યેક ધોરણ અને પ્રત્યેક વિષયમાં મેળવેલ ગુણ તથા પાસ/નાપાસ, કયા ક્રમે પાસ થયા, વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને તે પૈકી કેટલા પાસ/નાપાસ તથા વર્ગમાં કોણ પ્રથમ નંબરે પાસ અને તેણે મેળવેલ ગુણ, શાળામાં આપેલી હાજરી અને કેટલા દિવસ ગેરહાજર, કેટલાક સહપાઠીઓ વગેરે સંબંધી વિગતો અહીં દર્શાવવામાં આવી છે. આ દૃષ્ટિએ શ્રી જયેષ્ઠરામ ઉપાધ્યાયનાં ગાંધીજી વિશે જાણવાની જિજ્ઞાસા, ખાંખત

અને કર્મઠ પુરુષાર્થ અભિનંદનીય બની રહે છે.

જગજાહેર છે કે ગાંધીજી ભણવામાં સામાન્ય સ્તરના વિદ્યાર્થી હતા - અર્થાત્ ગોલ્ડમેડાલિસ્ટ/રેન્કર ન હતા. પ્રવર્તમાન સમયમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ મહત્તમ ગુણાંક મેળવવા આંધળી દોટ મૂકી રહ્યા છે તે સામે ગાંધીજીના શિક્ષણના પ્રારંભથી મૅટ્રિક સુધીનાં પરિણામો અને આગળ ઉપર દર્શાવેલ અન્ય આનુષંગિક વિગતોના પરિપ્રેક્ષ્યમાં એક સામાન્ય વિદ્યાર્થી મોહનમાંથી મહાત્મા તરીકેના ઘડતરમાં કયાં કયાં પરિબળો ઉત્તરદાયી રહ્યાં તે વિશેનો ક્રમિક વિચાર-વિમર્શ કર્યો છે, જે દૂરંદેશિતાશીલ બની રહે છે. પ્રસ્તુત ગ્રંથના લેખક ડૉ. મફતલાલ પટેલ ગાંધીજીવન-દર્શનથી અનુપ્રાણિત એવા શિક્ષકનો જીવ, કેળવણીવિદ અને પ્રવર્તમાન શિક્ષણપ્રણાલીના આકંઠ અભ્યાસી છે. તેમણે સંશોધકીય અને મનોવિજ્ઞાનિક અભિગમથી પ્રાપ્ત માહિતીની બખૂબીપૂર્વક ગૂંથણી કરીને પોતાનો ઉદ્દેશ પરિપૂર્ણ કરવામાં સફળ રહ્યા છે. ગાંધીજીએ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માં પોતાનાં શિક્ષણ, ચારિત્ર્ય અને વ્યક્તિત્વ વગેરે સંબંધી જે માહિતી વર્ણવી છે તે અને અન્ય પૂરક માહિતી કે જે 'આત્મકથા'માં ઉપલબ્ધ નથી, પરંતુ અન્ય અધિકૃત સ્રોતો, જેમ કે, 'મહાદેવભાઈની ડાયરી', 'જીવનનું પરોઢ', તેંડૂલકરકૃત 'મહાત્મા', લૂઈ ફિશરકૃત 'મહાત્મા ગાંધી', 'બાપુજી સાથે મારું બાળપણ' (અંગ્રેજીમાં), કાકાસાહેબ કાલેલકરકૃત ગ્રંથો વગેરે અને 'કાઠિયાવાડ ટાઇમ્સ' અને 'ધી વેજિટેરિઅન' વૃત્તપત્રો વગેરે સંશોધકીય અભિગમથી ફંફોસી જોઈને તેના સંદર્ભો સાથે સમજ આપી છે, તેમ જ ક્વચિત તત્કાલીન સમયના ગાંધીજીના બાલ્યવયના કેટલાક ફોટાઓના આધારે લેખકે ગાંધીજીનો મનોવૈજ્ઞાનિકની દૃષ્ટિએ પરિચય કરાવ્યો છે. ગાંધીજી વિશે કેટલીક માહિતી બહુપ્રચલિત નથી તે અહીં ઉપર નિર્દેશિત સ્રોતોના આધારે ઉજાગર કરી આપી છે. આ પૈકી એકાદ ઉદાહરણ જોઈએ : ૧૨ વર્ષનો મોહન અસ્પૃશ્યતાની પ્રથા અંગે વિરોધ કરતો તે વિશેનો એક પ્રસંગ તેંડુલકરે પોતાના ગ્રંથ 'મહાત્મા', પૃ-૧ અને ૩૨માં નોંધ્યો છે : ઊકા નામનો હરિજન કબા ગાંધીના ઘરનાં પાયખાનાં સાફ કરવા આવતો. તેને ભૂલમાં પણ અડકી ન જવાય તેવી સખત ચેતવણી તેને મળતી, છતાં નાનો મોહન બાને કહેતો, 'ધર્મમાં કયાંય અસ્પૃશ્યતાને ટેકો નથી, તો પછી આપણે જેને અસ્પૃશ્ય કહીએ છીએ તેવો એક અસ્પૃશ્ય માનવી રામને હોડીમાં ગંગા પાર કેવી રીતે કરાવી શક્યો હશે ?' આમ તે સામી દલીલ કરતો.'' આ પ્રસંગ નોંધ્યા બાદ લેખકે સ્પષ્ટતા કરતાં નોંધ્યું છે કે તે અરસામાં હિન્દુ ધર્મનું કલેવર ઘડાતું હતું તેમજ સ્વામી દયાનંદ સરસ્વતીના પ્રભાવના કારણે 'મોહનના મનમાં આવા પ્રશ્નો ઊઠે તે સ્વાભાવિક હતું.' આ પ્રકારના પ્રાયઃ અજ્ઞાત એવા વિવિધ પ્રસંગોની અહીં ગૂંથણી કરીને ગાંધીજી ખરાબ સોબતમાંથી બહાર આવ્યા અને સત્ય તથા આત્માના અવાજ અનુસાર પોતાનું જીવન ઘડતા રહ્યા તે અહીં લેખકે સરસ રીતે તારવી આપ્યું છે. આ સાથે જ ગાંધીજીના જીવનને સમજવા માટે ખૂબ જ ઉપયોગી બની રહે તેવી તત્કાલીન સમયની રાજકીય, સામાજિક અને સવિશેષતઃ શિક્ષણની યથાતથ પરિસ્થિતિની સંક્ષેપમાં છતાં અધિકૃત માહિતી ગ્રંથારંભે આપવામાં આવી છે. અને પ્રસંગોપાત્ત ગાંધીકુટુંબની કથડતી જતી આર્થિક સ્થિતિનો નિર્દેશ પણ કર્યો છે, તેમજ આપણા મહાપુરુષો દાદાભાઈ નવરોજજી, બાલગંગાધર ટિળક ગોપાલકૃષ્ણ ગોખલે અને મહાત્મા ગાંધીએ પિતાની છત્રછાયા કિશોરાવસ્થા સુધી ગુમાવી હતી તે, ભણવામાં રસ-રુચિ અને તેમણે મેળવેલ મૅટ્રિકનાં પરિણામો વગેરે વિશેની વિગતોનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ રજૂ કર્યું છે, જે રસપ્રદ બની રહે છે.

લેખકે અહીં ગાંધીજીના મૅટ્રિક સુધીના શિક્ષણની વિકાસયાત્રા ઉપરાંત મૅટ્રિક થયા બાદ કૉલેજ પ્રવેશ અને મનઃસ્થિતિ, કૉલેજ અભ્યાસ અધૂરો છોડીને બૅરિસ્ટરના અભ્યાસ માટે વિલાયત જવા પૂર્વે વેઠેલ સંઘર્ષો, માતા સમક્ષ લીધેલ પ્રતિજ્ઞા, શરમાળપણામાંથી બહાર નીકળવું, મોઢ વણિક નાતની વાડીમાં હાજર થયું અને વિલાયત જવાનો મક્કમ નિર્ધાર જાહેર કરવો, ૪ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ મુંબઈ બંદરેથી રવાના થવું, માંદગીનો સામનો કરીને પ્રતિજ્ઞાને વળગી રહેવું, વિચારપૂર્વક શાકાહારી બનવું, સત્યની પડખે ઊભા રહેવું, આત્મનીરિક્ષણ, હિસાબ રાખવાની ટેવ - આર્થિકની સાથે પ્રત્યેક ક્ષણનો હિસાબ રાખવો, જાત ઉપર અંકુશ કેળવવો, અધ્યયનશીલતા વગેરે ખાસિયતોના ક્રમિક વિકાસ વિશે સંક્ષેપમાં છતાં સંતર્પક માહિતી વર્ણવી છે, જે ગાંધીજીને સમજવા માટે તેમજ વિદ્યાર્થીઓને પોતાનો ભાવિ માર્ગ નિર્ધારિત કરવા માટે દિશાસૂચક બની રહે છે.

મહાત્મા ગાંધીની શિક્ષણયાત્રા સંબંધી વિગતોનું માર્મિક અને સુપથ્યકારક વિશ્લેષણ રજૂ કર્યા બાદ અહીં વિવિધ ક્ષેત્રો, જેમ કે, વિજ્ઞાન, સાહિત્ય, રમતગમત, સંગીત, ફિલ્મ, રાજકારણ વગેરેની ૧૮ મહાન-પ્રતિભાઓનો વિહંગમ દૃષ્ટિએ પરિચય કરાવતાં લેખકે તારવ્યું છે કે આ બધી પ્રતિભાઓનું પ્રારંભિક જીવન ભારે સંઘર્ષમય રહ્યું હતું અથવા ભણવામાં ઝાઝો રસ રહ્યો ન હતો. આમ છતાં પોતાની પસંદગીના ક્ષેત્રમાં ધ્યેયનિષ્ઠા સાથે સતત પ્રવૃત્ત બની રહેતાં ઉચ્ચતમ સિદ્ધિઓ હાંસલ કરીને પોતપોતાનાં ક્ષેત્રોમાં ધ્રુવતારક સમાન દીપી રહ્યા છે, જેમ કે અમિતાભ બચ્ચનની પ્રારંભિક ડઝન ફિલ્મો ફ્લોપ થઈ હતી, પરંતુ આજે સદીના મહાનાયક છે; અમેરિકાના મહાન પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનનું પ્રારંભિક જીવન કારમી ગરીબાઈ અને યાતનાપૂર્ણ રહ્યું હતું, ચૂંટણીઓમાં ઘણી વાર હાર્યા પણ હતા છતાં નિષ્ફળતાને પચાવીને પ્રામાણિક પુરુષાર્થ થકી સફળતામાં પલટાવી; શેક્સપિયર પછીના અંગ્રેજીના મહાન નાટ્યકાર જ્યૉર્જ બર્નાર્ડ શો ને પ્રારંભથી વાંચવું ગમતું પરંતુ શાળા જેલ જેવી લાગતી, નબળાં પરિણામોના પરિણામે ૧૫ વર્ષે ભણવાનું છોડી દીધું હતું; વિખ્યાત અંગ્રેજી નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સના દેવાદાર પિતાને જેલ થતાં ૧૨ વર્ષના ડિકન્સે શાળા છોડી, મજૂરી કરતાં કરતાં વાંચવાની ભૂખ ઘડી અને મહાન લેખક બન્યો; વીજળી બલ્બનો શોધક થૉમસ આલ્વા એડિસન ભણવામાં મંદ બુદ્ધિનો હોઈ શિક્ષકોએ શાળા છોડાવી, ૧૪ વર્ષની વયે અકસ્માત થતાં ૯૦% સાંભળવાની ક્ષમતા ગુમાવનાર વીજળીના બલ્બની શોધ કરનાર ૧૦૦૦ વખત નિષ્ફળ ગયો હતો, જે છેવટે સફળ થયો હતો. વગેરે.

આવા મહાન પુરુષોનાં જીવનનાં ઉદાહરણો રજૂ કરીને શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન ઝંખતા કેળવણીવિદ્ - શિક્ષણ ક્ષેત્રના crusader ડૉ. મફતલાલ પટેલે શાળાઓ સામે પ્રશ્નાર્થ કરીને સાચો રાહ ચીંધી આપ્યો છે તે તેમના જ શબ્દોમાં જોઈએ : 'વિચાર કરો તો, કે તમે ગોખી-ગોખીને અવ્વલ નંબરે પરીક્ષા પાસ કરી, અને કશું આવડતું તો નથી. કશું કામમાં આવે તેવું શીખ્યા નથી ! તો શું શાળાઓ આવા ખોખલા, સર્ટિફિકેટવાળા યુવાનો પેદા કરવાની ફૅક્ટરી છે ?.. શાળાઓ શા માટે બનાવવામાં આવી હતી, તે શાળાઓને યાદ જ નથી રહ્યું ! એટલે વિદ્યાર્થીઓને બોરિંગ વિષયો, બોરિંગ પદ્ધતિથી ભણાવી, અને પછી બોરિંગ એક્ઝામ લઈ માર્કશીટનાં કાગળિયાં હાથમાં પકડાવી દે છે ! ...જરા સત્યની શોધ કરો. તમારી આજુબાજુ જે લોકો ખૂબ સફળ લાગે છે, સરસ જિંદગી જીવે છે તેમને પૂછો – તેમનું શાળા-કૉલેજનું શું પરિણામ આવ્યું હતું ? શું તેઓની સફળતા એક્ઝામ, રિઝલ્ટને કારણે છે ? કે તેમનું મનગમતું કામ કરવાને, સખત મહેનત કરવાને, સતત શીખતાં રહેવાને આભારી છે ? જરા પૂછો અને શોધો કે તેઓની સફળતાનું શ્રેય ખરેખર તેઓ શાને આપે છે ? .... કેટલાક મહાનુભાવોનાં ઉદાહરણો અમે અહીં કેવળ નમૂનારૂપ આપ્યાં છે. તેઓ બધા આપણા જેવા જ હતા... પરીક્ષાના માર્ક્સ સાથે જીવનનો કોઈ સંબંધ નથી. તમે ધારો તેવું તમારું જીવન ઘડી શકો છો. વિવેકાનંદનું સૂત્ર યાદ રાખો, 'ઊઠો જાગો ને ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી મંડ્યા રહો.'

પ્રસ્તુત ગ્રંથમાંથી પસાર થતાં સ્વયં સ્પષ્ટ થાય છે કે લેખક આજના વિદ્યાર્થીઓ અને વાલીઓને ગાંધીજી અને કેટલાક મહાપુરુષોના માધ્યમથી - ઉપદેશ નહીં પણ પ્રત્યક્ષ ઉદાહરણોના માધ્યમથી પાલ્યના ઘડતર માટે સુયોગ્ય માર્ગ ચીંધવામાં સફળ રહ્યા છે. આ મર્મ પામવા માટે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ આ ગ્રંથનું રસપાન કરવું રહ્યું.

●

**પાછું વળીને જોઉં તો..... સાત દાયકાની સફર / ભૂપેન્દ્ર શાહ. અમદાવાદ : લેખક (ભૂપેન્દ્ર શાહ, ૭ સ્તુતિ એપાર્ટમેન્ટસ–૧, નવપદ સોસાયટી, વિકાસગૃહ સામે, પાલડી, અમદાવાદ–૭), ૨૦૨૧ ૧૪૬ પૃ મૂલ્ય : સ્નેહભાવ**

ઉચ્ચગુણવત્તાશીલ શિક્ષણના પ્રચાર–પ્રસારની ઉદાત્ત ભાવનાને વરેલાં ગુજરાતનાં મૂલ્યનિષ્ઠ કેળવણી મંડળોમાં પ્રથિતયશ 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી' દ્વારા સ્થાપિત અને સંચાલિત 'અમદાવાદ યુનિવર્સિટી (૨૦૦૯) કે જેણે આજે તેની સ્થાપનાના ખૂબ જ ટૂંકા સમયગાળામાં ગુજરાતની જ નહીં, પરંતુ દેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં પોતાનું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે તેવી ગૌરવપૂત યુનિવર્સિટીના પાયાના ઘડતર અને ચણતરકાળના એક dedicated, committed and Vibrant સહયોગી એવા વરિષ્ઠ વહીવટીય વડા – કુલસચિવ (Registrar) તરીકેનું કુશળતાપૂર્વક સુકાન સંભાળનાર શ્રી ભૂપેન્દ્ર શાહ (૧૯૫૨) કૃત પ્રસ્તુત પુસ્તક

'પાછું વળીને જોઉં તો...' એ અમદાવાદના નગરજીવન/પોળજીવન – સમાજજીવન, વિદ્યાર્થીજીવનને વાચા આપતું તેમજ 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી' તથા તેના દ્વારા સ્થાપિત 'અમદાવાદ યુનિવર્સિટી' સાથેનાં પ્રેરક સંસ્મરણોનું આલેખન કરતું હૃદયસ્પર્શી દસ્તાવેજી ચિત્રણ છે

પ્રસ્તુત ગ્રંથના પૂર્વાર્ધનાં પ્રથમ ૧૦ પ્રકરણોમાં અમદાવાદના ગાંધીરોડની મધ્યમાં સ્થિત ફતાસાપોળ અને તેની અંતર્ગત કચરાશાહની ખડકી અને આ ખડકીમાં સ્થિત ગજીબાનું ડહેલું કે જેમાં લેખકના પિતાશ્રી રૂપિયા ૧૪ ના ભાડાના મકાનમાં પરિવાર સાથે નિવાસ કરતા હતા તેમાં લેખકે ૧૯૮૭ સુધી રહીને ઉચ્ચતમ શૈક્ષણિક લાયકાત C. A. (ચાર્ટડ એકાઉન્ટન્ટ)ની ડિગ્રી મેળવી હતી તે પોળના ધબકતા સમાજજીવનને સાહજિક કુતૂહલતા અને ઉત્તેજનાની જાળવણી સાથે સાક્ષીભાવે રજૂ કર્યું છે અને તેથી જ અન્ય કોઈ પોળનો વાચક પણ સહજતાથી આ તો મારી જ પોળની વાત છે તેવો હૃદયોદગાર કાઢે અને કાઢે જ, કારણ એટલું જ કે અહીં લેખકના હૃદયનો ભાવ વાચા પામ્યો છે કવિ ઈકબાલે પણ કહયું છે કે –

**જો બાત દિલ સે નિકલતી હૈ, અસર રખતી હૈ**
**ઉસે પર નહીં, લેકિન વો તાકતે પરવાઝ રખતી હૈ**

અહીં પોળની પ્રાતઃકાળની ક્રિયાઓથી શરૂ કરી રાત્રે ડહેલું બંધ કરવા સુધીના રોજિંદા ક્રિયાકલાપોની રસપ્રદ ગૂંથણી કરવામાં આવી છે અને ખાસ તો સાંકડી ગલીઓમાં રહેતાં માનવીઓનાં મોટાં મન અને ઉમદા વ્યવહારો, ફેરિયાઓ વગેરે સાથેનો ભાઈચારો, પ્રસંગોપાત્ત યોજાતાં સામૂહિક ભોજનો, ઉત્સવો અને તહેવારોની ઉજવણી, પર્યુષણ–પર્વ અને આયંબિલની આરાધના પ્રસંગે ભાવપ્રવણતા સાથે ગવાતાં સૂત્રો, સ્તવનો, હાલરડાં અને ગાનારાઓ વગેરેની રસપ્રદ વાતો સમાવિષ્ટ છે અને આ સાથે જ આજે કાળના પ્રવાહમાં વિસરાઈ ગયેલી કેટલીક બાબતો, જેમ કે પોળમાં કોઈનું અવસાન થાય તો એક ખાસ વ્યકિત 'તો તો'ની બૂમ પાડે એટલે પોળવાસીઓને ખબર પડે અને સ્મશાનયાત્રામાં જોડાઈ જાય, લૌકિક ક્રિયા સમયે (વિશા શ્રીમાળી જૈન જ્ઞાતિમાં) મહેમાનોને ઘી ભરેલી તપેલીમાં રોટલી ડુબાડીને પિરસવી, રાવણહથ્થો ગાનાર લોકકલાકાર ચારણ અને લોકગીતોની પ્રસ્તુતિ, છાપાઓ દ્વારા બપોરની આવૃત્તિનું પ્રકાશન, નગરનિગમની શાળાઓમાં બાળકોને દરરોજ દૂધ આપવાની પ્રથા વગેરે પણ અહીં આવરી લીધી છે. અમદાવાદનું નગરજીવન થંભાવી દેનાર કલંકરૂપ કોમી રમખાણો અને આ પૈકી ૧૯૬૯ની હૃદયવિદારક ઘટનાનું ચિત્રણ, અન્ય આંદોલનો, તોફાનો અને પોતાની પોળની સામેલગીરી વગેરે વિશે સ્વતંત્ર પ્રકરણ ફાળવ્યું છે. આ સંદર્ભે લેખકનું અવલોકન 'આપણા જેવા દેશમાં જ્યાં સુધી શિક્ષણનો વ્યાપ વધશે નહીં અને જ્યાં સુધી પ્રજા પોતાના હક્કો વિશે સભાન નહીં બને ત્યાં સુધી ધર્મ, જાતિ અને કોમના નામે ભાગલા પાડીને રાજકારણીઓ પ્રજાને છેતરતા જ રહેવાના છે. ગમે તે પક્ષની સરકાર બને, પણ પ્રજાની પીડા સમજવાની કોઈને પડી નથી' સુચિંતનીય બની રહે છે. અમદાવાદ શહેરની અશાંત અને જોખમી પરિસ્થિતિના કારણે શહેરના ધનિક વર્ગનું અને પોળોના નિવાસીઓનું પૂર્વમાંથી પશ્ચિમ તરફ – નદીપાર પાલડી, નવરંગપુરા વગેરે વિસ્તારોમાં સ્થળાંતર, પોતાના ભાઈઓનું ધંધાર્થે મુંબઈ જવું અને આર્થિક સમૃદ્ધિ વગેરે બાબતોની નોંધ લેવાની સાથે જ પોતાના કુટુંબની પ્રારંભકાલીન આર્થિક–સામાજિક સ્થિતિ વિશેની યથાતથ નોંધ. 'એક એવો પણ સમય હતો કે અમારે ઘેર કન્યા દેવા જ્ઞાતિજનો ઘણો વિચાર કરતા' આ અને આ પ્રકારનાં પ્રસંગોપાત્તનાં વિધાનોમાં લેખકની નિખાલસતા અને જીવનની સચ્ચાઈ સ્વીકારવાના વલણનાં સહજમાં દર્શન થાય છે.

ગ્રંથના ઉત્તરાર્ધ – પ્રકરણ ૧૧ થી ૨૧મા પોતાના પરિવાર, શિક્ષણ, વ્યવસાયિક કારકિર્દી અને સવિશેષતઃ 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી' અને તેના દ્વારા સ્થાપિત 'અમદાવાદ યુનિવર્સિટી' સાથેના કાર્યાનુભવો તથા પોતાના પ્રતિભાવો વર્ણવ્યા છે. આ વાંચતાં જ એક વાત સ્પષ્ટ ઊપસી આવે છે કે વ્યકિતત્વ વિકાસ અને શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનમાં રસ ધરાવનારાઓ માટે ભૂપેન્દ્રભાઈ એક કેસ સ્ટડીનો વિષય બની રહે છે.

નગરનિગમ સંચાલિત ખાડિયા શાળા નં-૩માં ધોરણ ૪ સુધીનું શિક્ષણ મેળવ્યા બાદ કાપડિયાસાહેબ સંચાલિત 'ન્યૂ હાઈસ્કૂલ'માં મૅટ્રિક સુધીનો અભ્યાસ તેમજ આ સ્કૂલના ઉત્તમ શિક્ષકો અને ઉત્તમ શિક્ષણપ્રણાલી વગેરે વિશે ધરાઈને વાતો કરી છે. અહીંના અભ્યાસ દરમિયાન લેખકે પોતાના પરિણામ સંદર્ભે નોંધેલ એક કિસ્સો કે જેમાં શાળા દ્વારા લેવામાં આવેલ મૅટ્રિકની પ્રિલિમિનરિ પરીક્ષા અને બોર્ડની પરીક્ષાના પરિણામમાં ફકત ૧ જ માર્કનો

તફાવત તત્કાલીન શિક્ષકોની અધ્યાપનનિષ્ઠા અને પરીક્ષણકાર્યની ચોકસાઈનો દ્યોતક બની રહે છે, જ્યારે આ જ બાબત સંદર્ભે હાલના સમયમાં યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પ્રતિદિન ૨૫૦/૩૦૦થી અધિક ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરાવવામાં આવી રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓને કેટલો ન્યાય મળતો હશે ? તેનો આજે કોઈ વિચાર પણ કરતું નથી. મૅટ્રિક બાદ ગુજરાતની સુપ્રસિદ્ધ એચ એચ કૉલેજ ઑફ કૉમર્સમાં પ્રવેશ, સ્નેહસંભારણાં અને ત્યાંની શિક્ષણપદ્ધતિ વિશેનો અનુભવ 'વર્ષોથી એક જ ઘરેડમાં, તૈયાર નોટના આધારે જ ભણાવતા. વર્તમાન સંદર્ભનો ભાગ્યે જ ઉલ્લેખ થતો. દાખલા પણ વર્ષોવર્ષ એ જ ગણાવાતા. થિયરીનો વ્યવહારમાં શું ઉપયોગ છે તે ભાગ્યે જ કોઈ સમજાવતું' આંખ ઊઘાડનાર બની રહે છે. લેખકે અહીં પ્રાથમિકથી કૉલેજ શિક્ષણ સુધીના પોતાના ગુરુજનોનાં ઋણસ્વીકારની ભાવના સાથે તેમનાં નામસ્મરણ અને ખાસિયતો તારવી આપી છે. તેમાં તેમના પ્રતિ શ્રદ્ધભાવનાં સહજમાં દર્શન થાય છે. બી કૉમ. થયા બાદ ધ્યેયનિષ્ઠા સાથે સી. એ.માં પ્રવેશ અને આ પરીક્ષા પ્રથમ પ્રયાસે ભારતીયસ્તરે ૧૯મા ક્રમે પાસ કરવી અને આ માટેના કર્મઠ પુરુષાર્થની પ્રસ્તુતિ વિદ્યાર્થીઓ માટે માર્ગસૂચક બની રહે છે. સી.એ.ની ડિગ્રી મેળવ્યા બાદ લાલભાઈ ગ્રૂપમાં જોડાવું અને સમયનાં બદલાતાં વહેણો સાથે અદ્યતન ટૅક્નોલૉજી અને આનુષંગિક વિષયોમાં તરોતાજા/અધ્યયનનિષ્ઠ તથા કર્તવ્યનિષ્ઠ બની રહેતાં ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાનો સર કરતાં વાઈસ પ્રેસિડેન્ટ (કૉર્પોરેટ ફાઇનાન્સ અને સિસ્ટમ)ના પદેથી સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ અને આ ક્ષેત્રના અનુભવો વર્ણવ્યા છે.

લાલભાઈ ગ્રૂપમાંથી સેવાનિવૃત્તિ બાદ 'અમદાવાદ યુનિવર્સિટી'ના કુલસચિવપદની સોંપણી કરવામાં આવતાં 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી', 'અમદાવાદ યુનિવર્સિટી' અને તેના ટ્રસ્ટીશ્રીઓ શ્રી શ્રેણિકભાઈ વગેરેની દૂરંદેશિતા તથા અનાસક્ત સેવાભાવના વિશેની કેટલીક અજ્ઞાત વાતો અને અન્ય આનુષંગિક બાબતો ઉજાગર કરી આપી છે, જે સુચિંતનીય અને દિશાપ્રેરક બની રહે છે. લેખકે નોંધ્યું છે કે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રદાનને ધ્યાને લઈ સોસાયટીના સભ્યશ્રીઓ દ્વારા યુનિવર્સિટીના નામાભિધાન તરીકે લાલભાઈ, એ. ઈ. એસ. કે એલ. વગેરે નામો સૂચવવામાં આવ્યાં હતાં, પરંતુ શ્રી શ્રેણિકભાઈ શેઠે આ એક પણ નામ મંજૂર ના રાખ્યું એમના મતે લાલભાઈ પરિવાર ફક્ત ટ્રસ્ટી જ રહ્યો છે એટલે કીર્તિદાનનું પાપ ન થઈ જાય એ સતત ધ્યાનમાં રાખી 'અમદાવાદ યુનિવર્સિટી' નામનું સૂચન કર્યું. સહજ રીતે મળતી નામનાને એમણે સાવ અલિપ્ત રહી જતી કરી. મૂલ્ય પરંપરાની ધરોહરને અખંડ રાખી' લાલભાઈ પરિવારનો આ ઉદાત્ત સંસ્કારવારસો દીપસ્તંભ સમાન બની રહે છે. લેખક માટે આ કાર્યક્ષેત્ર તદ્દન નવું જ હોવા છતાં પોતાની જાતને સમર્પિત કરીને અડગ ધ્યેયનિષ્ઠા સાથે સોસાયટી અને યુનિવર્સિટી સાથેના વિરોધો અને કલ્પનામાં ન આવે તેવા વિરોધીઓ વગેરેનો મક્કમતાથી સામનો કરતાં કરતાં યુનિવર્સિટીના સંસ્થાપકોનો ઉમદા હેતુ 'કોઈ પણ જાતના નફાનો કે અંગત લાભની અપેક્ષા વિના ફક્ત શિક્ષણની ગુણવત્તાને શ્રેષ્ઠતમ ઊંચાઈએ લઈ જવી, સામાન્યમાં સામાન્ય વિદ્યાર્થી પણ ઉચ્ચ અભ્યાસની તકથી વંચિત રહી ન જાય અને અહીંના વિદ્યાર્થી પરદેશ જવાને બદલે વિશ્વભરથી વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો અમદાવાદ તરફ આકર્ષાય' સૌના સહકારથી સિદ્ધ થયો તે સંદર્ભેના અનુભવોની પ્રસ્તુતિ ધ્યાનાર્હ બની રહે છે આ સાથે જ લેખકે ટ્રસ્ટીશ્રીઓની કેટલીક ખાસિયતો જેમ કે યુનિવર્સિટી માટે રૂા ૧૦૦૦ કરોડનું ભંડોળ ફાળવવું, પ્રતિભાસંપન્ન કુલપતિ અને અધ્યાપકોની નિમણૂક, પ્રવેશ માટે કોઈ પણ પ્રકારના ક્વોટાનો ત્યાગ અને માત્ર મેરિટ પ્રથાનો ચુસ્ત અમલ, સ્ટાફ નિયુકિત કે પ્રવેશ માટે મેનેજમેન્ટ તરફથી કોઈ ભલામણ નહીં વગેરે ઉજાગર કરી આપી છે, જે આજની ખાનગી યુનિવર્સિટીઓ અને ખુદ રાજ્ય સરકાર સંચાલિત અનુદાનિત યુનિવર્સિટીઓના સત્તાધીશો અને નીતિ–નિર્ધારકોને પણ ઘણું બધું શીખવી જાય છે

સમગ્રતયા લેખકે આયખાની સફરનાં સંભારણાંમાં પોતાની અને કુટુંબ વિશેની કેટલીક અને અન્ય સમસામયિક બાબતો/ઘટનાઓની સરસ ગૂંથણી કરીને રસલહાણ કરાવી છે, જે દૃષ્ટવ્ય બની રહે છે. અહીં લેખકનાં ઉદાહરણસ્વરૂપ ફોટોજિનિક યાદદાસ્ત, વિનમ્રતા સાથેની ઋણસ્વીકારભાવના, નિર્દંભ નિખાલસતા, આત્મસ્તુતિ ન થાય તેની સતત સભાનતા, કાર્યનિષ્ઠા અને પુરુષાર્થ વગેરે ગુણરાશિનાં સહજમાં દર્શન થાય છે પ્રવાહી ભાષાભિવ્યક્તિ પણ વાચકને સ્પર્શી જાય તેવી અસરકારક રહી છે

**- મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

**પ્રજાસત્તાક-પર્વ**

● સર્વ વિદ્યાલય, કડીમાં રાષ્ટ્રના ૭૩મા પ્રજાસત્તાક-પર્વની ઉજવણી નિમિત્તે મંડળના મંત્રીશ્રી જગદીશભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપાઈ હતી. કોવિડ-૧૯ ની પરિસ્થિતિની ગાઇડલાઇન મુજબ સીમિત સંખ્યામાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ પટેલે ૭૩મા પ્રજાસત્તાક-પર્વની શુભેચ્છાઓ પાઠવતાં રાષ્ટ્રના બંધારણ પ્રતિ વફાદાર રહેવા તેમ જ પોતાની પ્રાપ્ત ફરજો પ્રતિ કર્તવ્યનિષ્ઠ બની રહેવા જણાવ્યું હતું. આ ઉપરાંત કોરોનાની મહામારીમાં ડૉક્ટરો, નર્સિસ, પોલીસદળ, સફાઈ કર્મચારીઓ વગેરેએ આપેલી સરાહનીય સેવાઓની નોંધ લઈ આ સૌને સર્વ વિદ્યાલય પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, શાળા-કૉલેજોના પ્રિન્સિપાલશ્રીઓ, શિક્ષકો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર કૅમ્પસમાં કડી કૅમ્પસના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ગાંધીનગર કૅમ્પસના પ્રમુખશ્રી વિષ્ણુભાઈ પી. પટેલ, દાતાશ્રી ભગુભાઈ પટેલ અને શ્રી જયંતીભાઈ પટેલના સાંનિધ્યમાં અને શાળા કૉલેજોના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ, કર્મચારીઓ તથા યુનિવર્સિટીના અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં ૭૩મા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. યુ.એસ.એ.થી ખાસ પધારેલ સર્વ વિદ્યાલયના દાતાશ્રીઓ પૈકી મુખ્ય મહેમાનશ્રી ભગુભાઈ પટેલના વરદહસ્તે ધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ડૉ. કનુભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દાતાશ્રીઓ શ્રી ભગુભાઈ, શ્રી વિષ્ણુભાઈ અને શ્રી જયંતીભાઈનો વિગતે પરિચય આપી પોતાની અમેરિકા દાનયાત્રા પ્રસંગે આ સૌએ આપેલ હૂંફાળા સહયોગનાં સંસ્મરણો વર્ણવીને પ્રજાસત્તાકપર્વ નિમિત્તે સૌને શુભકામનાઓ પાઠવી હતી. વધુમાં તેમણે પોતાની અંગત ફરજો પ્રત્યે સભાનતા કેળવી રાષ્ટ્રહિતમાં પોતાની દેશદાઝની ભાવના કેળવવા માટે પ્રેરણા પૂરી પાડતાં અમેરિકન પ્રેસિડેન્ટ જહૉન એફ કૅનેડીના વિખ્યાત વિધાન 'Ask not what your country can do for you – ask what you can do for your country'ની સ્મૃતિ અપાવી હતી. આ સાથે સંસ્થા પરિવારના સૌ સભ્યોને સંસ્થાના વિકાસની આધારશીલા ગણાવીને સર્વ વિદ્યાલયનું નામ ઉજ્જ્વળ કરવા કર્મઠ બની રહેવા અપીલ કરી હતી. વધુમાં રાષ્ટ્ર આઝાદીનું અમૃતપર્વ ઊજવી રહ્યું છે ત્યારે શહીદોની વંદના કરવા તેમ જ સ્વાતંત્ર્યની લડાઈમાં સર્વ વિદ્યાલયના કાર્યકર્તાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ગૌરવપૂર્ણ યોગદાન આપ્યું છે તે ધ્યાને લેવા જણાવ્યું હતું. દાતાશ્રી ભગુભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનનાં સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ રાષ્ટ્રભક્તિના રંગે રંગાય અને રાષ્ટ્રહિતમાં પોતાનું યોગદાન આપે તે માટે પ્રોત્સાહિત કરવાની સાથે જ કોરોનાકાળમાં માનવસમાજની સેવા કરવા માટે પોતાની જાત કે પરિવારની ચિંતા કર્યા સિવાય સેવાઓ આપનારા કોરોના વૉરિયર્સ-ડૉક્ટરો, પોલીસકર્મીઓ, સફાઈ કામદારો વગેરેની ભારે સરાહના કરી હતી. કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં કાર્યકારી ડાયરેક્ટર અને એલ.ડી.આર.પી.નાં પ્રિન્સિપાલ શ્રીમતી ડૉ. ગાર્ગી રાજપરાએ આપણું બંધારણ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજથી અસ્તિત્વમાં આવ્યું હતું, તેની યાદ અપાવી સૌ ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમના આયોજનમાં કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. કેયૂર શાહ અને એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના આચાર્યશ્રી અર્પિત ક્રિશ્ચિયન તથા શાળા પરિવારનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષા પારેખે કર્યું હતું.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ - ૧થી ૮ના વિદ્યાર્થીઓ માટે ૨૬મી જાન્યુઆરી નિમિત્તે ઑનલાઇન ચિત્રપ્રવૃત્તિનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ સુંદર મજાનાં ચિત્રો દોર્યાં હતાં.

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે ધો-૬થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે ઑનલાઈન શીઘ્ર નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૮૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના વિષયો : ૧. કોરોનાની અસરો ૨. મારા સ્વપ્નનું ભારત, અને ૩. વૃક્ષોનું મહત્ત્વ/પર્યાવરણની જાળવણી નિયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન સુપરવાઇઝર શ્રી રાજેન્દ્ર. જી. પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષકશ્રીઓ શ્રી ઘનશ્યામસિંહ ડાભી, શ્રી રિઝારિયા

મનીષભાઈ તથા શ્રી સતીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

● એસ. જી. અને એસ. વી. અંગ્રેજી મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં ૭૩મા પ્રજાસત્તાકદિન ઉજવણી અંતર્ગત ધો. ૧ થી ૪ માં દેશભક્તિગીતોની ઑનલાઇન સ્પર્ધાનું તેમજ ધોરણ ૫થી ૮ ના વિદ્યાર્થીઓ માટે રંગોળીની ઑનલાઇન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩થી ૮ના વિદ્યાર્થીઓ માટે પ્રજાસત્તાક દિન નિમિત્તે રાષ્ટ્રધ્વજ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૮૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ કાગળ, અનાજ અને કઠોળની મદદથી રાષ્ટ્રધ્વજ બનાવીને રાષ્ટ્રપ્રેમ દર્શાવ્યો હતો.

### ગણિત દિવસ

● શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૨૧/૧૨/ ૨૦૨૧ના રોજ નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા 'નૅશનલ મેથેમેટિકસ ડે' અંતર્ગત કાર્યશિબિર યોજવામાં આવી હતી, જેમાં ધોરણ-૭ અને ૮નાં ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. સેન્ટરના ડાયરેક્ટર ડૉ. અનિલભાઈ, શ્રી હાર્દિકભાઈ તથા શ્રી શિવાંગભાઈ દ્વારા ગણિત વિષયને કેવી રીતે સરળ બનાવી શકાય અને પ્રવૃત્તિ સાથે રસપ્રદ બનાવી શકાય તેની તેમ જ વિવિધ ઘનાકારો કેવી રીતે બનાવી શકાય તે વિશે સમજાવવામાં આવ્યું. બાળકો દ્વારા સમઘન, લંબઘન જેવા ઘનાકારો બનાવતાં તેનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

### ર□તદાન શિબિર

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સદ્‌ગત ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલસાહેબની પુણ્યસ્મૃતિમાં મંડળ દ્વારા ૧૧મો રક્તદાન શિબિર તેમની ૯૩મી જન્મજયંતી, તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ કડી અને ગાંધીનગર કેમ્પસમાં યોજવામાં આવ્યો હતો. આ અન્વયે કડી કેમ્પસમાં ૫૦૭ બોટલ અને ગાંધીનગર કેમ્પસમાં ૧૨૦ બોટલ કુલ ૬૨૭ બોટલ રક્તદાન મળ્યું હતું. પ્રાપ્ત રક્તદાન રેડક્રોસ સોસાયટી અને સર્વોદય બ્લડ બેંકમાં મોકલી આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે કડીમાં મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મંત્રીશ્રીઓ ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ, શ્રી ખોડાભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ અને ભગીની સંસ્થાઓના સર્વે પ્રિન્સિપાલશ્રીઓએ રક્તદાનનું પ્રતીક એવા સફેદ અને લાલ રંગના ફુગ્ગાઓને ખુલ્લા આકાશમાં ઉડાડી દીપ પ્રાગટ્ય કર્યા બાદ રક્તદાતાઓને રક્ત યુનિટની બેગ આપી રક્તદાન શિબિરની શરૂઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા વર્ષ ૨૦૧૨થી ૨૦૨૨ સુધીમાં કુલ ૯૧૭૫ જેટલી રક્ત બોટલો એકત્રિત કરવામાં આવી છે.

### રમત-ગમત

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં પૂજ્ય સ્વ. દાસકાકા શિયાળુ રમતોત્સવ તા. ૩-૫ જાન્યુઆરી, ૨૦૨૨ના દિવસોમાં યોજવામાં આવ્યો હતો. શાળાનાં ડાયરેક્ટરશ્રી ડૉ. વીણાબેન પટેલે આ રમતોત્સવ ખુલ્લો મૂકયો હતો. શાળાની આશરે ૨૮૦ વિદ્યાર્થિનીઓએ ૧૦૦ મીટર દોડ, કોથળાદોડ, ગોળાફેંક, સંગીતખુરશી, દોરડાકૂદ તથા દડાફેંક જેવી રમતોમાં ભાગ લીધો હતો.

●ગાંધીનગર જિલ્લા કબ્બડી એસો. (ગ્રામ્ય) સ્પોર્ટસ ક્લબ દ્વારા સબ જુનિયર કબ્બડી માટે પસંદગી શિબિર તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થી ઉત્સવ એસ. સોલંકીની રાજ્યકક્ષાની ગુજરાત ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. આ ટીમને અમદાવાદ ખાતે ૨૦ દિવસ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ સ્પર્ધા તા. ૧૧ થી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ના દિવસોમાં ઉત્તરાખંડ ખાતે યોજાઈ હતી, જેમાં આ ટીમ વિજેતા થઈ છે.

### વક્તૃત્વ

● શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ અને એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલમાં 'મારું પ્રિય પુસ્તક' વિશે ઑનલાઈન વક્તતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

### વુમન ડેવલોપમેન્ટ

● શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વુમન ડેવલોપમેન્ટ સેલ (W.D.C.)ના ઉપક્રમે મૅડિકલ સેમિનારનું આયોજન જાન્યુઆરીના રોજ કેમ્પસના મહિલા હૉલમાં કરવામાં આવ્યું હતું, જેનો વિષય 'સ્ત્રી જાણકારી, સમસ્યા તથા ઉપચાર' હતો. વક્તા તરીકે ગાંધીનગર શહેરનાં જાણીતાં સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. જૈનિશા ચૌધરી (યશદીપ મેટરનિટી હોમ, સેક્ટર-૨૧) ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓશ્રીએ સ્ત્રીરોગોની જાણકારી અને સવિશેષતઃ બ્રેસ્ટ કૅન્સર વિશે પ્રાયોગિક તથા સૈદ્ધાંતિક જ્ઞાનની સમજ આપી હતી, તેમ જ વિદ્યાર્થિનીઓ તથા વાલીશ્રીઓના પ્રશ્નોના ઉત્તરો પણ આપ્યા હતા. આ સેમિનારમાં વિદ્યાર્થિનીઓ, વાલીઓ ઉપરાંત શિક્ષિકાબહેનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્યાશ્રી દ્વારા ડૉ. જૈનિશાબહેનનું મેમેન્ટો આપી સ્વાગત કરવામાં આવ્યું હતું અને અંતમાં આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સેમિનારનું આયોજન W.D.C.નાં કન્વીનર શ્રીમતી સુધાબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં W.D.C.ના ઉપક્રમે ધોરણ ૬થી ૮ ની વિદ્યાર્થીનિઓને આરોગ્ય માટે યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુથી ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના માનસશાસ્ત્રી ડૉ. નૂરીનબહેન ચૌધરી, મનોચિકિત્સક ડૉ. વિધિબહેન મોદી તથા નર્સની ફરજ બજાવતાં શ્રી મનીષાબહેન પટેલને આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. ડૉ. વિધિબહેન મોદીએ માનસિક રોગ, ટેન્શન, ટેન્શનથી થતા રોગો, ડિપ્રેશન, વ્યસન અને વ્યસનથી થતા નુકસાન વિશે અને ડૉ. નૂરીનબહેન ચૌધરીએ ડિપ્રેશનની અસરો, આત્મહત્યા કરતાં અટકાવવા, ડાયાબિટીસ, ઇન્ટરનેટ એડિકશન વિશે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમના તરફથી વિદ્યાર્થિનીઓને કિટ પણ આપવામાં આવી હતી. શાળા મહેમાનોનું સ્વાગત કરી સ્મૃતિચિહ્ન આપીને નવાજવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત તા. ૨૯ ડિસેમ્બરના રોજ 'નારી શક્તિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિનીઓમાં જોમ, જુસ્સો, તાકાત, શક્તિ ઉમેરાય તેમ જ નારી શક્તિ વિશે સમજ કેળવાય તે હેતુસર ધોરણ ૮ની કેટલીક વિદ્યાર્થિનીઓએ નારી વિષયક વક્તવ્યો અને ગીતો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા શ્રી અર્ચનાબહેન પટેલ તથા શિક્ષિક શ્રી આશિષભાઈ વસાવાએ કર્યું હતું.

**પદ્મશ્રી કુમારપાળ દેસાઈના નેતૃત્વ હેઠળ હવે ઑનલાઇન ઉપલબ્ધ થશે ગુજરાતી વિશ્વકોશ**

ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા) પ્રગટ કરનાર ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ૧૯૮૭થી ૨૦૦૯ સુધીના બાવીસ વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન કર્યું. ૧૭૦ જેટલાં વિષયો સમાવતાં ૨૪,૦૮૩ લખાણોવાળો ગુજરાતી વિશ્વકોશ ગુજરાતનો સૌથી મોટો જ્ઞાનસાગર બની રહ્યો. એ પછી વર્તમાન સમયને અનુલક્ષીને છેલ્લાં સાતેક વર્ષથી ગુજરાતી વિશ્વકોશના ૨૪,૦૦૦થી વધુ લખાણો ઑનલાઇન મૂકવાનો પ્રકલ્પ ચાલતો હતો. જેને પરિણામે સવા કરોડની શબ્દસંખ્યા ધરાવતો આ વિશ્વકોશ હવે ઑનલાઇન ઉપલબ્ધ થયો છે. શ્રી કુમારપાળ દેસાઈના નેતૃત્વ હેઠળ અને ઇન્ફર્મેશન ટૅક્નોલૉજીના અનુભવી પૂર્વીન દેસાઈના કાર્ય સાથે વિશ્વકોશે આ યોજના સાકાર કરવા માટે એક અલાયદી ટીમ બનાવી અને એ દ્વારા ગુજરાતી ભાષામાં ૮,૩૬૦ માનવવિદ્યાના, ૮,૦૮૩ વિજ્ઞાનના, ૭,૬૪૦ સમાજવિદ્યાના, ૭,૬૪૭ લઘુચરિત્રો તેમજ ૫,૦૬૩ વિસ્તૃત વ્યાપ્તિ લેખો અને ૨,૦૪૬ અનુદિત લેખો હવે ગુજરાતની પ્રજાને ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ ઑનલાઇન વિશ્વકોશના દરેક વૉલ્યુમમાં એ ગ્રંથ જે વર્ષે પ્રકાશિત થયો હોય તેનું વર્ષ મળશે, જેથી એનો ખ્યાલ આવશે કે કયા સમય સુધીની માહિતી આ અધિકરણમાંથી ઉપલબ્ધ થશે. આ ગ્રંથો વિશ્વકોશના અધિકરણના શીર્ષકથી, લેખકના નામથી કે એના વિષયથી 'સર્ચ' કરીને એમ ત્રણ રીતે એની માહિતી મેળવી શકાશે. જ્યારે લેખકના નામથી સર્ચ થાય, તે વખતે એ નામ જે જે લેખમાં આવતું હશે, એ લેખ પણ તમને સાથે દેખાશે. આ સામગ્રી મોબાઇલમાં પણ ગુજરાતી કી-બોર્ડ ઇન્સ્ટોલ કર્યા પછી ઑનલાઇન જોઈ શકાશે. આમ કમ્પ્યૂટર, લૅપટોપ કે મોબાઈલમાં આ ચોવીસ હજારથી વધુ લખાણો પ્રાપ્ત થશે. ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતો ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિગત સમૃદ્ધ રસપૂર્ણ અધિકૃત પરિચય આમાંથી પ્રાપ્ત થશે તેમજ નિષ્ણાતો દ્વારા લખાયેલાં સ્વતંત્ર લેખોથી વિશ્વ વિશે અને ભારત વિશે અદ્યતન અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થશે. સમૃદ્ધ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સંત સ્વામીશ્રી માધવપ્રિયદાસજી તથા જાણીતા વિજ્ઞાની પંકજ જોશીએ ગુજરાતી ભાષામાં વર્તમાન યુગને અનુસરીને વિશ્વકોશને ઑનલાઇન મૂકવાના વિરાટ કાર્ય સિદ્ધ થવા માટે વિશ્વકોશ ટ્રસ્ટને અભિનંદન આપ્યાં હતાં અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વકોશના કાર્યવાહકો કુમારપાળ દેસાઈ, પી. કે. લહેરી, પ્રકાશ ભગવતી, પ્રીતિ શાહ, મનુભાઈ શાહ, પૂર્વીન દેસાઈ અને નલિની દેસાઈ સાથેની મુલાકાતમાં પોતાનો આનંદ પ્રગટ કર્યો હતો.

આપ કમ્પ્યૂટર, લેપટોપ કે મોબાઈલમાં આ gujarativishwakosh.org પ્રમાણે લખીને ગુજરાતી વિશ્વકોશ ઓનલાઈન જોઈ શકશો.


સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર

**વર્ષ : ૧૨, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૨૨, સળંગ અંક : ૬૭**

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**

ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

# નોબેલ પુરસ્કાર વિજેતા ડૉ. સી. વી. રામન તસવીરોમાં



President Rajendra Prasad inaugurates the Seventeenth Annual Meeting of the Indian Academy of Sciences on December 27, 1951 in Delhi. Raman is seated on the left. (Photo courtesy : The Hindu)



Sir C. V. Raman
(1888 - 1970)



Sir John Anderson, C. V. Raman, V. K. Krishna Menon and Sir Charles Darwin at a receptioon in honour of Raman by the High Commissioner in London, May 11, 1948.
(Photo courtesy : The Hindu.)



Prime Minister Nehru and C. V. Raman, with K. Hanumanthayya, Chief Minister of Karnataka, in the centre. Picture taken at the residency in Bangalore circa 1957.



Group photo taken at the 1968 Annual Meeting of IASc in Ahmedabad. Celebrating Raman's 80th birthday.



ગુજરાત સરકાર દ્વારા એનાયત કરવામાં આવતો જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો વર્ષ ૨૦૨૧નો ઍવૉર્ડ (રૂપિયા એક લાખનો પુરસ્કાર) 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ', ગાંધીનગરને ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. ભરત વાઢેર શાળાનાં પ્રિન્સિપાલ ડૉ. ચેતના બુચને એનાયત કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 12, Issue No. 1 January-February 2022**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



**રાષ્ટ્રનું ગૌરવ**

નોબેલ અવૉર્ડ વિજેતા કાકા-ભત્રીજા, સી. વી. રામન (૧૯૩૦) અને સુબ્રહ્મણ્યન ચંદ્રશેખર (૧૯૮૩)

